# ભાવનગરના ચકચારી લઠ્ઠાકાંડનો માસ્ટરમાઇન્ડ રાજસ્થાનથી ઝડપાયો, આઠમી સુધી રિમાન્ડ પર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લામાં દોઢ મહિના પહેલાં સર્જાયેલી લઠ્ઠાકાંડની ચકચારી ઘટનાનો મુખ્ય સૂત્રધાર આખરે પોલીસ પાંજરે પૂરાયો છે. રાજસ્થાન એટીએસની મદદથી એસએમસીએ રાજસ્થાની શખ્સને દબોચી લઈ ૮ ઓક્ટોબર સુધીના રિમાન્ડ મેળવ્યા છે. ભાવનગરમાં ગત ઓગસ્ટ માસના બીજા પખવાડિયામાં મિથેનોલ યુક્ત ઝેરી દારૂ પીવાથી લોકોનાં ટપોટપ મોત થવા લાગ્યા હતા. ઘણાં લોકોને ઝેરી દારૂની અસર થતાં હૉસ્પિટલ ખસેડવા પડ્યા હોઈ, પ્રારંભમાં હળવાશથી લેનારી પોલીસ સફાળી જાગી હતી અને ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ મુખ્ય આરોપી ગૌતમ સોલંકી સહિત ૨૧ શખ્સો સામે વરતેજ પોલીસમાં ગુનો રજિસ્ટર કર્યો હતો.

બીજી તરફ લઠ્ઠાકાંડના મૂળ સુધી પહોંચવા ડીજીપી જી.એસ.મલિકે ગુનાની તપાસ સ્ટેટ મોનિટીરંગ સેલને સોંપતા પીઆઈ એસ.એમ. જાડેજા અને તેમની ટીમે તપાસનો ધમધમાટ આદરી એક પછી એક ૪૧ શખ્સોને ઉઠાવી લઈ તપાસનો દોર અન્ય રાજ્યો સુધી લંબાવ્યો હતો. ઝડપાયેલા શખસોની પૂછતાછમાં રાજસ્થાનનો લાડુ લાલ ઉર્ફે ગણેશ શ્યામલાલ બારોલ નામના શખસની સંડોવણી પણ બહાર આવી હતી. આ શખસ મુખ્ય આરોપી ગૌતમ સોલંકી સાથે સંપર્કમાં રહી શોર્ટકટથી પૈસા કમાવાની લાલચમાં ગૌતમના ઘરે દારૂ બનાવવાનું નક્કી કરી, નકલી દારૂ (લઠ્ઠો) બનાવવા, પેકીંગ કરવા માટેની જરૂરી ચીજવસ્તુઓ પૂરી પાડી હતી. બાદમાં લઠ્ઠાકાંડ સર્જાતા નકલી ઝેરી દારૂ પીવાથી લોકોના મોત થતું હોવાની જાણ થતાં શખ્સ ગુજરાત છોડી નાસી ગયો હતો.

આ શખસ પણ મુખ્ય સૂત્રધાર હોય, પોલીસે તેની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કરી આખરે ૪૩ જેટલા દિવસની શોધખોળના અંતે રાજસ્થાન એટીએસની મદદ લઈ તેની ધરપકડ કરી લીધી હતી અને કોર્ટમાં રજૂ કરી તા. ૮-૧૦ સુધીના રિમાન્ડ મેળવ્યા હતા. લઠ્ઠાકાંડના બનાવ બાદ ગુજરાત છોડી ભાગતા પહેલા રાજસ્થાનના લાડુ લાલ ઉર્ફે ગણેશ બારોલે તેના શૈતાની દિમાગનો ઉપયોગ કરી પોલીસને કોઈ પુરાવા ન મળે તે માટે અન્ય આરોપીઓનો સંપર્ક કરી મોબાઈલ ફોન અને અન્ય પુરાવા નાશ કરવા કહ્યું હતું. લાડુ લાલ ઉર્ફે ગણેશ બારોલ પણ ગૌતમ સોલંકીના પાપનો પૂરો ભાગીદાર છે. ઝેરી દારૂ બનાવી તેના પેકીંગ માટે ઉપયોગમાં લેવાતા પૂંઠા, કાચની ખાલી બોટલો, ઢાંકણા, સ્ટીકર વગેરે મટીરિયલ્સને અલગ-અલગ જગ્યાએથી ભેગું કરી લાડુ જ ભાવનગર મોકલતો હતો.

# ગુજરાતમાં યુનિફોર્મ સિવિલ કોડનો માર્ગ મોકળો: રાષ્ટ્રપતિની મંજૂરી બાદ ગેઝેટ પ્રસિદ્ધ થતાં અમલની પ્રક્રિયા તેજ બની

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ મંજૂરી આપ્યા બાદ ગુજરાત યુનિફોર્મ સિવિલ કોડનું ગેઝેટ પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. સરકાર તરફથી કાયદાના અમલ અંગે ગેઝેટ બહાર પડ્યા બાદ, હવે કાયદાના પૂર્ણ અમલીકરણ માટેની આગળની તમામ કાનૂની અને વહીવટી પ્રક્રિયાઓને ઝડપથી આગળ વધારવામાં આવશે. યુસીસીનો હેતુ લગ્ન, છૂટાછેડા, વારસો, ભરણપોષણ અને લિવ-ઇન સંબંધો જેવા વ્યક્તિગત નાગરિક મામલાઓ માટે ધર્મ આધારિત અલગ-અલગ જોગવાઈઓને બદલે એકસમાન કાનૂની માળખું ઊભું કરવાનો છે. ગુજરાત વિધાનસભાએ માર્ચ ૨૦૨૬માં બિલ પસાર કર્યું હતું.

આ નવો કાયદો રાજ્યમાં તેમજ રાજ્ય બહાર રહેતા નાગરિકોને લાગુ પડશે. બંધારણની કલમ ૩૬૬(૨૫) અને ૩૪૨ હેઠળ આવતા અનુસૂચિત જનજાતિ તથા બંધારણના ભાગ-૨૧ હેઠળ રક્ષિત પરંપરાગત અધિકારો ધરાવતા જૂથોને આ કાયદાની જોગવાઈઓમાંથી મુક્તિ આપવામાં આવી છે.

૧ ઑક્ટોબરના ગેઝેટમાં પ્રકાશિત યુનિફોર્મ સિવિલ કોડ લગ્ન, છૂટાછેડા, વારસો, લિવ-ઇન સંબંધો અને તેની સાથે જોડાયેલી બાબતોને નિયંત્રિત કરવા માટેનો કાયદો છે. મૂળ બિલમાં સ્પષ્ટ છે કે તેનું નામ ગુજરાત યુનિફોર્મ સિવિલ કોડ, ૨૦૨૬ રહેશે અને તે રાજ્ય સરકાર ગેઝેટમાં નોટિફિકેશન દ્વારા નક્કી કરે તે તારીખથી અમલમાં આવશે.

યુનિફોર્મ સિવિલ કોડ હેઠળ જો કોઈ વ્યક્તિ વસિયતનામું કર્યા વગર અવસાન પામે, તો તેની મિલકતની વહેંચણી માતા-પિતા, પત્ની અથવા પતિ અને બાળકો વચ્ચે સરખા ભાગે કરવામાં આવશે. જો મિલકતના માલિકનું અવસાન થાય અને તે સમયે બાળક ગર્ભમાં હોય, તો જન્મ પછી તે બાળકને પણ મિલકતમાં સમાન અધિકાર પ્રાપ્ત થશે. જો સીધા વારસદારો હયાત ન હોય તો મિલકત ભાઈ-બહેન વગેરેને મળશે. જો કોઈ પણ વારસદાર નહીં હોય તો સમગ્ર મિલકત સરકાર હસ્તક જશે.

આ ઉપરાંત લગ્ન સમયે બંને પક્ષકારો પૈકી કોઈનો પણ જીવનસાથી જીવિત ન હોવો જોઈએ, એટલે કે કાયદેસર રીતે એકસાથે બે લગ્ન કરી શકાશે નહીં. આમ દ્વપતિ કે દ્વિપત્ની પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. લગ્ન થયાના ૬૦ દિવસની અંદર તેની નોંધણી કરાવવી ફરજિયાત રહેશે. જો નિયત સમયમાં નોંધણી ન કરાવવામાં આવે તો રૂ.૧૦,૦૦૦ થી રૂ. ૨૫,૦૦૦ સુધીનો દંડ થઈ શકે છે. તેમ જ લોહીનો સંબંધ હોય એવી વ્યક્તિ સાથે લગ્ન કરી શકાશે નહીં.

# ગુજરાતભરમાં વેપારીઓએ 'નો યુપીઆઈ ડે' ઉજવ્યો: ક્યૂઆર કોડને કાળું કપડું પહેરાવી વિરોધ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સરકાર દ્વારા યુપીઆઈ પેમેન્ટ પર લાદવામાં આવેલા ચાર્જ અને ટેક્સના વિરોધમાં ગુજરાતભરમાં વેપારીઓએ નો યુપીઆઈ ડે ઉજવ્યો હતો. તેમજ સાઉન્ડ બોક્સ અને ક્યૂઆર કોડ પર કાળું કપડું પહેરાવીને વિરોધ વ્યક્ત કર્યો હતો. રાજ્યભરમાં શુક્રવારે દુકાનદારો અને વેપારીઓએ યુપીઆઈ દ્વારા ડિજિટલ ચુકવણી સ્વીકારવાનું સંપૂર્ણપણે બંધ રાખી માત્ર રોકડમાં જ વ્યવહારો શરૂ રાખ્યા હતા. આ આંદોલનને કારણે એક જ દિવસમાં કરોડો રૂપિયાના ડિજિટલ ટ્રાન્ઝેક્શન પ્રભાવિત થયા હતા.

મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટમાંથી સંપૂર્ણ મુક્તિ આપવાની માગ સાથે શરૂ થયેલા વિરોધ પ્રદર્શનમાં રાજ્યમાંથી આશરે ૬૦૦ જેટલાં નાનાં-મોટાં ટ્રેડર્સ યુનિયનો જોડાયાં હતાં. ઓટોમોબાઇલ એસોસિયેશન, મોબાઇલ અને ટેલિકોમ યુનિયન, કન્ઝ્યુમર ઇલેક્ટ્રોનિક્સ યુનિયન, ટેક્સટાઇલ અને કાપડ માર્કેટ તથા સોના-ચાંદી અને જ્વેલરી માર્કેટ વિરોધમાં જોડાયા હતા.

અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા, જામનગર, અમરેલી સહિત રાજ્યના મોટાભાગનાં શહેરોમાં સવારથી જ વેપારીઓનો અનોખો વિરોધ જોવા મળ્યો હતો. વેપારીઓએ પોતાની દુકાનો અને કાઉન્ટર પર રાખેલા ક્યૂઆર કોડ સ્કેનર તેમજ સાઉન્ડ બોક્સ મશીનો પર કાળું કપડું ઢાંકી દીધું હતું.

આ સાથે ગ્રાહકોની જાણ ખાતર કાઉન્ટર પર નો યુપીઆઈ લખેલાં પોસ્ટરો અને બેનરો લગાવી દેવાયાં હતાં. ગ્રાહકોને માત્ર રોકડમાં ચુકવણી કરવા જ વિનંતી કરવામાં આવી હતી. જેને પગલે અચાનક ખરીદી કરવા નીકળેલા ગ્રાહકોને પણ હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

# અમરેલીમાં પાંચ લોકો પર હુમલો કરનારી સિંહણ આખરે પાંજરે પુરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમરેલી: જિલ્લાના વડિયા તાલુકાના અરજણસુખ ગામની સીમ વિસ્તારમાં સિંહણ દ્વારા સતત હુમલાની ઘટનાઓ બહાર આવ્યા બાદ સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો.

એક બાદ એક કુલ પાંચ વ્યક્તિ પર હુમલો કરનાર સિંહણને આખરે વનવિભાગની ટીમે ઝડપી પાડી હતી. લોકો ઉપર વધુ હુમલા થવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને વનવિભાગે તાત્કાલિક ઓપરેશન હાથ ધર્યું હતું.

અરજણસુખ ગામની સીમ વિસ્તારમાં સિંહણ છેલ્લા કેટલાક સમયથી આક્રમક વર્તન કરી રહી હતી. શરૂઆતમાં બે રાહદારીઓ પર હુમલો કર્યા બાદ બે ખેડૂતને પણ નિશાન બનાવવામાં આવ્યા હતા. ત્યારબાદ વનવિભાગના કર્મચારી ઉપર પણ હુમલો થતાં વનવિભાગ માટે પણ આ ઘટના ગંભીર બની હતી. સતત હુમલાઓને પગલે ગ્રામજનોમાં ભારે ફફડાટ ફેલાયો હતો અને ખેડૂતો તથા ખેતમજૂરો સીમ વિસ્તારમાં જતા પણ ભય અનુભવી રહ્યા હતા.

પરિસ્થિતિ ગંભીર બનતાં વનવિભાગે સિંહણને પકડવા માટે વિશેષ ઓપરેશન હાથ ધર્યું હતું. ડીસીએફ ચિરાગ અમીનના માર્ગદર્શન હેઠળ વનવિભાગની ટીમ અરજણસુખની સીમમાં પહોંચી હતી. સિંહણ આક્રમક સ્થિતિમાં હોવાથી ઓપરેશન દરમિયાન વનકર્મીઓ માટે પણ જોખમ ઊભું થયું હતું. તેમ છતાં ગ્રામજનોની સુરક્ષાને પ્રાથમિકતા આપીને ટીમે સાવચેતીપૂર્વક સિંહણને શોધી કાઢી હતી.

સિંહણને નિયંત્રિત કરવા માટે નિષ્ણાત ડૉક્ટર ટીમની મદદ લેવામાં આવી હતી. એસીએફ રાજન જાદવ સહિત વન વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ પણ સમગ્ર ઓપરેશનમાં જોડાયા હતા. લાંબી કવાયત બાદ સિંહણને ટ્રાન્ક્યુલાઈઝ કરવામાં સફળતા મળી હતી.

સિંહણને ટ્રાન્ક્યુલાઈઝ કર્યા બાદ તેને સુરક્ષિત રીતે પાંજરામાં પૂરવામાં આવી હતી. સિંહણ ઝડપાઈ જતા અરજણસુખ ગામના ગ્રામજનો તેમ જ સીમ વિસ્તારમાં રહેતા ખેડૂતો અને ખેતમજૂરોમાં પણ રાહતનો માહોલ જોવા મળ્યો હતો.

વનવિભાગ દ્વારા હવે સિંહણની તબીબી તપાસ કરવામાં આવશે. તેની શારીરિક સ્થિતિ, ઈજા, બીમારી તેમ જ અન્ય આરોગ્ય સંબંધિત બાબતોની તપાસ બાદ સિંહણના આક્રમક વર્તન અંગે પણ માહિતી મેળવવાનો પ્રયાસ કરવામાં આવશે.

સૌથી મહત્ત્વનો સવાલ એ છે કે સામાન્ય રીતે માનવોથી દૂર રહેતું વન્યપ્રાણી અચાનક આટલું આક્રમક કેમ બન્યું અને એક પછી એક પાંચ વ્યક્તિ પર હુમલો શા માટે કર્યો? સિંહણની હેલ્થ ચકાસણી બાદ તેના વર્તન પાછળનું કારણ જાણવા વનવિભાગ દ્વારા તપાસ કરવામાં આવશે.

સિંહણ બીમાર હતી કે નહીં, તેને કોઈ ઈજા હતી કે નહીં અથવા અન્ય કોઈ પરિસ્થિતિને કારણે તેનું વર્તન બદલાયું હતું કે કેમ તે અંગે પણ તપાસ કરવામાં આવશે. તબીબી તપાસ અને વનવિભાગના નિરીક્ષણ બાદ સમગ્ર ઘટનાની વધુ હકીકત સામે આવી શકે છે.

# પૂર્વ કચ્છ પોલીસ બેડામાં મોટો ફેરબદલ: છ પીઆઇની આંતરિક બદલી, શાખાઓના ચાર્જ બદલાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પૂર્વ કચ્છ પોલીસ વિભાગમાં વહીવટી કાર્યક્ષમતા અને જાહેર હિતને ધ્યાનમાં રાખીને લાંબા સમય બાદ પોલીસ ઇન્સ્પેક્ટર કક્ષાના અધિકારીઓની આંતરિક બદલીના ઓર્ડર જાહેર કરવામાં આવ્યા છે. પોલીસ વડા દ્વારા છ પીઆઈની બદલી સાથે વિવિધ શાખાઓના વધારાના હવાલામાં પણ મહત્ત્વપૂર્ણ ફેરફારો કરવામાં આવ્યા હતા.

આદેશ અનુસાર, પૂર્વ કચ્છમાં ફરજ બજાવતા મહિલા પીઆઈ એન. બી. ડોડિયાની આઈ.યુ.સી.એ.ડબલ્યુ. ખાતે બદલી કરવામાં આવી છે. આ ઉપરાંત તેમને કંડલા એરપોર્ટ તેમજ એન્ટિ નાર્કોટિક્સ વિંગનો વધારાનો ચાર્જ પણ સોંપાયો હતો. આર્થિક ગુના નિવારણ સેલના પીઆઈ જે. એમ. જાડેજાની દુધઈ પોલીસ મથકે બદલી કરાઈ છે. આદિપુર પોલીસ મથકના પીઆઈ એમ. સી. વાળાને સ્પેશ્યલ ઓપરેશન ગ્રૂપમાં મૂકવામાં આવ્યા છે, જ્યારે લીવ રિઝર્વમાં રહેલા પીઆઈ એન. એન. કરમિયાને આદિપુર પોલીસ મથકની કમાન સોંપાઈ છે. આઈ.યુ.સી.એ.ડબલ્યુ.ના પીઆઈ જી. એ. સોલંકીની ગાગોદર ખાતે અને ગાગોદરના પીઆઈ એમ. જે. હુણની આર્થિક ગુના નિવારણ સેલમાં બદલી કરવામાં આવી છે. કંડલા એરપોર્ટના પી.આઈ એમ.જી. પરમારની બાલાસર ખાતે અપગ્રેડ થયેલા નવા પોલીસ મથકે નિમણૂક કરવામાં આવી છે.

વધારાના ચાર્જની ફાળવણીમાં, સાયબર ક્રાઇમના પીઆઈ બી. વી. બોરીસાગરને એસઓજીના વધારાના હવાલામાંથી મુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે એમઓબી શાખાના પીઆઈ એસ. પી. જાડેજાને અરજી શાખાનો વધારાનો હવાલો સોંપાયો છે. તમામ બદલી પામેલા પોલીસ અધિકારીઓને તાત્કાલિક અસરથી પોતાની નવી નિયુક્તિના સ્થળે હાજર થઈ ચાર્જ સંભાળી લેવા સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું.

# ગુજરાતની ટ્રેનોમાં કન્ફર્મ ટિકિટનું કૌભાંડ: ડમી નામોથી સીટો બ્લોક કરી મુસાફરો સાથે છેતરપિંડીનો આક્ષેપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દિવાળી પર ગુજરાતમાંથી ઉપડતી તમામ ટ્રેનોમાં બુકિંગ હાઉસફૂલ થઈ ગયું છે. આ દરમિયાન ગુજરાતમાંથી ઉપડતી ટ્રેનોમાં ડમી બુકિંગ,બલ્ક રિઝર્વેશન અને અન્ય મુસાફરોને ટિકિટ પધરાવવાની ફરિયાદ ઉચ્ચ રેલવે અધિકારીઓને કરવામાં આવી છે. મળતી વિગત પ્રમાણે, દિવાળીના ધસારા પહેલાં ગુજરાતમાંથી ઉપડતી વિવિધ ટ્રેનોમાં બુકિંગ કૌભાંડ આચરવામાં આવી રહ્યું હોવાનો ગંભીર આક્ષેપ થયો છે. રેલવેના ઉચ્ચ અધિકારીઓને કરવામાં આવેલી એક ફરિયાદમાં દાવો કરવામાં આવ્યો છે કે ડમી અથવા કથિત નકલી નામો હેઠળ સીટો બ્લોક કરવામાં આવી રહી છે અને પાછળથી તે સીટો અન્ય મુસાફરોને ઓફર કરવામાં આવે છે.

આ ફરિયાદમાં અમદાવાદ, સાબરમતી, ગાંધીનગર અને નજીકના સ્ટેશનો પરથી જમ્મુ, કટરા, દિલ્હી, ચંદીગઢ, હિમાચલ પ્રદેશ, કાશ્મીર અને કેરળ તરફ જતી ટ્રેનોનો સમાવેશ થાય છે. તેમાં આક્ષેપ કરાયો છે કે કેટલાક ટૂર ઓપરેટરો અને રેલવે એજન્ટો દિવાળી ટ્રાવેલ પેકેજના ભાગરૂપે ગેરંટેડ કન્ફર્મ રેલવે ટિકિટ ઓફર કરી રહ્યા છે, જ્યારે કે રેલવે દ્વારા તેમને કોઈ વિશેષ કોચ કે સીટ ક્વોટા ફાળવવામાં આવ્યો નથી.

આરોપો મુજબ, ડમી નામોનો ઉપયોગ કરીને એડવાન્સમાં ટિકિટ બુક કરવામાં આવે છે અને ટ્રેન ઉપડવાના થોડા સમય પહેલાં જ તે મૂળ મુસાફરોને સોંપવામાં આવે છે. મુસાફરોને કથિત રીતે એવું કહેવામાં આવે છે કે તેમનું મૂળ બુકિંગ કન્ફર્મ થઈ શક્યું નથી, પરંતુ ત્યારબાદ તેમને અન્ય વ્યક્તિના નામે કન્ફર્મ ટિકિટ આપવામાં આવે છે. આ ફરિયાદમાં મુસાફરી દરમિયાન ઓળખની ચકાસણી સામે પણ સવાલો ઉઠાવવામાં આવ્યા છે.

આ ફરિયાદમાં ટ્રેન, રૂટ, મુસાફરીની તારીખો અને શંકાસ્પદ બલ્ક બુકિંગની અંદાજિત વિગતો આપવામાં આવી છે. જે ટ્રેનો અંગે શંકા દર્શાવાઈ છે તેમાં સાબરમતી જમ્મુ તાવી એક્સપ્રેસ, હાપા કટરા એક્સપ્રેસ, જામનગર કટરા એક્સપ્રેસ, સર્વોદય એક્સપ્રેસ, જેએટી વિવેક એક્સપ્રેસ, સાબરમતીકટરા એક્સપ્રેસ, ગાંધીનગર કેપિટલ દૌલતપુર ચોક એક્સપ્રેસ, આશ્રમ એક્સપ્રેસ, યોગા એક્સપ્રેસ, સાબરમતી નવી દિલ્હી રાજધાની અને સાબરમતી બનારસ સુપરફાસ્ટનો સમાવેશ થાય છે. ૫ થી ૧૫ નવેમ્બર દરમિયાન, અરજદારનો અંદાજ છે કે ટ્રેન દીઠ આશરે ૧૦૦ થી ૧૨૦ સ્લીપર અને ૪૦ થી ૪૦ એસી સીટો શંકાસ્પદ રીતે બુક કરવામાં આવી હોઈ શકે છે. રાજધાની એક્સપ્રેસ જેવી ટ્રેનોમાં પણ આશરે ૬૦ જેટલી સીટોનું બલ્ક બુકિંગ થયું હોવાનું સામે આવ્યું છે. આ આંકડા અરજદાર દ્વારા આપવામાં આવેલા અંદાજ છે અને તેની સ્વતંત્ર રીતે પુષ્ટિ થઈ નથી. કેરળ તરફ જતા રૂટ પર, ૬ થી ૧૩ નવેમ્બર વચ્ચેની ઘણી ટ્રેનોની ચકાસણી કરવાની માગ કરવામાં આવી છે, જેમાં દરરોજ આશરે ૧૦૦ જેટલી શંકાસ્પદ સીટો બુક થવાનો આક્ષેપ છે. એવો પણ આક્ષેપ છે કે ગુજરાતથી શરૂ થતી મુસાફરીની ટિકિટો રાજસ્થાનના પીઆરએસ કાઉન્ટરો અથવા એજન્ટો દ્વારા બુક કરવામાં આવી હતી.

# ગુજરાતમાં વરસાદની વિદાય વચ્ચે ઑક્ટોબરમાં પણ સામાન્યથી વધારે તાપમાન રહેશે

અમદાવાદ: ગુજરાતમાંથી ચોમાસાની વિદાયની શરૂઆત થઈ ગઈ છે. રાજ્યમાં સિઝનનો સરેરાશ ૮૯ ટકા વરસાદ પડ્યો છે, એટલે કે હજુ પણ ૧૧ ટકા વરસાદની ઘટ છે. આ દરમિયાન હવામાન વિભાગે રાજ્યમાં ઑક્ટોબર મહિનામાં પણ સામાન્યથી વધારે તાપમાન રહેવાની આગાહી કરી હતી. હવામાન વિભાગ મુજબ, ગુજરાતમાં આગામી સાત દિવસ દરમિયાન વાતાવરણ સૂકું રહેવાની શક્યતા છે. રાજ્યમાં હાલમાં વરસાદ લાવે તેવી કોઈ નવી સિસ્ટમ સક્રિય નથી, જેના કારણે હવે વરસાદની શક્યતાઓ નહિવત બની ગઈ છે.હવામાન વિભાગ મુજબ, અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના શહેરોમાં તાપમાનનો પારો ઉંચકાશે. જેના કારણે સવારે ઠંડીનો અને બપોરે અંગ દઝાડતી ગરમીનો અનુભવ થશે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, પવનની દિશા ઉત્તર પશ્ચિમથી ઉત્તર તરફ રહેવાનું અનુમાન છે. જેના કારણે ભેજનું પ્રમાણ ઘટશે અને બપોરના સમયે ઉકાળા તથા ગરમીનો અનુભવ થશે. રાજ્યના મોટા ભાગના શહેરોમાં મહત્તમ તાપમાન આશરે ૩૬ ડિગ્રી સેલ્સિયસ થી ૩૭ ડિગ્રી સેલ્સિયસ અને લઘુતમ તાપમાન ૨૪ ડિગ્રી સેલ્સિયસ આસપાસ રહેવાની શક્યતા છે.

# બેરોજગારીના મુદ્દે પૂર્વ પ્રધાન જવાહર ચાવડા આક્રમક; સડેલી સિસ્ટમ બદલવા માટે રોજગાર સહાયતા અભિયાન શરૂ કરવાની જાહેરાત

જૂનાગઢ: પૂર્વ કેબિનેટ પ્રધાન જવાહર ચાવડાએ યુવાનોના રોજગાર અને બેરોજગારીના પ્રશ્ને રાજ્ય સરકાર અને તંત્ર સામે લાલ આંખ કરી છે. તેમણે જણાવ્યું હતું કે, ભાઈઓ અને બહેનો, આજે વાત તમારી મહેનત પર ફરતા પાણી અને સિસ્ટમની બેદરકારીની કરવી છે. દોઢ વર્ષ પહેલાં તેમણે યુવાનોની બેરોજગારી અંગે પોતાની ચિંતા વ્યક્ત કરી હતી અને વિવિધ વિસ્તારોમાં પ્રવાસ કરીને લોકોના દુઃખ-દર્દ સાંભળ્યા હતા.

આ પ્રવાસ દરમિયાન ગામડે-ગામડેથી ભુલભલૈયા સમાન સિસ્ટમનો ભોગ બનેલા યુવાનોનો આક્રોશ અને નારાજગી જોવા મળી હતી. આ તમામ ફરિયાદો અને પ્રશ્નો પર મનોમંથન કર્યા બાદ, બેરોજગારી દૂર કરવા અને આ સડેલી સિસ્ટમમાં સુધારો લાવવા માટે પૂર્વ મંત્રીએ માનનીય મુખ્યમંત્રીને પત્ર લખીને પરામર્શ હેતુ મુલાકાતનો સમય માગ્યો હતો, પરંતુ આજ દિન સુધી આ અંગે કોઈ પણ પ્રકારનો સંતોષકારક પ્રતિભાવ મળ્યો નથી.

# બહુચરાજી પેસેન્જર ટ્રેન શરૂ કરોની માગ સાથે શંખલપુરથી પદયાત્રા યોજાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઉત્તર ગુજરાતના સુપ્રસિદ્ધ શક્તિપીઠ અને યાત્રાધામ બહુચરાજીમાં વર્ષોથી બંધ પડેલી પેસેન્જર ટ્રેન સત્વરે શરૂ કરવાની માગ હવે આંદોલનનું સ્વરૂપ ધારણ કરી રહી છે. રેલવે લાઇનનું મીટરગેજમાંથી બ્રોડગેજમાં રૂપાંતર થયા બાદ લાંબા સમયથી મુસાફર ટ્રેન સદંતર બંધ રહેતાં સ્થાનિક રહીશો, વેપારીઓ અને માતાજીના દર્શનાર્થે આવતા લાખો શ્રદ્ધાળુઓમાં વહીવટી તંત્ર સામે ભારે નારાજગી ફેલાઈ છે. રેલવે પ્રશાસન અને સ્થાનિક તંત્ર ઊંઘમાંથી જાગે અને બહુચર માતાજી તેમને સદ્‌બુદ્ધિ આપે તેવા આશય સાથે કોંગ્રેસ દ્વારા શંખલપુરથી બહુચરાજી સુધી એક વિશેષ પદયાત્રા યોજવામાં આવી હતી.

બહુચરાજી રૂટ પર રેલવે લાઇનના બ્રોડગેજ કન્વર્ઝન બાદ આ ટ્રેક પર પેસેન્જર ટ્રેન દોડાવવા માટે જરૂરી તમામ સર્વે રેલવે વિભાગ દ્વારા અગાઉ પૂર્ણ કરી લેવાયો છે. તેમ છતાં આજદિન સુધી સામાન્ય જનતા માટે મુસાફર ટ્રેન શરૂ કરવામાં ન આવતાં રેલવે વિભાગની દાનત સામે સવાલો ઊભા થઈ રહ્યા છે. તંત્રની આ નિષ્ક્રિયતાના વિરોધમાં સ્થાનિક લોકો, સામાજિક અગ્રણીઓ અને વિપક્ષ દ્વારા વિરોધનો સૂર બુલંદ બનાવવામાં આવ્યો છે. નજીકમાં આવેલી ખાનગી કંપનીના પરિવહન અને ઔદ્યોગિક સુવિધા માટે માલગાડીઓ નિયમિત રીતે દોડાવવામાં આવી રહી છે.

# ડાયમંડ સિટીને પ્રથમ વંદે ભારત એક્સપ્રેસની ભેટ: સુરતથી ઉદયપુર માત્ર સાડા સાત કલાકમાં પહોંચી શકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગાંધી જયંતીના અવસરે દક્ષિણ ગુજરાતના ટેક્સટાઇલ અને ડાયમંડ હબ સુરતને તેની પ્રથમ સેમી-હાઇસ્પીડ વંદે ભારત ટ્રેનની મોટી ભેટ મળી હતી. સુરતથી સીધા રાજસ્થાનના પ્રવાસન ધામ ઉદયપુરને જોડતી આ આધુનિક ટ્રેનને કેન્દ્રીય જળશક્તિ પ્રધાન સી. આર. પાટીલે લીલીઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. આ ટ્રેન ૪ ઓક્ટોબરથી પોતાના નિયમિત ટાઈમટેબલ મુજબ પાટા પર દોડશે. આ ટ્રેન શરૂ થવાથી સુરત અને ઉદયપુર વચ્ચેનું અંતર માત્ર ૭ કલાક અને ૩૦ મિનિટમાં કાપી શકાશે.

આ વંદે ભારત ટ્રેનનું સમયપત્રક સુરતના હીરા અને કાપડ ઉદ્યોગ સાથે જોડાયેલા વેપારીઓ તેમજ સામાન્ય નાગરિકો માટે અત્યંત સુવિધાજનક રાખવામાં આવ્યું છે. મુસાફરો સવારે આ ટ્રેન મારફતે અમદાવાદ કે ઉદયપુર પહોંચી, દિવસભરનું કામ પતાવીને રાત્રે ૧૧ વાગ્યા સુધીમાં હેમખેમ સુરત પરત ફરી શકે તેવી ગોઠવવામાં આવી છે. ટ્રેનને બંને રાજ્યોના મહત્ત્વના ઔદ્યોગિક, વેપારી અને ધાર્મિક કેન્દ્રો પર સ્ટોપેજ ફાળવવામાં આવ્યા છે, જેના કારણે વેપારી વર્ગની સાથે સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી જતા શ્રદ્ધાળુઓ અને પર્યટકોને મોટો લાભ મળશે.સ્વદેશી ટેક્નોલોજીથી નિર્મિત આ વંદે ભારત ટ્રેન સંપૂર્ણ આધુનિક સુરક્ષા વ્યવસ્થા ધરાવે છે.

# અરવલ્લીમાં માફિયાઓએ પોલીસ પર ફાયરિંગ કર્યું, વળતા જવાબમાં પીઆઇએ ત્રણ રાઉન્ડ છોડ્યા

અમદાવાદ: અરવલ્લી જિલ્લાના માલપુર નજીક આવેલા મોરડુંગરી પાસે માદક પદાર્થોની હેરાફેરી કરતા શખ્સો અને પોલીસ વચ્ચે અથડામણની ઘટના બહાર આવી છે. અરવલ્લી પોલીસ દ્વારા પોશડોડા ભરેલી એક શંકાસ્પદ કારને રોકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, જે દરમિયાન આરોપીઓ દ્વારા નાસી જવાના ઈરાદે પોલીસ ટીમ પર ગોળીબાર શરૂ કરી દેવામાં આવ્યો હતો. આ સમગ્ર ઘટનામાં પોલીસે સ્વબચાવમાં વળતો જવાબ આપતા બંને પક્ષે સામસામે પાંચ રાઉન્ડ જેટલું ફાયરિંગ થયું હતું. આખરે એક આરોપીને પગના ભાગે ગોળી વાગતા તેને ઝડપી લેવામાં પોલીસને મોટી સફળતા મળી હતી. પોલીસે શંકાસ્પદ કારને રોકવાની કોશિશ કરતા જ બુટલેગરોએ પોલીસ પર બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. આ હુમલાનો સામનો કરતા અરવલ્લી લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી)ના પીઆઇ એમ.એચ. ઝાલાએ જવાબી કાર્યવાહી રૂપે ત્રણ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. ગોળીબારના આ અવાજોથી આસપાસનો વિસ્તાર ગુંજી ઉઠ્યો હતો. ફાયરિંગની આ ઘટનામાં એક આરોપીને પગમાં ગોળી વાગી જતાં તે ઘાયલ થયો હતો, જેને પરિણામે પોલીસે ભારે જહેમત અને જીવના જોખમે પણ આરોપીને દબોચી લીધો હતો અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ સામસામી અથડામણ અને ઝપાઝપીમાં પોલીસ અધિકારીઓ અને જવાનોને પણ ઈજાઓ પહોંચી છે. જેમાં એલસીબી પીઆઈ એમ.એચ. ઝાલા, પીએસઆઈ પી.પી. સોલંકી તેમ જ એએસઆઈ કલ્પેશભાઈ ઇજાગ્રસ્ત થયા હોવાનું જાણવા મળ્યું હતું. ઘટનાસ્થળેથી અને આરોપીની કારની તપાસ લેતા પોલીસને બે ઘાતક હથિયાર મળી આવ્યા હતા. પકડાયેલા આરોપી પાસેથી એક અને કારમાંથી બીજી એમ કુલ બે માઉઝર પિસ્તોલ જપ્ત કરવામાં આવી છે. ચોંકાવનારી બાબત એ છે કે, આ માદક પદાર્થોની હેરાફેરીના નેટવર્કમાં ફરી એકવાર કુખ્યાત બિશ્નોઇ ગેંગનું નામ પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, અરવલ્લી જિલ્લામાં છેલ્લા એક જ અઠવાડિયાની અંદર પોલીસનું આ સતત બીજું મોટું અને દિલધડક ઓપરેશન છે. એનડીપીએસ (નાર્કોટિક ડ્રગ્સ ઍન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ) ઍક્ટ હેઠળના ગુનાઓ ડામવા માટે અરવલ્લી પોલીસે હવે પોતાની ઝુંબેશ વધુ આક્રમક અને તેજ બનાવી દીધી છે.

# સુરતના પાંડેસરામાં છ મહિનાથી ચાલતું કૂટણખાનું ઝડપાયું: બે મહિલાને મુક્ત કરવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતના પાંડેસરામાં પોલીસે છ મહિનાથી ચાલતા કૂટણખાનાનો પર્દાફાશ કર્યો હતો. પોલીસે બે મહિલાને દેહવિક્રિયના ધંધામાંથી મુક્ત કરાવી હતી. તેમજ સંચાલકની ધરપકડ કરીને ત્રણ ઇસમોને વોન્ટેડ જાહેર કર્યા હતા. સુરત એન્ટિ હ્યુમન ટ્રાફિકિંગ યુનિટની ટીમને પાંડેસરામાં કુટણખાનું ચાલતું હોવાની બાતમી મળી હતી. જેના આધારે તપાસ કરતાં બાતમી સાચી હતી અને છ મહિનાથી આ ગોરખધંધો ચાલતો હોવાનું સામે આવ્યું હતું. શરીરસુખ માણવા આવતાં ગ્રાહકો પાસેતી ૧૦૦૦ રૂપિયા લેવામાં આવતા હતા. જેમાંથી માત્ર ૩૦૦ રૂપિયા મહિલાઓને આપવામાં આવતા હતા. જ્યારે બાકીના રૂપિયા સંચાલકો અને તેના સાથીઓ રાખી લેતા હતા. પોલીસે રેઇડ દરમિયાન રૂમમાંથી ૧૦૦૦ રોકડા, મોબાઇલ મળી કુલ રૂપિયા ૮૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ઉપરાંત બે મહિલાઓને દેહવ્યાપારની ચુંગાલમાં છોડાવી હતી.

# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૫ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 233 ■ વિક્રમ સંવત ૨૦૮૨

ભાદ્રપદ વદ-૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 3 October 2026, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૩ ઑક્ટોબર ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ


## ભારત માટે સોનેરી દિવસઃ ૬ ગોલ્ડ



મહિલા હૉકીમાં ૪૪ વર્ષે સુવર્ણ



બૉક્સર પરવીન હૂડા | બૉક્સર લવલીના બૉર્ગોહેઇન | બૉક્સર અંકુશ પંઘાલ | રેસલર સુજીત કલ્કલ



આર્ચરીમાં અંકિતા, કીર્તિ, કુમકુમ

### જ્ઞાનેશકુમારના રાજીનામાની માગણી સાથે

# મુંબઈથી દિલ્હી સુધી જબરજસ્ત આંદોલન








જંતર મંતર, નવી દિલ્હી

### મુંબઈમાં શિવાજી પાર્કમાં સીજેપીના એલાન પર હજારો લોકો વિરોધ કરવા ભેગા થયાઃ દિલ્હીમાં જંતર મંતર પર પણ આંદોલન, સેંકડો લોકોની અટક



શિવાજી પાર્ક, મુંબઈ

(અમય ખરાડે)

નવી દિલ્હીઃ મતદારયાદી સુધારણા પ્રક્રિયા (સ્પેશ્યલ ઇન્ટેન્સિવ રિવિઝન - 'સર')માંની કહેવાતી ગેરરીતિને મુદ્દે દેશના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારના રાજીનામાની માગણીને લઇને વિપક્ષો, કૉક્રૉચ જનતા પાર્ટી, અમુક વિદ્યાર્થી સંગઠનો દ્વારા દેશભરમાં શુક્રવારે વિરોધ-પ્રદર્શન યોજાયું હતું. મુંબઈમાં પોલીસની પરવાનગી વિના કૉક્રૉચ જનતા પાર્ટીના કાર્યકરો શિવાજીપાર્ક ખાતે ભેગા થયા હતા. દિલ્હીમાં જંતર મંતર ખાતે આમ આદમી પાર્ટીના નેતાઓ અને કેટલાક વિદ્યાર્થીઓ સહિત સેંકડોની પોલીસે અટક કરી હતી.દેશની રાજધાનીમાં આમ આદમી પાર્ટીના નેતાઓ - સૌરભ ભારદ્વાજ, સંજીવ ઝા, આતિશી અને સંજય સિંહની પણ અટકાયત કરાઇ હતી.દિલ્હીમાં પોલીસે આમ આદમી પાર્ટીના રાજ્યસભાના સાંસદ સંજય સિંહને દેખાવના સ્થળે જતાં પહેલાં નોર્થ એવેન્યુ ખાતે જ અટકાવ્યા હતા. વિદ્યાર્થી નેતા આઇશે ઘોષે જણાવ્યું હતું કે દિલ્હી પોલીસ શહેરમાં ગુના રોકવામાં નિષ્ફળ (જુઓ પાનું ૨) ▸▸

### 'જ્ઞાનુ તુઝા ડેમૉક્રસી વર ભરોસા નાય કાય?'

મુંબઈઃ દેશના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારના રાજીનામાની માગણીને લઇને શિવાજીપાર્ક ખાતે દેખાવ કરી રહેલા કૉક્રૉચ જનતા પાર્ટી અને અન્ય રાજકીય પક્ષોના સભ્યોએ ત્રિરંગો હાથમાં લઇને સૂત્રો પોકાર્યાં હતાં કે 'જ્ઞાનુ તુઝા ડેમૉક્રસી વર ભરોસા નાય કાય?', 'જ્ઞાનેશ બ્રૉ જસ્ટ રિઝાઇન' અને 'ગદ્દાર જ્ઞાનુ મસ્ટ ગો'. સાયનના એક વિદ્યાર્થીએ 'મેલડી' ચોકલેટના રૅપરથી બનાવેલી જ્વેલરી પહેરી હતી અને તેના બૅનર પર દેવનાગરી લિપિમાં લખાયું હતું કે 'ફ્રૉડ ડિટર્જન્ટ પાઉડર'. (એજન્સી)

## હું મુશ્કેલીમાં 'હનુમાન ચાલીસા'નો જાપ કરું છુંઃ સ્મિત મચ્છર

▸ મોદી સાથે વીડિયો કૉલ પર કહ્યું કે, દીકરાને 'ભગવદ્‌ગીતા'નું જ્ઞાન આપીને ઉછેર્યો છે ▸ ભારતીયો 'જાન લેનારા નહિ, પરંતુ જાન બચાવનારા' છેઃ મોદી



નવી દિલ્હીઃ ફ્લાયદુબઇના કેપ્ટન પાઇલટ સ્મિત મચ્છરે શુક્રવારે ઘટનાનું વર્ણન વડા પ્રધાન નરેન્દ્ર મોદીને કરતા જણાવ્યું હતું કે હું જ્યારે પણ મુશ્કેલીમાં હોઉં ત્યારે 'હનુમાન ચાલીસા' બોલું છું. હું ફ્લાઇટમાંના અન્ય મોતના મોંમાં ન જાય, તેનું ધ્યાન રાખવા કૃતનિશ્ચય હતો. મારા સાથી પાઇલટે મારા પર હુમલો કર્યો તે પછી બચેલી તાકાતથી હું વિમાનને બચાવવામાં સફળ થયો હતો. મોદીએ સ્મિત મચ્છરની માતા સાથે પણ વાત કરી હતી. માતાએ જણાવ્યું હતું (જુઓ પાનું ૨) ▸▸

### 'જય શ્રીકૃષ્ણ, ચાલો થોડી ગુજરાતીમાં પણ વાત કરી લઈએ...'

#### વડા પ્રધાને હીરો પાઇલટ સાથે માતૃભાષામાં કરેલી વાતચીતના કેટલાક અંશ

**પીએમ મોદીઃ** જય શ્રીકૃષ્ણ, ચાલો થોડું ગુજરાતીમાં પણ વાત કરી લઈએ.

**સ્મિતઃ** જય શ્રીકૃષ્ણ, સર.

**પીએમ મોદીઃ** બોબી અને જેવા (સ્મિતનાં સંતાનો) ગુજરાતી બોલે છે કે નથી બોલતા

**સ્મિતઃ** બંને ગુજરાતી બોલે છે. તેમને પહેલાં ગુજરાતી શીખવાડ્યું પછી જ અંગ્રેજી શીખવાડ્યું.

**પીએમ મોદીઃ** તમને જાણ નહીં હોય લોકો સાવરકુંડલામાં, વઢવાણમાં બધે જ એક એવું ભાવુક (જુઓ પાનું ૨) ▸▸

## 'ત્રાસવાદી' પાઇલટને ઈરાન સાથે સંબંધ હોવાની છે શંકાઃ ટ્રમ્પ

### તહેરાન પર મોટા પાયે હુમલા કરવાની અમેરિકાની ધમકી

જેરુસલેમઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ગુરુવારે ધમકી આપી હતી કે દુબઈથી તેલ અવીવની ફ્લાઇટમાં સાથી ભારતીય પાઇલટ પર હુમલો કરનારા ઓમાનના પાઇલટને તહેરાન સાથે 'સંબંધ' હોવાની અમને શંકા છે. આ બાબતમાં વધુ તપાસ (જુઓ પાનું ૨) ▸▸

## ફ્લાયદુબઇ હુમલો આતંકવાદી કૃત્યઃ યુએઇ

### ભારતીય પાઇલટ સ્મિત મચ્છરની પણ ભારોભાર પ્રશંસા કરી

દુબઇઃ સંયુક્ત આરબ અમીરાત (યુએઇ)ના પ્રમુખના સલાહકારે ફ્લાયદુબઇ ફ્લાઇટ એફઝેડ૧૦૭૩ પર થયેલા હુમલાને 'આતંકવાદી કૃત્ય' ગણાવ્યું છે અને હવાઈ કટોકટી દરમિયાન ભારતીય પાઇલટ કૅપ્ટન સ્મિત મચ્છરની કાર્યવાહી બદલ પ્રશંસા કરી છે.

યુએઇના પ્રમુખના સલાહકારે કહ્યું કે ગંભીર (જુઓ પાનું ૨) ▸▸

## યુક્રેન યુદ્ધ અટકાવવાના મોદી પાસે સારા આઇડિયાઝ છેઃ પુતિન

મૉસ્કોઃ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાસે યુક્રેન સંઘર્ષના પરસ્પર સ્વીકાર્ય ઉકેલ અંગે 'ખૂબ સારા આઇડિયાઝ' છે અને તેઓ 'દરેક બેઠકમાં' આ મુદ્દો ઉઠાવે છે.

સરકારી સમાચાર એજન્સી તાસ અનુસાર, પુતિને ગુરુવારે 'વાલદાઇ ઇન્ટરનેશનલ ડિસ્કશન ક્લબ'ની વાર્ષિક બેઠકમાં આ ટિપ્પણી કરી હતી.

પુતિને કહ્યું હતું કે, જ્યાં સુધી યુદ્ધોનો અંત લાવવા અંગે વડાપ્રધાન મોદીના વલણની વાત છે, તો હું કહી શકું છું કે તેઓ એવા વિશ્વ નેતાઓમાંથી એક છે જેઓ - વ્યક્તિગત સ્તર સહિતના અમારા ખૂબ સારા અને મૈત્રીપૂર્ણ સંબંધો હોવા છતાં - સતત આ મુદ્દો ઉઠાવે છે અને યુક્રેનમાં સંઘર્ષનો અંત લાવવા અંગે પ્રશ્નો પૂછે છે.

રશિયન નેતાએ કહ્યું હતું કે મોદી અમારી દરેક મુલાકાત દરમિયાન આ બાબતોનો ઉલ્લેખ કરે છે અને તેમાં ઊંડો રસ દાખવે છે.

પુતિને ઉમેર્યુ હતું કે, પરસ્પર સ્વીકાર્ય ઉકેલો શોધવાના હેતુથી તેમની પાસે ખૂબ સારા વિચારો છે.

ગયા મહિને નવી દિલ્હીમાં યોજાયેલી બ્રિક્સ સમિટ પહેલાં પુતિન અને મોદી વચ્ચે વાતચીત થઈ, તે દરમિયાન પુતિને મોદીને યુક્રેન યુદ્ધની વર્તમાન સ્થિતિ અને ચાલી રહેલી શાંતિ પહેલ વિશે માહિતી આપી હતી.

બુધવારે યોજાયેલા આ મંચ પર પુતિને (જુઓ પાનું ૨) ▸▸













LIKE & FOLLOW: /Mumbaisamachar4u

**એક્સ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ગોડસેને મહાન ચિતરવાનાં ફાંફાં કેમ સફળ થતાં નથી?

**ભારતમાં** ૨ ઓક્ટોબરે ગાંધી જયંતી ને ૩૦ જાન્યુઆરીએ ગાંધી નિર્વાણ દિન એટલે કે શહીદ દિન આવે ત્યારે ગાંધીજીના હત્યારા નથુરામ ગોડસેનું મહિમામંડન કરવાની ફેશન જ થઈ ગઈ છે. દેશમાં ક્યાંક ને ક્યાંક ગોડસેની મહાનતાનાં ગુણગાન કરીને તેને મહાન દેશભક્ત ચિતરીને પબ્લિસિટી મેળવવા ફાંફાં મરાય છે, ગાંધીજીને મુસ્લિમોના હમદર્દ અને હિંદુ વિરોધી ચિતરીને ગાંધીજીને ગાળો દેવાય છે.

સોશ્યલ મીડિયા પર એક આખો વર્ગ એવો ઊભો થયો છે કે જેને સાંધાની સૂઝ પડતી નથી પણ ફેંકાફેંક કરીને જ્ઞાની બની બેઠા છે કેમ કે આપણી પ્રજાને પણ ઈતિહાસનું જરાય જ્ઞાન નથી. કોઈ પણ અભણ ને ગમાર માણસ આત્મવિશ્વાસ સાથે જૂઠું બોલે તેને આપણી પ્રજા સાચી માની લે છે. પ્રજાના અજ્ઞાનનો લાભ લઈને આ નમૂના સોશ્યલ મીડિયા પર બારે મહિના ગાંધીજી સામે ઝેર ઓકે જ છે પણ ગાંધી જયંતી ને શહીદ દિન આવે છે ત્યારે તેમનામાં વધારે શૂરાતન આવી જાય છે.

આ વખતે પણ ગાંધી જયંતીએ એવું થયું જ ને આગ્રામાં તો નાથુરામ ગોડસેના સમર્થનમાં પોસ્ટર પણ લાગ્યાં. યોગાનુયોગ અત્યારે શ્રાદ્ધ પક્ષ ચાલે છે તેથી યમુના નદીના ઘાટ પર ગોડસેનું તર્પણ કરીને લોકોને પ્રસાદ આપવાની જાહેરાત પણ કરાયેલી. આગ્રા અખિલ ભારત હિંદુ મહાસભાના નામે આગ્રામાં ૧ ઓક્ટોબરે જ ઘણી જગાએ પોસ્ટર્સ લગાવી દેવાયેલાં ને ગોડસેના સમર્થનમાં નારેબાજી પણ થઈ.

સદનસીબે કોઈ ઠેકાણે નારેબાજી કરવામાં ચાર-પાંચ ટટપૂંજિયાથી વધારે કોઈ હતું નહીં ને સામાન્ય લોકોને ગોડસેના મહિમામંડનમાં રસ નહોતો તેથી આ કાર્યક્રમનો ફિયાસ્કો થયો પણ આ ઘટનાએ ભારતમાં નથુરામ ગોડસે જેવા હત્યારાને હિંદુત્વનો મસિહા સાબિત કરવાનાં ફાંફાં વધી રહ્યાં હોવાનું ફરી સાબિત કર્યું છે. આ ફાંફાંને ભાજપના છૂપા આશીર્વાદ હોવાનું પણ લાગી રહ્યું છે કેમ કે આગ્રાની જ ઘટનામાં પોલીસે ધાર્યું હોત તો પોસ્ટરો ઉતરાવી શકી હોત ને ગોડસેના સમર્થનમાં નારા લગાવનારા લોકોને ઉઠાવીને અંદર કરી શકી હોત પણ પોલીસે ના પોસ્ટર ઉતરાવ્યાં કે ના ગોડસેના સમર્થનમાં કાર્યક્રમ કરનારાને કશું કર્યું.

ઉત્તર પ્રદેશમાં ભાજપની સરકાર છે ને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સામે સોશ્યલ મીડિયા પર પોસ્ટ મૂકનારાંને છેક કેરળથી યુપી પોલીસ ઉઠાવી લાવી હોવાની ને મહિનાઓ લગી જેલમાં ગોંધી રાખ્યાનું બનેલું છે જ્યારે અહીં તો પોસ્ટર લાગ્યાં પણ યુપીમાં છે ને લગાવનારા પણ યુપીમાં જ છે છતાં કશું નથી કરાતું તેનો અર્થ શો? એ જ કે ભાજપ સરકારને ગાંધીજી સામે ઝેર ઓકવા ને ગોડસેને મહાન ગણાવવા સામે જરાય વાંધો નથી. ભાજપ સરકારને કોઈ આખું વંદે માતરમ ના ગાય એ કઠે છે ને તેના માટે કાયદો બનાવી દીધો પણ દેશના રાષ્ટ્રપિતાનું અપમાન થાય, તેમના હત્યારાનું સન્માન થાય તેની સામે જરાય વાંધો નથી એ ખટકે છે પણ શું થાય? જેવી જેની માનસિકતા.

ગોડસેને મહાન દેશભક્ત ગણાવવાના ને ગાંધીજીને હિંદુ વિરોધી ચિતરવાના ફાંફાં ગાંધીજીની હત્યા થઈ ત્યારથી ચાલે છે. બલ્કે ગાંધીજી હિંદુ વિરોધી ને મુસ્લિમ તરફી હોવાની વાતો તો ગાંધીજી જીવતા હતા ત્યારે જ ચાલતી હતી. આ વાતોથી પ્રેરાઈને જ ગોડસેએ ગાંધીજીની હત્યા કરી નાખી હતી. ગોડસેએ ગાંધીજીની હત્યા પછી ચાલેલી ટ્રાયલ દરમિયાન આપેલી જુબાનીમાં આ વાત કબૂલી છે. 'વ્હાય આઈ એસેસિનેટેડ મહાત્મા ગાંધી' નામના પુસ્તકમાં આ જુબાની છે.

આ જુબાની પ્રમાણે, ગોડસે ગાંધીજીને 'ગદ્દાર માનતો હતો. ગોડસેએ તો ગાંધીજી પર નેતાજી સુભાષચંદ્ર બોઝ સાથે ગદ્દારી કરવાનો આરોપ પણ મૂકેલો. ગોડસેને લાગતું કે, મુસ્લિમો હિંદુઓ અને શીખોની હત્યા કરે તેની સામે ગાંધીજીને વાંધો નહોતો પણ હિંદુઓએ મુસ્લિમોની હત્યા કરી તો ગાંધીજી ભૂખહડતાળ પર ઊતરી ગયેલા એ જોતાં ગાંધીજી જીવતા રહ્યા હોત તો હિંદુઓ અને શીખોની તકલીફો વધી ગઈ હોત.

ગોડસેએ કોર્ટમાં કહેલું કે, ગાંધીજીનાં બેવડાં કાટલાં હિંદુઓ માટે ઘાતક હતાં અને પાકિસ્તાનના સર્જન માટે ગાંધીજી જવાબદાર હતા. ગાંધીજીને મુસ્લિમો માટે કૂણી લાગણી હોવાથી હિન્દુઓને અન્યાય કરીને પણ મુસ્લિમોને લાડ લડાવતા હતા. ગાંધીજીની હિંદુ વિરોધી માનસિકતા સાબિત કરવા ગોડસેએ કેટલાંક ઉદાહરણો પણ આપેલાં. ગાંધીજીએ પાકિસ્તાનને નાણાં અપાવવા ઉપવાસ કરેલા, મંદિરમાં કુરાનનું પઠન કરાવેલું, હિંદુ-શીખ નિરાશ્રિતોને બહાર કાઢીને મસ્જિદો ખાલી કરાવી હતી વગેરે કારણો ગોડસેએ આપેલાં.

ગોડસેના પુસ્તકનો પ્રચાર કરીને ગાંધીજીને હિંદુ વિરોધી ચિતરવાનાં ને ગોડસેએ ગાંધીજીને મારીને હિંદુઓ પર કેવડો મોટો ઉપકાર કર્યો છે એ સાબિત કરવાનાં ફાંફાં વરસોથી ચાલે છે પણ આ દેશની પ્રજાને ગળે આ વાતો અને વિચારધારા ઊતરતી નથી. આ કારણે જ ગાંધીજીની હત્યાનાં ૭૮ વર્ષ પછી પણ ગોડસેના સમર્થકોની સંખ્યા મુઠ્ઠીભર છે જ્યારે મહાત્મા ગાંધી આજે પણ વૈશ્વિક સ્તરે અત્યંત આદરથી લેવાતું નામ છે. નરેન્દ્ર મોદી જેવા નેતા આ વાત સમજી ગયા તેથી ગાંધીજીને આદર આપે છે પણ તેમની જ પાર્ટીના કેટલાક નમૂનાઓને આ વાત સમજાતી નથી.

ભાજપ અને કહેવાતાં હિંદુવાદી સંગઠનોમાં ગોડસેના ચાહકોની સંખ્યા વધી છે પણ તેમનામાં ખુલ્લેઆમ ગોડસેની તરફેણ કરવાની હિંમત નથી. સાધ્વી પ્રજ્ઞા કે અનંતકુમાર હેગડે જેવા થોડાક લોકોએ ખુલ્લેઆમ ગોડસેને દેશભક્ત ચિતરવાનું દુસ્સાહસ કર્યું તેમાં તો તેમની રાજકીય કારકિર્દીને ગ્રહણ લાગી ગયું તેથી હવે ભાજપ કે સંઘ જેવાં સંગઠનોમાં પણ ગોડસેની તારીફમાં કસિદા પઢવાની પણ કોઈ હિંમત કરતું નથી. ભાજપનું પિતૃ સંગઠન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ તો નથુરામ ગોડસે અને ગોપાલ ગોડસે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સક્રિય સભ્યો હતા એવું આજેય સ્વીકારતો નથી અને ગોડસે બંધુઓ સાથે પોતાને કંઈ લેવાદેવા નથી એમ કહીને હાથ ખંખેરી નાખે છે.

હજુ ગયા મહિને જ ભાજપ જેમને મહાનતમ દેશભક્ત ચિતરવા ઉધામા કરે છે એ વિનાયક દામોદર સાવરકરના પ્રપૌત્ર સાત્યકી સાવરકરે પુણેની અદાલતમાં સત્તાવાર રીતે આપેલી જુબાનીમાં કહ્યું છે કે, ગાંધીજીની હત્યાના આરોપી નથુરામ ગોડસે અને ગોપાલ ગોડસે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સક્રિય સભ્યો હતા. સાત્યકિએ રાહુલ ગાંધી સામે કરેલા બદનક્ષીના કેસમાં આ જુબાની આપી છે. સાવરકરના પરિવારને દેશભક્ત પરિવાર ગણાવતો સંઘ સાત્યકિની જુબાનીને સાચી માનતો નથી કેમ કે ગોડસેની પાલખી ઊંચકવા જતાં તેના ટાંટિયા ફાંગા થઈ જાય.

મહાત્મા ગાંધીની હત્યા ૩૦ જાન્યુઆરી ૧૯૪૮ના રોજ થયેલી ને ૧૫ નવેમ્બર ૧૯૪૯ના રોજ ગોડસેને ફાંસી આપવામાં આવી હતી એ જોતાં ગોડસેના મોતને લગભગ ૭૭ વર્ષ થઈ ગયાં. ગોડસેને હિંદુઓનો મસિહા બનાવવાનાં ફાંફાં ૭૭ વર્ષ પછી પણ સફળ નથી થતાં કેમ કે આ દેશના હિંદુઓમાં એક મહાત્મા અને એક હત્યારા વચ્ચેનો ભેદ પારખવાની સમજ છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌરશરદઋતુ, શનિવાર, તા. ૩-૧૦-૨૦૨૬,
અષ્ટમી શ્રાદ્ધ, કાલાષ્ટમી

- ભારતીય દિનાંક ૧૧, માહે આશ્વિન, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ભાદ્રપદ વદ-૭
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ભાદ્રપદ, તિથિ વદ-૮
- પારસી શહેનશાહી રોજ ૨૦મો બહેરામ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
- પારસી કદમી રોજ ૨૦મો બહેરામ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૧૭મો સરોશ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૧મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૨૨મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- નક્ષત્ર આર્દ્રા મધ્યરાત્રિ પછી ક. ૨૫-૨૯ સુધી (તા. ૪), પછી પુનર્વસુ
- ચંદ્ર મિથુનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષર મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદય: મુંબઈ ક. ૦૬ મિ. ૩૦, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૩, સ્ટા. ટા.
- સૂર્યાસ્ત: મુંબઈ ક. ૧૮ મિ. ૨૪, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૪, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : બપોરે ક. ૧૫-૫૮, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૪૩ (તા. ૪)
- ઓટ: સવારે ક. ૧૦-૨૮, રાત્રે ક. ૨૨-૩૩
- વ્રત પર્વાદિ: વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, ભાદ્રપદ કૃષ્ણ - સપ્તમી. અષ્ટમી શ્રાદ્ધ, કાલાષ્ટમી, અષ્ટમી ક્ષય તિથિ છે. મહાલક્ષ્મી વ્રત સમાપ્ત. સૂર્ય મહાનક્ષત્ર હસ્ત, વાહન ઉંદર.
- મુહૂર્ત વિશેષ: શનિ-રાહુ દેવતાનું પૂજન વિશેષરૂપે શિવરુદ્રાભિષેક, અગરના ઔષધીય પ્રયોગો, નિત્ય થતાં બગીચા, ખેતીવાડી, પશુ લેવડદેવડના કામકાજ, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, વિશેષરૂપે સપ્તસતી પાઠ વાંચન.
- શ્રાદ્ધ મહિમા: આઠમ તિથિએ દિવંગતનું શ્રાદ્ધ આજ રોજ કરવું. આઠમનું શ્રાદ્ધ નાણાં વ્યવસ્થા જાળવવામાં ઉપયોગી થાય છે. સમૃદ્ધિ આપે છે. ઉદ્યોગ, ધંધા, નોકરીમાં સફળતા આપે છે. શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુસહસ્ર સ્તોત્ર પાઠ શ્રાદ્ધ પક્ષમાં નિત્ય કરવા. પરિવારની સુખ-શાંતિ અને મનની શાંતિ શ્રાદ્ધ દ્વારા પ્રાપ્ત થાય છે.
- આચમન: ચંદ્ર-નેપ્ચ્યૂન ચતુષ્કોણ અવ્યવહારું, ચંદ્ર-બુધ ત્રિકોણ તીવ્ર બુદ્ધિવાળા, ચંદ્ર-શુક્ર ત્રિકોણ લોકોમાં માનીતા, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ વ્યવહારમાં મુશ્કેલી પડે, ચંદ્ર-શનિ ચતુષ્કોણ શંકાશીલ સ્વભાવ
- ખગોળ જ્યોતિષ: ચંદ્ર-નેપ્ચ્યૂન ચતુષ્કોણ, ચંદ્ર-બુધ ત્રિકોણ, ચંદ્ર-શુક્ર ત્રિકોણ, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ, ચંદ્ર-શનિ ચતુષ્કોણ. શુક્ર સ્તંભી થઈ વક્રી થાય છે.
- ગ્રહગોચર: સૂર્ય-કન્યા, મંગળ-કર્ક, માર્ગી બુધ-તુલા, માર્ગી ગુરુ-કર્ક, વક્રી શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# શું રાહુલ હુમલાખોર પાઈલટના ધર્મને કારણે ચુપકીદી સેવે છે?: ભાજપ

નવી દિલ્હી: ભાજપે શુક્રવારે સવાલ કર્યો હતો કે શું કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી હુમલાખોર પાઇલટના ધર્મને કારણે અને રાજકીય કારણસર ઘટનાને વખોડતા નથી તેમ જ ભારતીય પાઇલટ કેપ્ટન સ્મિત મચ્છરની બહાદુરીની પ્રશંસા કરવાને બદલે 'ચુપકીદી' સેવે છે?

ભાજપે વિપક્ષના નેતાઓ 'ત્રાસવાદીઓનો બચાવ કરનારા' હોવાનો આક્ષેપ કર્યો હતો.

ભાજપના પ્રવક્તા પ્રદીપ ભંડારીએ જણાવ્યું હતું કે આખો દેશ બહાદુર પાઇલટ સ્મિત મચ્છરને સલામ કરે છે, ત્યારે લોકસભામાંના વિપક્ષના નેતાએ અત્યાર સુધીમાં આ સંબંધમાં એક શબ્દ નથી કહ્યો.

તેમણે જણાવ્યું હતું કે રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીએ સોશ્યલ મીડિયા 'એક્સ' પર ગાઝા માટે અનેક પૉસ્ટ મૂકી હતી, પરંતુ ૧૭૦ લોકોનો જાન બચાવનારા 'હનુમાનજીના ભક્ત' ભારતીય પાઇલટ માટે કંઇ નથી કહ્યું.ભંડારીએ જણાવ્યું હતું કે રાહુલ અને સોનિયા ગાંધી 'વૉટ બૅન્ક'ને કારણે આ પ્રકરણમાં કંઇ નથી બોલતાં. આ ઉપરાંત, મમતા બેનરજી અને 'ઇન્ડિ બ્લૉક'ના અન્ય નેતાઓ પણ સ્મિત મચ્છરની પ્રશંસા નથી કરતા.

ભાજપના અન્ય પ્રવક્તા ગૌરવ ભાટિયાએ જણાવ્યું હતું કે પ્રિયંકા ગાંધી પણ આ કિસ્સામાં ચુપકીદી સેવી રહ્યાં છે. કૉંગ્રેસના નેતાઓ હુમલાખોર પાઇલટના ધર્મને ધ્યાનમાં રાખીને તેની વિરુદ્ધ અને ભારતીય પાઇલટની પ્રશંસામાં કંઇ નથી કહેતા.

અગાઉ, ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સઉદી અરેબિયામાં સારવાર લઇ રહેલા પાઇલટ સ્મિત મચ્છરને ફોન કરીને તેમના ખબરઅંતર પૂછ્યા હતા અને જલદી સાજા થઇ જવાની પ્રાર્થના કરી હતી. (એજન્સી)

# રામમંદિરના કર્મચારીઓનું હવે પૂરેપૂરું પોલીસ વેરિફિકેશન થશે

અયોધ્યા: અયોધ્યામાં રામમંદિરની સુરક્ષા અંગે એક મોટો નિર્ણય લેવાયો છે. શ્રી રામજન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે મંદિરમાં કામ કરતાં તમામ કર્મચારીઓનું ૧૦૦ ટકા વેરિફિકેશન કરવાનું નક્કી કર્યું છે. આમાં પોલીસ વેરિફિકેશન, કેરેક્ટર સર્ટિફિકેટ અને પરિવારની વિસ્તૃત માહિતીનો સમાવેશ થાય છે.

ટ્રસ્ટે કર્મચારીઓ વિશેની સંપૂર્ણ માહિતી માગી છે. જેમાં તેમના પરિવારના સભ્યો અને સંબંધીઓની વિગતોનો પણ સમાવેશ થાય છે. હવે મંદિરના તમામ કર્મચારીઓના બેકગ્રાઉન્ડની પણ તપાસ કરવામાં આવશે. જેના માટે પોલીસ વેરિફિકેશન અને કેરેક્ટર સર્ટિફિકેટની પણ જરૂર પડશે.

આ વર્ષે જૂનમાં મંદિરમાં દાનની ચોરીનો મામલો પ્રકાશમાં આવ્યા બાદ સુરક્ષા અને વહીવટી પગલાં કડક બનાવવા માટે આ પગલું લેવામાં આવ્યું છે. આ કેસમાં આઠ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. હાલમાં બધા આરોપીઓ જેલમાં છે અને ગયા અઠવાડિયે ૭૦,૦૦૦ પાનાની ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.

કર્મચારીઓના વેરિફિકેશનની પ્રક્રિયા મંદિરના નવા મુખ્ય કાર્યકારી અધિકારી(સીઇઓ) નિવૃત્ત એર માર્શલ જિતેન્દ્ર મિશ્રાની આગેવાની હેઠળ ચાલી રહી છે. તેમણે ગયા મહિને જ પદ સંભાળ્યું છે. મંદિર વહીવટમાં પણ મોટા પાયે ફેરફારો કરવામાં આવ્યા છે. ટ્રસ્ટના ભૂતપૂર્વ મહાસચિવ ચંપત રાય અને ટ્રસ્ટના સભ્યો અનિલ મિશ્રા અને ગોપાલ રાવને તેમની જવાબદારીઓમાંથી મુક્ત કરી દેવામાં આવ્યા છે.

# ટ્રાફિક જૅમ કરાવવો એ હવે નવું શસ્ત્ર: રશિયાએ યુક્રેનના કીવમાં પુલને ઊડાડ્યાં

કીવ: તાજેતરના રશિયન હુમલામાં યુક્રેનના ત્રણ પુલને નિશાન બનાવવામાં આવ્યા હતા. આ હુમલાઓને પગલે નીપર નદી પર બાંધવામાં આવેલા ત્રણ પુલને આંશિક રીતે બંધ કરવાની ફરજ પડી હોવાનું કીવના મેયરે જણાવ્યું હતું.

આ હુમલો શહેરમાં સામાન્ય જનજીવનને પ્રભાવિત કરવાનો રશિયાનો તાજો પ્રયાસ છે. રશિયન હુમલાઓને કારણે કીવના છ પુલોમાંથી ત્રણને સંપૂર્ણ અથવા આંશિક રીતે બંધ કરવાની ફરજ પડી હતી. જેના કારણે ટ્રાફિક જામ થયો હતો. આ હુમલા શહેરવાસીઓને હેરાન કરવાની રશિયાની નવી યુક્તિ હોવાનું ચર્ચાઇ રહ્યું છે. અગાઉ રશિયાએ હુમલાઓ તીવ્ર કરતાં એપાર્ટમેન્ટ બ્લોક, સુપરમાર્કેટ વેરહાઉસ, ગેસ સ્ટેશન અને ડેટા સેન્ટર જેવા સ્થળોને નિશાન બનાવ્યા હતા.

શુક્રવારે જિનીવામાં યુએનના હાઇ કમિશનર ફોર હ્યુમન રાઇટ્સ વોલ્કર તુર્કે જણાવ્યું કે નાગરિકો આ યુદ્ધનો ભોગ બની રહ્યા છે. તેમણે કહ્યું કે યુક્રેનમાં માનવાધિકારોની દ્રષ્ટિએ યુદ્ધ એક મોટી દુર્ઘટના છે જે દર અઠવાડિયે ગંભીર રૂપ ધારણ કરી રહી છે. જેના કારણે સામાન્ય નાગરિકો અસહ્ય વેદના ભોગવી રહ્યા છે. સમગ્ર યુક્રેનમાં લોકો સતત ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે.

દરમ્યાન, યુક્રેનના ટોચના રાજદ્વારીએ જણાવ્યું કે તેમને અમેરિકા, ભારત, તૂર્કી અને ઇજિપ્ત તરફથી રશિયા સાથે આંશિક યુદ્ધવિરામ માટેની અલગ-અલગ દરખાસ્તો મળી છે. આ દરખાસ્તોમાં ઊર્જા માળખા પર હુમલાઓને રોકવાની વાત કરવામાં આવી છે.

# સ્પેનમાં ભયંકર આવાસ સંકટ: આંદોલનકારીઓની સંસદ તરફ કૂચ

મૅડ્રિડ: સ્પેનમાં મકાનના અધધધ ભાડાં અને ભાડૂઆતોના અધિકારો મુદ્દે મોટા પાયે વિરોધ પ્રદર્શનો થઇ રહ્યા છે. દેશમાં કટોકટી આવાસ આદેશ નામંજૂર થવાની શક્યતાને પગલે પ્રદર્શનકારીઓએ સંસદ તરફ કૂચ કરી છે. શુક્રવારે સાંસદો સમક્ષ આંદોલનકારીઓએ ભાડૂઆતોની મદદ કરવાની માંગ સાથે સંસદ સુધી માર્ચ કરી હતી.

સ્પેનની સરકાર દેશમાં આવાસ સંકટને પહોંચી વળવા માટે કટોકટીના પગલાંના પેકેજને મંજૂરી આપવા માટે જરૂરી બે અગત્યના મત ગુમાવવાની અણીએ હોય તેવું લાગે છે. બે સરકારી હુકમનામાને મંજૂરી આપવા માટે મહત્વપૂર્ણ એવી કેટલન ભાગલાવાદી પાર્ટી જુન્ટસે શુક્રવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેઓ વિરુદ્ધમાં મતદાન કરશે. આ સાથે સેન્ટર-રાઇટ પોપ્યુલર પાર્ટી અને ફાર-રાઇટ વોક્સની 'ના' સાથે આ ઉપાય અશક્ય હોવાનું દેખાઇ રહ્યું છે.

આ સંભવિત હારથી વડા પ્રધાન પેડ્રો સાંચેઝ આગામી વર્ષે યોજાનારી ચૂંટણીઓ વહેલી યોજવા પર વિચારણા કરી શકે છે એવી અટકળો સ્પેનીશ મીડિયામાં વહેતી થઇ છે. અત્રે નોંધનીય છે કે ગયા અઠવાડિયે મેડ્રિડમાં ૮૭ વર્ષીય મહિલાને તેના ઘરમાંથી કાઢી મૂકાયા બાદ ભભૂકી ઉઠેલા વિરોધને શાંત કરવા માટે સરકાર દ્વારા આ આદેશ પસાર કરવામાં આવ્યો હતો. આ ઘટના બાદ વિરોધ પ્રદર્શનો અને ધરણા શરૂ થયા હતા, જે હજુ પણ ચાલી રહ્યા છે. જો સાંચેઝના પ્રોગ્રેસિવ ગઠબંધનને મોટી કાયદાકીય હારનો સામનો કરવો પડ્યો તો વિરોધ પ્રદર્શનો વધુ તીવ્ર બની શકે છે.(એજન્સી)

પહેલા પાનાનું ચાલુ

## 'જય શ્રીકૃષ્ણ

વાતાવરણ બનાવી દીધું છે અને આખા હિન્દુસ્તાનમાં તો છે જ. કાલે બધા જ મંદિરોમાં પૂજા-પ્રાર્થના આરતી થઈ, બધા જ તીર્થ ક્ષેત્રોમાં આરતી થઈ. અને બધા જ તમારા દીર્ઘાયુ માટે અને ઉત્તમ સ્વાસ્થ્ય માટે બધા જ પ્રાર્થના કરી રહ્યા છે. એટલે તમે જલદીથી સ્વસ્થ થવાના જ છો. ભારત તમારું સ્વાગત કરવા માટે ખૂબ જ ઉત્સુક છે. શરીરમાં જે પણ તકલીફ હું સમજી શકું છું. શરીરમાં ઘાવને સહન કરવાનું શીખી લીધું હશે.

**સ્મિત:** ના સર, હું ઘાવ અંગે એટલું નથી વિચારતો કેમ કે તેનાથી મારી રિકવરી મોડી થશે. હું તો આને એક જર્ની જેમ વિચારું છું. આ ઘાવ તો સમય સાથે ઠીક થઈ જશે એના માટે હું કોન્ફિડન્ટ છું. અને હું એકદમ જ સ્વસ્થ થઈ જઈશ.

**પીએમ મોદી:** હું સઉદી સરકારનો પણ અને મારી સરકારનો પણ હૃદયથી આભાર વ્યક્ત કરું છું કે તેમણે તમારું ઘણું ધ્યાન રાખ્યું. સ્મિત તમને જ્યારે પણ જરૂર લાગે હું એક કૉલથી દૂર છું. હું જોઈ રહ્યો હતો કે લોકોએ સોશ્યલ મીડિયા પર જે ભાવનાઓ વ્યક્ત કરી અને લોકોએ કહ્યું કે જો આવું ન થયું હોત તો હિન્દુસ્તાન ઉપર શું-શું વિતતું, ભારતના બધા પાઇલટ્સ પર શું વિતતું. ભારતના પાઇલટ્સને કયા પ્રકારે જોવામાં આવતા. તમે બધાને બચાવી લીધા. તમે ખૂબ જ મોટું કામ કર્યું.

**સ્મિત:** થેન્ક્યુ, સર

**પીએમ મોદી:** જ્યારે હું તમને મળીશ. અંદરની વાતો તો હું ત્યારે જ જાણીશ કેમ કે હું નથી ઇચ્છતો કે મોબાઈલ પર હું આવી વાતો કરું. તમે પણ સંપૂર્ણ રીતે સ્વસ્થ થઈ જાવ. આખો દેશ તમારી સાથે છે.

**સ્મિત:** થેન્ક્યુ, સર

**પીએમ મોદી:** હું વધારે તમને પરેશાન નહીં કરું. મારી તરફથી ખૂબ જ શુભકામનાઓ. આજે ગાંધી જયંતી છે. અહિંસા શું હોય છે. તે તમે જીવીને બતાવી દીધું.

**સ્મિત:** થેન્ક્યુ, સર

**પીએમ મોદી:** અચ્છા, બાળકોને મળવાનું થઈ ગયું. બાળકોને મળવા માટે ડોક્ટરે હા પાડી

**સ્મિત:** મારી મોટી દીકરી આવી હતી પણ એ આ બધું જોઈને ડરી ગઈ

**પીએમ મોદી:** અચ્છા...અચ્છા...

**સ્મિત:** એ મારાથી વધારે ક્લોઝ છે. અને મારો નાનો છોકરો બે વર્ષનો છે તેને મંજૂરી નથી મળી

પીએમ મોદી: ના, ના હમણાં તો સાચવવું જ જોઈએ પણ, સોનલબહેન (સ્મિતના પત્ની) ખૂબ જ હિંમતવાળા કહેવાય

**સ્મિત:** હા, સર

**પીએમ મોદી:** કાલે એટલી સ્વસ્થતાથી મારી સાથે વાત કરી. નહીંતર મેં અનુભવ કર્યો છે કે આવી પરિસ્થિતિમાં તો કોઈ વાત જ ના કરે. અને ફરિયાદનું નામોનિશાન નહીં ભૂપેન્દ્રભાઈ અને ગીતાબહેન (સ્મિતના માતા-પિતા) સાથે મુંબઈ એરપોર્ટ પર કાલે વાત કરી મેં તોય ફરિયાદનું નામોનિશાન નહીં. બસ તેમની એક જ વાત હતી ભગવાન સારું કરશે.

**સ્મિત:** બસ-બસ, સર.

**પીએમ મોદી:** ચાલો, ખૂબ જ જલદી સાજા થઈ જાવ. ગોડ બ્લેસ યુ.

## હું મુશ્કેલીમાં

કે અમે દીકરા સ્મિતને 'ભગવદ્‌ગીતા'નું જ્ઞાન આપીને ઉછરેલો છે.

મોદીએ સ્મિત મચ્છરને જણાવ્યું હતું કે આ ઘટના પછી ભારતીયો ગર્વ સાથે કહી શકે છે કે 'અમે જાન લેનારા નહિ, પરંતુ જાન બચાવનારા છીએ'.

મોદી યુએઇની હૉસ્પિટલમાં સારવાર લઇ રહેલા કેપ્ટન પાઇલટ સ્મિત મચ્છરની સાથે ફોન પર ગુજરાતીમાં પણ વાત કરી હતી.

દુબઈથી ઇઝરાયલના તેલ અવીવ ખાતે બુધવારે જઇ રહેલી ફ્લાયદુબઇની ફ્લાઇટ એફઝેડ૧૦૭૩માં કેપ્ટન પાઇલટ સ્મિત મચ્છર પર સાથી પાઇલટે હુમલો કરીને ગંભીર રીતે ઘાયલ કર્યો હતો.

તેમણે મોદીને જણાવ્યું હતું કે હું ઘાયલ થઇને કૉકપિટની ફરસ પર પડ્યો હતો. મારામાં જેટલી તાકાત બચી હતી, તેનાથી હું વિમાનમાંના લોકોને બચાવવામાં સફળ થયો હતો.

કેપ્ટન પાઇલટે જણાવ્યું હતું કે હું જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતો હતો, પરંતુ મેં નક્કી કર્યું હતું કે હું બીજા લોકોને મરવા નહિ દઉં. મેં જોયું કે વિમાન નીચે જઇ રહ્યું છે. મને ઘણી ઇજા થઇ હતી, પરંતુ મેં બધી તાકાત લગાવીને કૉકપિટનો દરવાજો ખોલ્યો હતો. વિમાનને ઉગારવામાં અન્ય લોકોએ પણ મદદ કરી હતી.વડા પ્રધાને જણાવ્યું હતું કે તમે જલદી સાજા થઇ જાઓ તે માટે દેશમાં અનેક લોકો 'મહામૃત્યુંજય જાપ' કર્યા હતા. તમે બહાદુર છો. તમારો દેશ ભારત તમને આવકારવા તત્પર છે. પાઇલટે જણાવ્યું હતું કે મોદીજી, તમે મારા સૌથી મોટો પ્રેરણારૂપ છો અને તમારી સાથે વાત કરવાથી મને બહુ ગર્વ થાય છે. (એજન્સી)

## યુક્રેન યુદ્ધ

ભારતની સાંસ્કૃતિક વિવિધતા અને એકતાની પણ પ્રશંસા કરી હતી.તેમણે કહ્યું કે, ભારત તેના વિશાળ કદ અને વિવિધતાથી ચોક્કસપણે આશ્ચર્યચકિત કરે છે.

તેમણે કહ્યું કે, બહુ ઓછા લોકો આ જાણે છે, પરંતુ ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મને કહ્યું હતું કે ૧.૫ અબજની વસ્તીમાંથી ૬૦ કરોડ ભારતીયો તેમની હિન્દી બોલે છે, જ્યારે બાકીના લોકો પોતાની પ્રાદેશિક ભાષાઓ બોલે છે, અને તે બધા સાથે મળીને રહે છે - આ અદભુત છે. (એજન્સી)

## 'ત્રાસવાદી'

ચાલુ છે. જો 'ત્રાસવાદી' પાઇલટને ઇરાનની સાથે સંબંધ હોવાનું માલૂમ પડશે, તો અમે ઇરાન પર મોટા પાયે હુમલા કરીશું.

ફ્લાયદુબઇની આ ફ્લાઇટનું સઉદી અરેબિયામાં તાકીદે ઉતરાણ કરાવાયું હતું.

ટ્રમ્પને વાઇટ હાઉસ ખાતે પત્રકારોએ જ્યારે પૂછ્યું કે શું હુમલાખોર પાઇલટ અને ઇરાન વચ્ચે સંબંધ છે? ત્યારે અમેરિકાના પ્રમુખે જણાવ્યું હતું કે અમને તે અંગે શંકા છે અને તે બાબતમાં વધુ તપાસ કરી રહ્યા છીએ.

ટ્રમ્પે જણાવ્યું હતું કે મને જે સાંભળવા મળ્યું છે તેના પરથી તમારા સવાલનો જવાબ 'હા' લાગે છે. આમ છતાં, અમે આ બાબતમાં વધુ તપાસ કરી રહ્યા છીએ. જો પુરાવા મળશે, તો ઇરાન પર મોટા પાયે હુમલા કરીશું.

ટ્રમ્પના આ નિવેદનને લીધે અખાતના યુદ્ધનો અંત લાવવાની શક્યતા ઓછી જણાય છે.

દરમિયાન, ઇરાનના સત્તાવાળાઓએ બુધવારે જણાવ્યું હતું કે અખાતના યુદ્ધનો અંત આણવા માટેની તહેરાનની છેલ્લી દરખાસ્તના સંબંધમાં અમેરિકાનો જવાબ મળ્યો છે. આમ છતાં, ઇરાનના સત્તાવાળાઓએ અમેરિકાનો જવાબ 'હકાર'માં હતો કે 'નકાર'માં તે અંગે કોઇ સ્પષ્ટતા નહોતી કરી.

અગાઉ, ટ્રમ્પે અમેરિકાના એક સામયિકને આપેલી મુલાકાતમાં જણાવ્યું હતું કે અમે ઇરાનની જે દરખાસ્ત એક વર્ષ પહેલાં નકારી હતી, તેને અત્યારે સ્વીકારવાનો સવાલ જ ઊભો નથી થતો.

અમેરિકાના લશ્કરે મધ્ય પૂર્વમાં જહાજોના નવા કાફલા સાથે વધુ અંદાજે ૯,૦૦૦ સૈનિક મોકલ્યા છે. (એજન્સી)

## ફ્લાયદુબઈ

આતંકવાદી કૃત્યનો સામનો કરવા અને બહાદુરીથી સંભવિત આપત્તિનો સામનો કરવા બદલ મચ્છર પ્રશંસાને પાત્ર છે.

તેમણે 'એક્સ' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ઉગ્રવાદ અને આતંકવાદનો સામનો કરવા માટે સતર્કતા અને સાવચેતી જરૂરી છે અને તેમણે ઘટના પછી વધુ સતર્કતાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

આ ઘટના બન્યા પછી પહેલી વાર એવું બન્યું છે કે યુએઇના કોઈ અધિકારીએ ફ્લાયદુબઇ ફ્લાઇટના કથિત ક્રેશ બિડને આતંકવાદી હુમલો ગણાવ્યો હોય.

૩૦ સપ્ટેમ્બરના રોજ દુબઇથી તેલ અવીવ જતી ફ્લાઇટ ચલાવતી વખતે મચ્છર ગંભીર રીતે ઘાયલ થયા હતા. કોકપિટની અથડામણ બાદ વિમાનને સઉદી અરેબિયાના તાબુક તરફ વાળવામાં આવ્યું હતું, જેમાં મુસાફરો અને ક્રૂએ દરમિયાનગીરી કરીને વિમાન સુરક્ષિત રીતે ઉતર્યું હતું. ફ્લાઇટમાં ૧૭૪ મુસાફરો અને આઠ ક્રૂ સભ્યો હતા.

યુએઈએ ફ્લાયદુબઈ ફ્લાઇટમાં છરાબાજીની ઘટનાની તપાસનો આદેશ આપ્યો છે, સાથે જણાવ્યું છે કે તે કોઈપણ 'આતંકવાદી' લિંકની પણ તપાસ કરશે.

યુએઈના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે ઘટનાના સંજોગો અને કારણની તપાસ કરવા માટે એક ટીમ બનાવવામાં આવશે, કારણ કે વિમાન દેશમાં નોંધાયેલું છે અને તેનો ધ્વજ ધરાવે છે.

## મુંબઈથી દિલ્હી

ગઇ છે. અમે જ્ઞાનેશકુમારના વિરોધમાં શાંતિથી દેખાવ કરતા હતા ત્યારે અમને અટકાવવા આવી હતી.

વિદ્યાર્થીઓના અન્ય એક નેતાએ જણાવ્યું હતું કે અમારા પર ભલે ગમે તેટલો લાઠીમાર કરાય અને અમને જેલમાં ધકેલાય, પરંતુ છેવટે જ્ઞાનેશકુમારે રાજીનામું આપવું જ પડશે.

દિલ્હીમાં વિરોધ પ્રદર્શનને ધ્યાનમાં રાખીને ૧૨ મેટ્રો સ્ટેશન બંધ કરાયા હતા.

મુંબઈમાં દાદરના શિવાજીપાર્ક ખાતે દેશના મુખ્ય ચૂંટણી કમિશનરના રાજીનામાની માગણીને લઇને દેખાવ યોજાયા હતા.

મુંબઈમાં સ્ટુડન્ટ્સ ફેડરેશન ઑફ ઇન્ડિયા અને ઓલ ઇન્ડિયા સ્ટુડન્ટ્સ ફેડરેશનના વિદ્યાર્થીઓ દેખાવ કરી રહ્યા હતા ત્યારે ત્યાં સાથે ફિલ્મ કલાકારો - નસીરુદ્દીન શાહ, શબાના આઝમી, ગાયક વિશાલ દદલાની, ગાંધીજીના પ્રપૌત્ર તુષાર ગાંધી પણ હાજર રહ્યા હતા.

કૉક્રૉચ જનતા પાર્ટીના નેતા અભિજિત દીપકેએ જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર 'અયોગ્ય' હોવાથી અમને બે મહિનામાં આ બીજી વખત દેખાવ કરવાની ફરજ પડી છે.

પોલીસે દાદર સ્ટેશનથી શિવાજી પાર્ક સુધીના રસ્તામાં અનેક ઠેકાણે બૅરિકેડ ઊભા કર્યા હતા.

ઉદ્ધવ ઠાકરેની શિવસેના અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાએ કૉક્રૉચ જનતા પાર્ટીના આ વિરોધ પ્રદર્શનને પોતાનો ટેકો જાહેર કર્યો હતો.

દિલ્હીમાં અમુક દેખાવકારે 'ભૂત' જેવા કપડાં અને મહોરા પહેર્યા હતા. (એજન્સી)

# મુંબઈવાસીઓ...
## શું શોધી રહ્યા છો ?

નવું શું પહેરવું ?
ઘર માટે શું લેવું ?
કંઈક સ્વાદિષ્ટ ક્યાં મળશે ?
મોજ ક્યાં કરવી ?
આરોગ્ય અને જીવનશૈલીમાં શું નવું છે ?

**તમારા દરેક જવાબનું એક જ સરનામું...**

**150+ Stalls**

Biggest Lifestyle
# व्यापार उत्सव '२६

**3 & 4 OCTOBER 2026**
Nehru Centre, Worli
10 am to 8 pm

## તમારી આખી SHOPPING LIST એક જ સ્થળે

**FASHION | FOOD | LIFESTYLE | ENTERTAINMENT | WELLNESS**

10g Gold
મુલાકાત લો અને દરરોજ લક્કી ડ્રોમાં જીતો
10 ગ્રામ સોનું

₹200 GIFT
દરેક મુલાકાતીઓ માટે
₹ 200/- ની ગીફ્ટ
Till stock last*




## દરેક માટે કંઈક ખાસ!

- ફ્રી એન્ટ્રી અને પાર્કિંગ સુવિધા
- સ્પેશિયલ ગિફ્ટ
- સેલિબ્રિટી ઈન્ટરેક્શન
- લાઈવ મનોરંજન અને મ્યુઝિકલ પ્રોગ્રામ
- માઈન્ડ પાવર અને ફિટનેસ વર્કશોપ
- ફ્રી મહેંદી, નેઈલ આર્ટ અને ટેટૂઝ
- કચ્છી ફેસ એપ અને ફોટોશૂટ
- ફ્રી હેલ્થ ચેક-અપ અને એક્યુપ્રેશર
- લિપસ્ટિક, સાડી ડ્રેપિંગ, કુકિંગ, હેર અને સ્કિન કેર વર્કશોપ

Diamond Sponsor
adani | Anchor | GreatWhite Electricals | दीनदयाल पत्तन प्राधिकरण DEENDAYAL PORT AUTHORITY KANDLA | Welspun | Gujarat Tourism

Silver Sponsor
V-TRANS Driving Excellence | SPMGROUP SINCE 1967 | VPLY Veneer - Wood - Mica | Samyak Realties | BOSS

Supported by: ગુજરાત સરકાર Government of Gujarat
Chamber Partner
Radio Partner: BIG FM dhun badal ke toh dekho
Banking Partner: kotak Kotak Mahindra Bank
Outdoor Partner: BRIGHT OUTDOOR MEDIA PVT. LTD. | THE DZ GROUP
Hospitality Partner: Pragati caterers

## ૧૩ બાંગ્લાદેશી પકડાયા

મુંબઈ: બાન્દ્રા અને નાલાસોપારામાં કાર્યવાહી કરી પોલીસે ભારતમાં ગેરકાયદે રહેતી સાત મહિલા સહિત ૧૩ બાંગ્લાદેશીને પકડી પાડ્યા હતા. પકડાયેલામાંથી ચાર જણને કાનૂની પ્રકિયા પૂર્ણ કરી અગાઉ બાંગ્લાદેશ મોકલવામાં આવ્યા હતા, પરંતુ ફરી ગેરકાયદે તેમણે ભારતમાં પ્રવેશ કર્યો હતો. બાંગ્લાદેશીઓને ભારતમાં લાવનારા એજન્ટ પાસેથી બોગસ આધાર-પૅન કાર્ડ્સ સહિતના દસ્તાવેજો પણ મળી આવ્યા હતા. પકડાયેલા આરોપીઓ વિરુદ્ધ ખાર અને જૂહુ પોલીસ સ્ટેશનમાં ગુના નોંધવામાં આવ્યા હતા. ખાર પોલીસની ટીમ ૨૯ સપ્ટેમ્બરની બપોરે પેટ્રોલિંગ પર હતી ત્યારે બાન્દ્રા ટ્રાફિક ચોકી નજીક એસ. વી. રોડ પર ઊભેલી ત્રણ મહિલા સહિત છ જણ પર શંકા જતાં પોલીસે તેમની પૂછપરછ કરી હતી. પ્રાથમિક પૂછપરછમાં તે બાંગ્લાદેશી નાગરિક હોઈ ભારતીય નાગરિકત્વના તેમની પાસે કોઈ દસ્તાવેજો નહોતા. પકડાયેલામાંથી ચાર આરોપી અગાઉ ભારતમાં ગેરકાયદે વસવાટ કરતાં પકડાયા હતા. કાનૂની પ્રક્રિયા પછી તેમને બાંગ્લાદેશ મોકલવામાં આવ્યા હતા. જોકે ચારેય ફરી ભારતમાં કઈ રીતે પ્રવેશ્યા તેની તપાસ પોલીસ કરી રહી છે. ■

## મુંબઈ એરપોર્ટ પર સ્મગલિંગ સિન્ડિકેટનો પર્દાફાશ

# ચાર બાંગ્લાદેશી સહિત આઠની ધરપકડ: ૧૩.૭૪ કરોડનું સોનું-હીરા જપ્ત

મુંબઈ: ડિરેક્ટરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ (ડીઆરઆઇ)ની ટીમે મુંબઈ એરપોર્ટ પર સ્મગલિંગ સિન્ડિકેટનો પર્દાફાશ કર્યો હતો અને ચાર બાંગ્લાદેશી નાગરિક સહિત આઠ જણની ધરપકડ કરીને ૧૩.૭૪ કરોડ રૂપિયાનું સોનું અને હીરા જપ્ત કર્યા હતા.

ડીઆરઆઇએ ધરપકડ કરેલા આઠ જણની ઓળખ કર્ણાટકના રહેવાસી એમ.એસ. લોના બલ્લી, ભિવંડીના એસ.કે. અન્સારી, બાંગ્લાદેશના નાગરિકો શહાદત હુસેન, મુબારક હુસેન, મોહમ્મદ જુઆળ, મોહમ્મદ મિજાનુદ્દીન અને શ્રીલંકાના નાગરિક મોહમ્મદ રિફાસ તથા મોહમ્મદ અનવર આશિક હસન તરીકે થઇ હતી. તમામને કોર્ટમાં હાજર કરાયા ત્યારે મોહમ્મદ રિફાસ અને મોહમ્મદ અનવરના વકીલ તરીકે અરુણ ગુપ્તા, આશિષ સિંહ અને બિરેન્દ્ર યાદવ હાજર રહ્યા હતા અને તેમણે દલીલ કરી હતી. કોર્ટે આઠેય જણને જુડિશિયલ કસ્ટડી ફટકારી હતી. ■

## સગીરા સાથે દુષ્કર્મ: ૨૦ વર્ષની જેલ

લાતુર: લાતુરની કોર્ટે ૧૨ વર્ષની છોકરી સાથે દુષ્કર્મ આચરવાના કેસમાં આરોપીને ૨૦ વર્ષની કેદ ફટકારી હતી. એડિશનલ સેશન્સ જજ એસ. એ. સૈયદે ગુરુવારે આપેલા પોતાના આદેશમાં નાગઝરીના રહેવાસી પવન બાળાસાહેબ હરબડેને ભારતીય ન્યાય સંહિતા અને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટની સંબંધિત કલમો હેઠળ દોષી ઠેરવીને સજા ઉપરાંત પાંચ હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો.તે છોકરીને પોતાની બહેનના પુણેમાં આવેલા ખાલી ઘરમાં લઇ ગયો હતો, જ્યાં તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. ■

## દક્ષિણ મુંબઈમાં ૨૦૦થી વધુ જૈન સંઘોની વિરાટ સામૂહિક રથયાત્રા રવિવારે

**૪૦૦થી વધુ સાધુ-સાદ્વી ભગવંતોની ઉપસ્થિતિ - ૧૦૮ ફૂટ ઊંચો શાસન ધ્વજ અને ૧૦૦૮ યુવાનોની પરેડ મુખ્ય આકર્ષણ - ધર્મ, એકતા અને સંસ્કારનો સંદેશ આપશે ભવ્ય યાત્રા**




મુંબઈ: મુંબઈમાં બિરાજમાન જૈન ગુરુ ભગવંતોના આધ્યાત્મિક સંદેશ અને જૈન ધર્મના જીવનમૂલ્યોને જન-જન સુધી પહોંચાડવાના ઉદ્દેશથી ૪ ઓક્ટોબર, રવિવારે ભવ્ય સામૂહિક રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી મુંબઈ જૈન સંઘ સંગઠન દ્વારા આયોજિત આ યાત્રામાં દક્ષિણ મુંબઈના ૨૦૦થી વધુ જૈન સંઘો અને સંસ્થાઓ જોડાશે. સવારે ૯ વાગ્યે વી.પી. રોડથી શરૂ થનારી આશરે ૩ કિલોમીટર લાંબી રથયાત્રા વી.પી. રોડ, સિક્કા નગર, ખેતવાડી, પ્રાર્થના સમાજ, ઓપેરા હાઉસ, ગામદેવી, નાના ચોક અને ઑગસ્ટ ક્રાંતિ મેદાન થઈ ગોવાલિયા ટેંક ખાતે પૂર્ણ થશે. ગચ્છાધિપતિ આચાર્ય શ્રી રાજેન્દ્રસૂરીશ્વરી, ગચ્છાધિપતિ કલ્પતરુસૂરિશ્વરજી અને ગચ્છાધિપતિ આચાર્ય શ્રી કલાપૂર્ણસૂરિશ્વરજીના આશીર્વાદ સાથે યોજનારી આ રથયાત્રામાં જય 'ભારત બચાવો, સંસ્કાર બચાવો, માનવતા બચાવો, વિશ્વ બચાવો'નો સંદેશ મુખ્ય રહેશે. આ યાત્રામાં અહિંસા, અનેકાંત, સંયમ, સેવા અને જીવદયાના જૈન મૂલ્યોને ઉજાગર કરવામાં આવશે. યાત્રામાં ૪૦૦થી વધુ સાધુ-સાધ્વી ભગવંતો ઉપરાંત મોટી સંખ્યામાં યુવાનો, મહિલાઓ, બાળકો અને વિવિધ જૈન સંઘોના પ્રતિનિધિઓ ભાગ લેશે. રથયાત્રાને સફળ બનાવવા માટે શ્રી મુંબઈ જૈન સંઘ સંગઠનના વિરેન્દ્રભાઈ શાહ, ઘેવરચંદ બોહરા, ભંવરલાલ કોઠારી, આશિષભાઈ શાહ, રાકેશ શાહ, નીતિન વોરા, મુકેશ જૈન, કલ્પેશ હેક્કડ અને છેલ્લા કેટલાક દિવસોથી તૈયારી કરી રહ્યા છે.

રથયાત્રાના મુખ્ય આકર્ષણોમાં ૨૧ ફૂટની તીર્થંકર પ્રતિમા, મેજિક ટચ બટરફ્લાય, રોબોટિક એલિફેન્ટ, રોબોટ્સ, ૭ પરમાત્મા રથ, ૨ ઇન્દ્ર ધ્વજ, ૧૦૮ ફૂટ ઊંચો શાસન ધ્વજ, ૨૪ અરિહંત પરમાત્માઓની પ્રતિકૃતિ, ૬૪ ઇન્દ્ર ધ્વજ અને વિવિધ ધાર્મિક ઝાંખીઓ રહેશે. આશરે ૩૦૦ બાઇકોની રેલી અને દેવ વિમાન દ્વારા પુષ્પવર્ષા પણ યોજાશે. ■

# ધારાવી એક્સપિરિયન્સ સેન્ટરનું દેવેન્દ્ર ફડણવીસે ઉદ્‌ઘાટન કર્યું



મુંબઈ: ૨ ઓક્ટોબર ૨૦૨૬: મહાત્મા ગાંધીની ૧૫૭મી જન્મજયંતી નિમિત્તે, માનનીય મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસે ધારાવી એક્સપિરિયન્સ સેન્ટરનું ઉદઘાટન કર્યું, જ્યાં રહેવાસીઓ નમૂના ઘરોમાં પ્રવેશ કરી શકે છે, પ્રસ્તાવિત ટાઉનશિપનો ૩ઉ વોક થ્રુ કરી શકે છે અને જોઈ શકે છે કે કેવી રીતે રહેઠાણ, આજીવિકા, જાહેર સુવિધાઓ અને ખુલ્લી જગ્યાઓ એકસાથે આવવાની યોજના છે. તેમણે ધારાવીના એક એન્થમ- ગીતનું પણ અનાવરણ કર્યું અને એશિયાની સૌથી મોટી અનૌપચારિક વસાહતોમાંની એક, તેના દસ લાખથી વધુ રહેવાસીઓનું સન્માન કરતી કોફી ટેબલ બુકનું વિમોચન કર્યું.

૨૨,૫૦૦ ચોરસ ફૂટમાં ફેલાયેલું, ધારાવી એક્સપિરિયન્સ સેન્ટર રહેવાસીઓને લાઇફ-સાઇઝ હોમ મૉડેલ્સ, ડિજિટલ ડિસ્પ્લે અને ઇન્ટરેક્ટિવ પ્રદર્શનો દ્વારા પુનર્વિકાસનો પ્રત્યક્ષ દેખાવ આપે છે. તે ઘરો અને કાર્યસ્થળોથી લઈને પરિવહન અને સમુદાય માળખા સુધી યોજનાના વિવિધ ઘટકોને એકસાથે લાવે છે. વિગતવાર 3D વોકથ્રુ મુલાકાતીઓને વિશાળ પડોશમાંથી પસાર કરે છે, જેમાં રહેણાંક અને વાણિજ્યિક વિસ્તારો, રસ્તાઓ, પરિવહન લિંક્સ, જાહેર સુવિધાઓ અને ખુલ્લી જગ્યાઓ દર્શાવવામાં આવી છે. ઇન્ટરેક્ટિવ પ્રદર્શનો ધારાવીના ઇતિહાસને દર્શાવે છે અને વ્યવસાયો અને ઉદ્યોગસાહસિક પ્રવૃત્તિને પ્રકાશિત કરે છે જેણે તેની ઓળખને આકાર આપ્યો છે અને મુંબઈના અર્થતંત્રમાં ફાળો આપ્યો છે.

કેન્દ્રના હૃદયમાં લાઇફ-સાઇઝ નમૂના ઘરો છે. મુલાકાતીઓ ૩૫૦ ચોરસ ફૂટ અને ૫૦૦ ચોરસ ફૂટના અનફર્નિશ્ડ અને સંપૂર્ણ રીતે સજ્જ એપાર્ટમેન્ટમાંથી ચાલી શકે છે, પ્રસ્તાવિત લેઆઉટનો અનુભવ કરી શકે છે અને જગ્યાઓનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તે સમજી શકે છે. પુનર્વિકાસ યોજના ધારાવીનાં ઘરો અને આજીવિકા વચ્ચે ગાઢ જોડાણ જાળવી રાખવાનો પ્રયાસ કરે છે, જ્યારે શાળાઓ, આરોગ્યસંભાળ સુવિધાઓ, પૂજા સ્થળો, જાહેર પરિવહન, ઉદ્યાનો અને અન્ય સામાજિક માળખાકીય સુવિધાઓ પૂરી પાડે છે. આ યોજનામાં પરિવહનનાં વિવિધ માધ્યમોને એકસાથે લાવવા અને રહેવાસીઓ અને અન્ય મુંબઈકરો માટે કનેક્ટિવિટી સુધારવા માટે રચાયેલ મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટ હબનો પણ સમાવેશ થાય છે.

કેન્દ્ર મીઠી નદીના પ્રસ્તાવિત કાયાકલ્પ, ધારાવીમાં લગભગ ૪૦,૦૦૦ વૃક્ષો અને ૩.૩ કિમી લાંબા જાહેર રિવરફ્રન્ટ પર પણ પ્રકાશ પાડે છે. આ યોજનામાં ઉદ્યાનો અને ખુલ્લી જગ્યાઓ, પડોશમાં વધુ હરિયાળી અને જાહેર વિસ્તારો ઉમેરવાની પણ જોગવાઈ છે. ■

## કોર્ટ રૂમમાં આરોપીનો આત્મદહનનો પ્રયાસ

બીડ: કોર્ટ રૂમમાં જ શરીર પર પેટ્રોલ રેડી આરોપીએ આત્મદહનનો પ્રયાસ કર્યો હોવાની ઘટના બીડ જિલ્લામાં બની હતી. જોકે ત્યાં હાજર વકીલોએ ઝડપથી મધ્યસ્થી કરી આરોપીને ગંભીર પગલું ભરતાં અટકાવી દીધો હતો.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના ગુરુવારની બપોરે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ અંબાજોગાઈમાં જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસની કોર્ટ રૂમ નંબર-૧માં બની હતી. કોર્ટમાં રોજિંદી પ્રક્રિયા ચાલી રહી હતી ત્યારે આરોપી વિલાસ કુંડલિક ઘુગે ત્યાં હાજર હતો.

કેજ તાલુકાના લાડેવડગાંવનો રહેવાસી ઘુગે તેના દીકરા અને વકીલ સાથે ઊભો હતો. કોર્ટ કામકાજ દરમિયાન ઘુગેએ આક્ષેપ કર્યો હતો કે આ કેસનો ફરિયાદી ગામમાં તેની પત્ની વિશે બદનક્ષીપૂર્ણ અફવાઓ ફેલાવતો હતો. આરોપીએ ફરિયાદીને તાત્કાલિક કોર્ટમાં બોલાવવાની માગણી કરી હતી અને આવું નહીં થાય તો તે પોતાના જીવનનો અંત લાવશે, એમ કહ્યું હતું.

તેની વિરુદ્ધ ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ)■

## શિવસેનાના નેતા પુર્ણેકરની હત્યા: શૂટર સહિત બે રાયગડમાં પકડાયા

થાણે: થાણેમાં શિવસેના (યુબીટી)ના વિભાગ પ્રમુખ પ્રદીપ પુર્ણેકરની ગોળી મારી હત્યા કરવામાં કથિત રીતે સંડોવાયેલા શૂટર અને તેના સાથીને પોલીસે રાયગડથી પકડી પાડ્યા હતા.

મળેલી માહિતીને આધારે પોલીસની ટીમે શૂટર નિખિલ યાદવ અને તેના સાથી નીતેશ પવારને રાયગડ જિલ્લાના પેણ નજીકથી તાબામાં લીધા હતા. બન્નેને પકડી પાડવા પોલીસે શુક્રવારની વહેલી સવારે ઑપરેશન હાથ ધર્યું હતું.

ઘોડબંદર રોડ પર આવેલા પક્ષ કાર્યાલય બહાર મંગળવારની રાતે પુર્ણેકર પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. ગોળીબાર પછી હુમલાખોરો બાઈક પર ફરાર થઈ ગયા હતા. ગંભીર રીતે ઘવાયેલા પુર્ણેકરને સારવાર માટે હૉસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું.

ઘટનાને પગલે થાણેમાં ભારેલા અગ્નિ જેવો માહોલ હતો. બુધવારે પોસ્ટમોર્ટમ બાદ પુર્ણેકરના મૃતદેહ સાથે શિવસેના (યુબીટી)ના કાર્યકરો મોટી સંખ્યામાં કાપૂરબાવડી પોલીસ સ્ટેશન બહાર જમા થયા હતા. પુર્ણેકરના પરિવારના સભ્યો સાથે નેતાઓ આદિત્ય ઠાકરે અને સંજય રાઉત પણ પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા. પોલીસે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો અને આર્મ્સ ઍક્ટ હેઠળ પાંચ જણ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. તપાસ બાદ પોલીસે અગાઉ પુર્ણેકરના ભૂતપૂર્વ સાથી પપ્પા શિંદેની ધરપકડ કરી હતી. પોલીસ ફરાર સંતોષ કનોજિયા ઉર્ફે ટલ્લી અને અન્ય અજાણ્યા શખસ વિશે માહિતી મેળવી રહી છે. (પીટીઆઈ)■

## IITના વિદ્યાર્થીઓની ભૂખ હડતાળ

મુંબઈ: આઈઆઈટી બોમ્બેના બીજા વર્ષના વિદ્યાર્થી સાહિલ વાકોડેની કથિત આત્મહત્યાના વિરોધમાં પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓના ગ્રૂપે વહીવટીતંત્ર આ ઘટનાની જવાબદારી સ્વીકારે અને તેના ડાયરેક્ટરના રાજીનામાની માંગ સાથે શુક્રવારે ભૂખ હડતાળ શરૂ કરી હતી. મુંબઈના આઝાદ મેદાનમાં ભૂખ હડતાળ પર બેઠેલા વાકોડેના માતા-પિતાને પોલીસે સપ્તાહના અંતે વિરોધ ચાલુ રાખવાની પરવાનગી ન આપતાં, વિદ્યાર્થીઓએ આ પગલું ભર્યુ હતું.■

## મુંબઈ પોલીસની વિનંતી બાદ ઠાકરે બંધુઓએ રવિવારના વિરોધ પ્રદર્શનનો માર્ગ ટૂંકાવ્યો

મુંબઈ : મુંબઈ પોલીસની ''વિનંતી'' બાદ શિવસેના (યુબીટી) અને એમએનએસએ ચાર ઓક્ટોબરે ચૂંટણીપંચ સામેના તેમના સંયુક્ત વિરોધ પ્રદર્શનનો માર્ગ ટૂંકાવ્યો છે,એમ પક્ષના એક નેતાએ જણાવ્યું હતું.

શિવસેના (યુબીટી)ના નેતા અનિલ પરબે જણાવ્યું હતું કે, પોલીસ કમિશનર દેવેન ભારતીએ ભાયખલા ફ્લાયઓવરના મૂળ માર્ગ પર ટ્રાફિકની સમસ્યાઓ અને સુરક્ષાના જોખમો તરફ ધ્યાન દોર્યા બાદ, અમે માર્ગ બદલી મેટ્રો સિનેમાથી બીએમસી મુખ્યાલય સુધી કૂચ યોજવાનું નક્કી કર્યું છે. અગાઉ બંને પક્ષોએ ભાયખલાથી બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના મુખ્યાલય સુધી કૂચની જાહેરાત કરી હતી. પત્રકાર પરિષદને સંબોધતા પરબે કહ્યું, ''અગાઉના રૂટ મુજબ, અમારે ભાયખલા ખાતે એક ફ્લાયઓવર પરથી પસાર થવાનું હતું. ત્યાં ૩.૫ થી ૪ ફૂટ ઊંચા ડિવાઈડર પણ આવેલા છે. જો કોઈ અનિચ્છનીય ઘટના બને, તો ત્યાંથી બહાર નીકળવા માટે કોઈ જગ્યા નથી. તેથી, મુંબઈના પોલીસ કમિશનરે અમને રૂટ બદલવાની વિનંતી કરી હતી. અમે અમારા પક્ષના વડાઓ સાથે ચર્ચા કર્યા બાદ આ વિનંતીનો સ્વીકાર કર્યો છે.'' (પીટીઆઈ)■

## રાયગડમાં કરુણાંતિકા

## આઠ વિદ્યાર્થીઓના ડૂબવાથી મોત થયાના બીજા દિવસે આળંદીના 'અનધિકૃત' કોચિંગ ક્લાસીસને સીલ કરાયા

મુંબઈ: રાયગડ જિલ્લાના દિવેઆગર બીચ પર આઠ વિદ્યાર્થીના સમુદ્રમાં ડૂબવાથી મોત થયાના બીજા દિવસે શુક્રવારે પુણે જિલ્લાના આળંદી મ્યુનિસિપલ કાઉન્સિલે ખાનગી કોચિંગ ક્લાસીસના પરિસરને સીલ કર્યું હતું. આ ક્લાસીસ ફરજિયાત 'નો-ઑબ્જેક્શન સર્ટિફિકેટ' વિના ચલાવવામાં આવી રહ્યા હતા.

આળંદીમાં વિનર્સ એકેડમીના ૪૨ વિદ્યાર્થીઓ છ શિક્ષક સાથે ગુરુવારે પિકનિક પર દિવેઆગર બીચ ખાતે આવ્યા હતા, જ્યાં ૧૬ વર્ષની વયના આઠ વિદ્યાર્થી પાણીમાં ગયા હતા અને ડૂબવાથી તેમનાં મોત થયાં હતાં. વિદ્યાર્થીઓના મૃત્યુથી આળંદીમાં શોકની લાગણી ફેલાઇ હતી અને શુક્રવારે ત્યાં બંધ પાળવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓના મૃતદેહોને શુક્રવારે સવારે આળંદી લાવવામાં આવ્યા હતા, જ્યાં શોકગ્રસ્ત પરિવારજનો, સંબંધીઓ ઉપરાંત સ્થાનિક રહેવાસીઓ મોટી સંખ્યામાં એકઠા થયા હતા. કૌસ્તુભ દૌંડ અને યશ વાનખેડે નામના બે વિદ્યાર્થીના મૃતદેહને બાદમાં અમરાવતી અને અહિલ્યાનગર જિલ્લામાં લઇ જવાયા હતા. દિવેઆગરની ઘટનાના બીજા દિવસે આળંદી મ્યુનિસિપલ કાઉન્સિલે આદેશ જારી કર્યો હતો કે વિનર્સ એકેડમી કોચિંગ ક્લાસીસ જે મિલકત પર ચલાવવામાં આવી રહ્યા હતા તેના માટે પાલિકા પાસેથી વ્યાવસાયિક પ્રવૃત્તિઓ માટેનું ફરજિયાત નો-ઑબ્જેક્શન સર્ટિફિકેટ/લાઇસન્સ મેળવવામાં આવ્યું નહોતું. રેકોર્ડસની ચકાસણી કરાતાં એવું જાણવા મળ્યું છે કે વિનર્સ એકેડમી મારફત વ્યવસાય શરૂ કરવા માટે મ્યુનિસિપલ કાઉન્સિલ પાસેથી મેળવવામાં આવ્યું નહોતું. પ્રાથમિક દૃષ્ટિએ એવું જણાય છે કે આ એકેડમી જરૂરી પરવાનગી વિના ચાલી રહી હતી. (પીટીઆઇ)■


## ક્લાસિફાઈડ

### ૩૨. જમીન-મિલકત

**લોનાવલામાં**

88 ગુંઠા પ્લસ 13 ગુંઠા એક્સ્ટ્રા, એપ્રુવ્ડ હોટેલ પ્લાન, પ્રાઈમ લોકેશન, લોનાવલા એક્ઝિટ અને જયાનંદધામ સામે, ઓલ્ડ મુંબઈ પુણે હાઈવે પાસે વેચવી છે. 8652222638. (બી-૧૮૧૬૦)

**ફાર્મહાઉસ બંગલો વેચાણથી**

5 BHK (3200 Sq.ft. Carpet) સવા એકર એગ્રીકલ્ચરલ જમીન, કંપાઉન્ડ વોલ સાથે વજ્રેશ્વરી રોડ મેઢેગાવ વિરાર (ઈસ્ટ) બોરીવલીથી માત્ર 45 કિમી. 3.5 Cr. ફાર્મર સર્ટિફિકેટ સાથે. ઓનર:- 9820568080. (જેપી/૪૫૮૧-એ)

**બિલ્ડરર્સને લાયક**

JVPD જુહુમાં - 1100 સ્કવેર યાર્ડ (134 કરોડ):- 8007342828. (૧૪૩૩-ડી)

**PLOTS REQUIRED**

**Budget 100-500 Cr for A+ Category Developer minimum 2500 sqr mtr Prime Location within Bandra to Borivali and South Mumbai only Mihir 9819554066. (1368-C)**

**CONSULTANCY**

One Time Charges for Properties Consultancy, 10000/- Rajubhai Lilyan House, Bhandar Lane, Mahim. "9821559743". (B-18145)

### ૩૩. ધંધાદારી

**દિવાળી ગિફ્ટ**

દિવાળી તથા લગ્ન નિમિત્તે આપવા ગિફ્ટ આઈટમો હોલસેલ ભાવે- 9892930331. (બી-૧૮૧૪૬)

**પાણીની ટાંકીઓ**

મશીનથી કૂવા - સોસાયટીની -ઘરની ટાંકીઓની સફાઈ. યોગી એન્ટરપ્રાઈઝ:- 9820776583/ 9892298963. (૧૩૯૬-સી)

**ગીફ્ટ ડીડ**
**રીલીઝ ડીડ**
**સેલ ડીડ**
**વસીયત**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**

(બી-૧૮૧૬૩)

**મેડિકલેઈમ પોલીસી**

ફેમેલી ફ્લોટર મેડિકલેમ પોલીસી 0 થી નો એજ લીમીટ, 10 લાખથી 50 લાખ અને ઉપર 3 વર્ષની પોલીસીમાં, EMIની સગવડતા ઉપલબ્ધ. શું આપનો દાવો LIC અને GICમાંથી નકારાયો કે વિલંબીત થયો છે? તો અમે આપને યોગ્ય વળતર મેળવી આપીશું. વિગત માટે સંપર્ક:- ''દિલીપભાઈ'' - 9136621227. (૧૪૨૮-એ)

### ૩૪. ફર્નીચર ફીક્ષ્ચર

**એલ્યુમિનિયમ**

**સ્લાઈડિંગ, વિન્ડો, ફોલ્ડિંગ, મચ્છર જાળી, પીજન જાળી, ઈનવિઝિબલ ગ્રિલ, વિશ્વકર્મા એલ્યુમિનિયમ ૯૯૨૦૮ ૪૭૫૯૮. (એસડીબીજી-૩૫૪૨)**

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**HEART HIDDEN SECRETS**

રેકી માસ્ટર / ટેરોટ કાર્ડ / ફેસ, ઓરા એનર્જી રીડર / ન્યુમરોલોજી પ્રેમ પૈસા પરિવાર સંબંધો કારકિર્દી નજરદોષ નકારાત્મક ઉર્જા એનર્જી બેલેન્સ હાર્ટ હીલિંગ Reena - 9833454753. (જેપી-૪૫૭૯-ઈ)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ. (હર્બલ). 9773226675 / 9326448699. (કાંદિવલી). (૧૪૩૨-સી)




(બી-૧૮૧૪૩)

### ૫૨. કુરીઅર્સ

**દુનિયાભરમાં પાર્સલ**

નાસ્તો, મસાલા, કપડાં, મેડિસીન બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૮૧૪૭)

**ફોરેન**

પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ-9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)

**પરદેશમાં પાર્સલ**

અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન - 8879196093 / 9594187418. (બી-૧૮૧૫૮)

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719, 7208019515. (૯૦૦/એ)














# એશિયાડ ટી-૨૦માં આજે ભારત વિરુદ્ધ પાકિસ્તાન

## સુપર સેટરડેમાં ભારતને એશિયાડ ક્રિકેટ-હૉકીમાં બે ગોલ્ડ જીતવાનો અને વન-ડેમાં વાઈટવૉશનો મોકો

નાગોયા/ન્યૂ ચંડીગઢઃ ભારત માટે આજનો દિવસ યાદગાર બની શકે. માત્ર અવિસ્મરણીય જ નહીં, સુવર્ણ પણ બની શકે, કારણકે જાપાનની એશિયન ગેમ્સની મેન્સ ટી-૨૦માં શ્રેયસ ઐયરની કૅપ્ટન્સીમાં ભારતનો પાકિસ્તાન સામે (સવારે ૧૦.૦૦ વાગ્યાથી) મુકાબલો છે. બીજું, મેન્સ હૉકીની ફાઇનલ આજે (બપોરે ૩.૩૦ વાગ્યાથી) ભારતે ઊતરતા ક્રમના મલયેશિયાને હરાવવાનું છે, જ્યારે ભારતમાં વેસ્ટ ઇન્ડિઝ સામે રમાતી વન-ડે શ્રેણીમાં ૨-૦થી આગળ રહ્યા બાદ હવે આજે છેલ્લી મૅચ (બપોરે ૨.૦૦ વાગ્યાથી) પણ જીતીને શુભમન ગિલના સુકાનમાં ભારતે કૅરિબિયનોનો ૩-૦થી વાઇટવૉશ કરવાનો છે.

ભારતે સિરીઝની પહેલી બન્ને વન-ડે વિરાટ કોહલી (અણનમ ૧૩૯), રોહિત શર્મા (૧૦૧ રન) તથા શુભમન ગિલ (૧૧૦ રન અને ૨૨૩ અણનમ)ની સુપર-ડુપર બૅટિંગની કમાલથી અને કુલદીપ યાદવ (૪૦ રનમાં ચાર તથા ૬૫ રનમાં બે વિકેટ) સહિતના બોલર્સના તરખાટથી સિરીઝમાં ૨-૦થી વિજયી સરસાઈ મેળવી લીધી છે.

એક જ દિવસે ત્રણ મોટા મુકાબલા જીતવાનો ભારતને ભાગ્યે જ મોકો મળતો હોય છે અને એ દિવસ આજે આવી પહોંચ્યો છે.

ગુરુવારે મેન્સ હૉકીની સેમિ ફાઇનલમાં ભારતે પાકિસ્તાનને ૪-૩થી હરાવ્યું હતું.

અભિષેક નૈન નામના ખેલાડીએ મૅચની અંતિમ ક્ષણોમાં ભારતને ચોથો (વિનિંગ) ગોલ અપાવ્યો હતો. શનિવારે ભારતે મલયેશિયાને પરાજિત કરીને ગોલ્ડ મેડલ જીતવાનો છે. ગઈ કાલે ભારતની મહિલા હૉકી ટીમે ચીનને ઉથલાવીને સુવર્ણચંદ્રક જીતી લીધો હતો. ■

# બર્થ-ડે ગર્લ લવલીના બની ગોલ્ડન ગર્લઃ મુક્કાબાજ પરવીનને હરીફ ખેલાડીએ જ ઊંચકીને કર્યું સેલિબ્રેશન!

## એશિયન ગેમ્સમાં ભારતીય હૉકી ખેલાડીનો ૨૦૦મી મૅચમાં ગોલ્ડન ગોલ




હૉકીમાં ચૅમ્પિયન બનેલી ભારતની ગોલ્ડન ગર્લ્સ ઑલિમ્પિક્સ માટે ક્વૉલિફાય થઈ ગઈ છે. (પીટીઆઇ)

નાગોયાઃ જાપાનની એશિયન ગેમ્સમાં શુક્રવારનો ૧૪મો દિવસ ભારત માટે આ વખતના રમતોત્સવમાં સૌથી સફળ અને સૌથી અનોખો હતો, કારણકે છ-છ ગોલ્ડ મેડલ મેળવીને ભારત આઠમા નંબરેથી પાંચમા સ્થાન પર તો આવી જ ગયું, કેટલીક ભારતીય સ્પર્ધકો માટે આ દિવસ બીજી એક રીતે પણ યાદગાર બની ગયો હતો.

૨૯ વર્ષીય બૉક્સર લવલીના બોર્ગોહેઇનનો શુક્રવાર, બીજી ઑક્ટોબરે જન્મદિન હતો અને એ જ દિવસે તેણે ૭૫ કિલો વર્ગમાં ચીનની ઝિયી બાઓને જોરદાર પંચ લગાવીને ૫-૦થી પરાજિત કરી ગોલ્ડ મેડલ જીતી લીધો હતો. લવલીના બર્થ-ડેને દિવસે જ ગોલ્ડન ગર્લ બની ગઈ.

શુક્રવારે ભારતીય મહિલા મુક્કાબાજ પરવીન હૂડાએ ૬૫ કિલો વર્ગમાં તાઇપેઇની ઑલિમ્પિક્સ મેડલ વિજેતા ચેન નિએન-ચિનને રોમાંચક મુકાબલામાં ૩-૨થી હરાવી દીધી હતી. ચેને જીતવાની પાક્કી તૈયારી કરી લીધી હતી, પણ જજની પૅનલમાં થોડા મતમતાંતર બાદ પરવીનને ૩-૨થી વિજેતા જાહેર કરવામાં આવી ત્યારે ચેન પોતે રિંગમાં જ પરવીનને ઊંચકીને તેની જીતમાં સહભાગી થઈ હતી. આ જોઈને બધા ખૂબ હસ્યા હતા અને ચેનની લાગણીઓની કદર કરી હતી.

ભારતે મહિલા હૉકીની ફાઇનલમાં ડિફેન્ડિંગ ચીનને ૧-૦થી હરાવીને ગોલ્ડ મેડલ જીતી લીધો હતો. મૅચનો આ એકમાત્ર ગોલ ભારતીય પ્લેયર લાલરેમસિયામીએ ૧૦મી મિનિટમાં કર્યો હતો. ત્યાર પછી આખી મૅચમાં સલિમા ટેટેના નેતૃત્વમાં ભારતે મજબૂત ડિફેન્સ જાળવીને ચીનને એકેય ગોલ નહોતો કરવા દીધો. ગોલ્ડન ગોલકર્તા લાલરેમસિયામીની આ ૨૦૦મી આંતરરાષ્ટ્રીય મૅચ હતી જેને ખુદ તેણે જ પોતાના માટે અને ભારત માટે યાદગાર બનાવી દીધી. ભારતીય મહિલા ટીમ ૪૪ વર્ષે ફરી એશિયાડનો ગોલ્ડ મેડલ જીત્યું અને ૨૦૨૮ની ઑલિમ્પિક્સ માટે ક્વૉલિફાય પણ થઈ ગઈ. ■

# મહિલા હૉકીમાં ભારતની ઐતિહાસિક જીતઃ ૪૪ વર્ષે મળ્યો ગોલ્ડ અને ઑલિમ્પિક્સમાં પ્રવેશ

કકામિગહરા (જાપાન)ઃ એશિયન ગેમ્સના ઇતિહાસમાં ભારતની મહિલા હૉકી ખેલાડીઓએ દેશને ૪૪ વર્ષ પછીનો પ્રથમ ગોલ્ડ મેડલ અપાવ્યો છે.

ભારતીય વિમેન્સ ટીમે ડિફેન્ડિંગ ચૅમ્પિયન ચીનને ૧-૦થી માત આપીને આ અનેરી સિદ્ધિ મેળવી છે. ભારતીય ટીમે આ શાનદાર જીત મેળવવાની સાથે ૨૦૨૮ની લૉસ ઍન્જલસ ઑલિમ્પિક્સમાં સીધો પ્રવેશ પણ મેળવી લીધો છે.

આ ઐતિહાસિક વિજય માટેનો એકમાત્ર ગોલ ૧૦મી મિનિટમાં ભારતની લાલરેમસિયામીએ કર્યો હતો. આ પેનલ્ટી કૉર્નરમાં મળેલો નહીં, પણ ફીલ્ડ ગોલ હતો અને એના પછી બેમાંથી એક પણ ટીમ ગોલ નહોતી કરી શકી. લાલરેમસિયામીની આ ૨૦૦મી મૅચ હતી જેમાં તેણે ભારતને સુવર્ણચંદ્રક અપાવ્યો. સલિમા ટેટેની ભારતીય ટીમે ગોલ વખતે તેમ જ જીત મળ્યા બાદ અસાધારણ સેલિબ્રેશન કર્યું હતું. ■




બૅકહૅન્ડથી ફાઈનલનો એકમાત્ર ગોલ કરતી લાલરેમસિયામી.

# મુક્કાબાજીમાં વધુ બે અને કુસ્તીમાં એક ગોલ્ડ મળ્યો

નાગોયાઃ જાપાનની એશિયન ગેમ્સમાં ભારતે શુક્રવારના ૧૪મા દિવસે છ ગોલ્ડ મેળવ્યા જેમાંથી ત્રણ બૉક્સિંગના, એક રેસલિંગનો, એક મહિલા હૉકીનો અને એક આર્ચરીનો હતો. સવારે મુક્કાબાજીમાં લવલીના બોર્ગોહેઇને અને તીરંદાજીમાં અંકિતા ભકત, કીર્તિ શર્મા અને કુમકુમ મોહોદે ભારતને સુવર્ણચંદ્રક અપાવ્યો ત્યાર બાદ બપોરે અને સાંજે દેશને બૉક્સિંગના બીજા બે ગોલ્ડ મળ્યા હતા. મહિલા હૉકીમાં ભારતે ચીનને ૧-૦થી હરાવીને ચૅમ્પિયનપદ મેળવ્યું હતું. એશિયન ગેમ્સના ઇતિહાસમાં બૉક્સિંગમાં ભારતે આ વખતે સૌથી સારું પર્ફોર્મ કર્યું છે, કારણકે ત્રણ ગોલ્ડ અને ત્રણ બ્રૉન્ઝ સહિત કુલ છ ચંદ્રક જીતી લીધા છે. મેડલ-ટેબલમાં ભારતે પ્રગતિ કરી અને ખેલકૂદમાં કાબેલ ગણાતા બાહરિન, કઝાખસ્તાન, ઇરાન અને થાઇલૅન્ડને પાછળ મૂકીને ટૉપ-ઑર્ડરમાં આવી ગયું.

શુક્રવારે મહિલાઓની તીરંદાજીમાં અંકિતા, કીર્તિ, કુમકુમે ટીમ રીકર્વમાં પ્રથમ સ્થાન હાંસલ કરીને ગોલ્ડ મેડલ પર કબજો કર્યો ત્યાર પછી મહિલાઓની મુક્કાબાજીમાં લવલીનાએ ૭૫ કિલો વર્ગમાં સુવર્ણચંદ્રક જીતી લીધો હતો. પરવીન હૂડાએ ૬૫ કિલો વર્ગમાં ગોલ્ડ મેડલ જીતી બતાવ્યો હતો. લવલીના તથા પરવીને ભારતના ૧૨ વર્ષના ઇન્તેજારનો અંત લાવી દીધો હતો અને બૉક્સિંગ-લેજન્ડ એમ. સી. મૅરી કૉમની બરાબરી કરી હતી. ત્યાર બાદ અંકુશ પંઘાલ પુરુષોમાં એશિયન ગેમ્સનો ગોલ્ડ મેડલ જીતનાર અમિત પંઘાલ પછીનો પ્રથમ ભારતીય બૉક્સર બન્યો હતો. લવલીનાએ ફાઇનલમાં ચીનની ઝિયી બાઓને ૫-૦થી હરાવીને સનસનાટી મચાવી દીધી હતી. પરવીને ૨૦૨૪ની પૅરિસ ઑલિમ્પિક્સની બ્રૉન્ઝ મેડલિસ્ટ તાઇપેઇની ચેન નિએન-ચીનને રસાકસીભર્યા ફાઇનલ બાઉટમાં ૩-૨થી પરાજિત કરી હતી. અંકુશ પંઘાલે ૮૦ કિલો વર્ગમાં સાઉથ કોરિયાના કિમ મિન્સેઑન્ગને ૪-૦થી પછાડીને ગોલ્ડ મેડલ જીતી લીધો હતો. કુસ્તીમાં ૨૩ વર્ષના સુજીત કલ્કલે ફાઇનલમાં તાજિકિસ્તાનના અબ્દુલમાઝિદ કુદીવન સામે ૨-૯થી પાછળ રહ્યા પછી સતત આઠ પૉઇન્ટ મેળવીને છેવટે વિજય મેળવ્યો હતો. ■

### હૉકી ફાઇનલ કયા કારણસર મોડી થઈ એ જાણો છો?

કકામિગહરા (જાપાન)ઃ અહીં એશિયન ગેમ્સમાં શુક્રવારે સાંજે મહિલા હૉકીમાં ભારત અને ચીન વચ્ચેની ફાઇનલ પોણો કલાક મોડી શરૂ થઈ હતી અને એનું કારણ ખૂબ આશ્ચર્ય પમાડે એવું છે. બન્ને ટીમની બસ સ્ટેડિયમ તરફ આવી રહી હતી ત્યારે માર્ગમાં અન્ય વાહનોનો એક અકસ્માત થતાં ટ્રાફિક જૅમ થઈ ગયો હતો. પરિણામે, ખેલાડીઓ સમયસર સ્ટેડિયમ પર ન આવી ત્યારબાદ તેમના આગમન પછી ફાઇનલ ૪૫ મિનિટ મોડી શરૂ થઈ હતી. ■

## નારી શક્તિનો જયજયકાર: ભારતના મેડલ-વિજેતાઓમાં ૯૫ મહિલા અને ૮૦ પુરુષ




બૉક્સિંગમાં લવલીના (જમણે)ના ગોલ્ડ ઉપરાંત પ્રિયા, કપિલ તથા નરેન્દર બ્રૉન્ઝ જીત્યા હતા.

### એશિયન ગેમ્સ મેડલ-ટેબલઃ ભારત ટૉપ-ફાઇવમાં આવી ગયું

| દેશ | ગોલ્ડ | સિલ્વર | બ્રૉન્ઝ | કુલ |
|---|---|---|---|---|
| ચીન | ૧૬૨ | ૮૧ | ૭૩ | ૩૧૬ |
| જાપાન | ૭૨ | ૮૩ | ૮૫ | ૨૪૦ |
| સાઉથ કોરિયા | ૩૩ | ૩૯ | ૬૨ | ૧૩૪ |
| ઉઝબેકિસ્તાન | ૨૦ | ૨૩ | ૨૨ | ૬૫ |
| ભારત | ૧૬ | ૨૫ | ૩૫ | ૭૬ |

નોંધઃ ૨૦૨૨ની પાછલી એશિયન ગેમ્સમાં ભારત ૨૮ ગોલ્ડ સહિત કુલ ૧૦૬ ચંદ્રક સાથે ચોથા નંબરે હતું. આ વખતના રમતોત્સવને માત્ર બે દિવસ બાકી છે.

નાગોયાઃ જાપાનની એશિયન ગેમ્સ-૨૦૨૬માં ભારતથી કુલ ૫૦૩ ઍથ્લીટ-ખેલાડી જાપાન પહોંચ્યા હતા જેમાંથી ઘણા પાછા આવી ગયા છે, કેટલાક આવી રહ્યા છે અને બીજા અમુક બે-ત્રણ દિવસ પછી આવશે.

શૈક્ષણિક સ્તરની વાત કરીએ તો દેશમાં ઘણી વખત ૧૦મા કે ૧૨મા ધોરણની પરીક્ષામાં છોકરાઓ કરતાં છોકરીઓ ચડિયાતું પર્ફોર્મ કરતી હોય છે એવું ખેલજગતમાં પણ ઘણી વાર બનતું હોય છે. પુરુષ કરતાં મહિલા ઍથ્લીટો-ખેલાડીઓ મેદાન મારી જતા હોય છે.

જાપાનની એશિયન ગેમ્સમાં શુક્રવાર સુધીના ૧૪ દિવસમાં ભારતના કિસ્સામાં આવું જ બન્યું. ભારતને કુલ ૭૬ ચંદ્રક અપાવવામાં પુરુષ કરતાં મહિલા સ્પર્ધકોની સંખ્યા ઘણી વધુ હતી. ભારતે શુક્રવાર મોડી સાંજ સુધીમાં ૧૬ સુવર્ણ, પચીસ રજત અને ૩૫ કાંસ્યચંદ્રક સહિત કુલ ૭૬ ચંદ્રક મેળવ્યા જેમાં મહિલા સ્પર્ધકોનું વધુ સારું યોગદાન હતું. આ ૭૬ ચંદ્રક અપાવનારી મહિલા સ્પર્ધકોની સંખ્યા ૯૫ હતી, જ્યારે પુરુષ સ્પર્ધકોની સંખ્યા ૮૦ હતી.

જોકે ભારતની મેન્સ ક્રિકેટ ફાઇનલ અને મેન્સ હૉકી ફાઇનલ રમાવાની હજી બાકી હોવાથી પુરુષ સ્પર્ધકોની સંખ્યા કદાચ વધી શકે. ■

---

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પ્રથમ | દીવડો |
| પ્રદક્ષિણા | દેખાવ |
| પ્રદર્શન | આપવું |
| પ્રદાન | ફેરા ફરવા |
| પ્રદીપ | પહેલો |

### જાણવા જેવું

જમરૂખનાં ઝાડ ઘણું કરીને સર્વ દેશમાં થાય છે. હિંદુસ્તાનમાં એની ઉત્પત્તિ ઘણી છે. હિંદુસ્તાનમાં અલ્હાબાદમાં જમરૂખ એકથી સવા શેરનાં થાય છે. કાઠિયાવાડમાં કુંડલા, મહુવા અને ગુજરાતમાં ધોળકા અને મુંબઈ તરફના જામફળ વખણાય છે. સફેદ ગર્ભના જામફળ બહુ મીઠાં હોય છે. આ ફળ ઠંડું છે.

### ગુજરાત મોરી મોરી રે

વિવિધ ભાષાના સાહિત્યકારો તખલ્લુસ રાખવા માટે જાણીતા છે. કયા સર્જકનું તખલ્લુસ 'કાન્ત' હતું એ શોધી કાઢો.

અ) અશ્વિની ભટ્ટ
બ) મધુસૂદન પારેખ
ક) ધીરુભાઈ મહેતા
ડ) મણિશંકર ભટ્ટ

### નોંધી રાખો

*સમય સતત સરતો રહે છે. 'કંઈ નહીં' બોલતાની સાથે કશાકનું સર્જન થઈ જતું હોય છે અને 'કંઈ નહીં' એ કંઈ નહીં રહેતું નથી.*

### શબ્દલાલિત્ય



**આડી ચાવી**

૧. ભાગ્યશાળી (૫)
૪. પ્રયોગ (૪)
૭. તિબેટનો વડો ધર્મગુરુ (૨)
૮. ખાટું (૩)
૯. સત્તા, શાસન (૩)
૧૧. ચંદ્રક (૩)
૧૩. પંચાત, ભાંજગડ (૪)
૧૫. આનંદ (૨)
૧૬. બાંધી --- લાખની (૨)
૧૭. ટાંચણ, ટીપણી (૨)
૧૮. એક કઠોળ (૨)
૧૯. શેરડીનો રસ (૪)
૨૦. સદ્‌બુદ્ધિ (૩)
૨૧. પતિ (૩)
૨૪. --- સો હથિયાર (૩)
૨૬. ગુફા (૨)
૨૭. ગપ્પાં, નવરાશની વાતો (૪)
૨૮. --- કરવું=નોકરીમાં કાઢી મૂકવું (૫)

**ઊભી ચાવી**

૧. સ્પષ્ટતા (૩)
૨. મીણબત્તી (૨)
૩. એક જાતનું લાકડું (૩)
૪. અમારું (૨)
૫. પ્રાપંચિક, ગોઠવણ (૪)
૬. રુચિકર (૩)
૧૦. પંચાતિયો (૩)
૧૨. ફોરમ, સુવાસ (૩)
૧૪. --- કી ગત --- જાને, ઔર ન જાને કોઈ (૩)
૧૫. મોક્ષની ઈચ્છાવાળું (૩)
૧૬. મુકરર કરેલો સમય (૩)
૧૮. વાર (૩)
૧૯. --- નું પુનરાવર્તન થતું જ રહે છે (૪)
૨૦. જમીનની અંદર ખોદેલું ભોંયરું, ટનલ (૩)
૨૨. કપટી, દગાબાજ (૩)
૨૩. પ્રતિસ્પર્ધી (૩)
૨૫. જાપ (૨)
૨૬. સાપ અને ઉંદરનું ઘર (૨)

**ગયા વખતનો ઉકેલ**



### ઓળખાણ પડી?



ટેસ્ટ ક્રિકેટમાં ૪૦૦ વિકેટની સિદ્ધિ મેળવનારા પ્રથમ બોલરની ઓળખાણ પડી? ઓલરાઉન્ડર તરીકે નામના મેળવી હતી.

અ) ઈયાન બોથમ
બ) રે બ્રાઈટ
ક) શોન પોલોક
ડ) રિચર્ડ હેડલી

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

જાપાનમાં એશિયન ગેમ્સ કરવામાં આવ્યું. એશિયાના દેશો માટેના વિશેષ રમતોત્સવનો પ્રારંભ કયા વર્ષમાં થયો હતો?

અ) 1949 બ) 1951 ક) 1957 ડ) 1960

### માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓઃ 16, 36, 60, 88, 120, ... વચ્ચે રહેલો સંબંધ ઓળખી ગણતરી કરીને કહો કે 120 પછી કઈ સંખ્યા આવે?

અ) 134 બ) 148 ક) 156 ડ) 160

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૬ | | ૯ | | ૪ | ૩ | | |
| ૩ | | | | ૭ | | ૨ | | |
| ૯ | | ૧ | | | ૬ | | | |
| ૪ | | ૭ | | | | | | ૯ |
| | ૩ | | | | | | ૧ | |
| ૫ | | | | | | ૮ | | ૨ |
| | | | ૨ | | | ૧ | | ૭ |
| | | ૨ | | ૩ | | | | ૮ |
| | | ૯ | ૫ | | ૧ | | ૨ | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૮ | ૪ | ૨ | ૭ | ૬ | ૫ | ૯ | ૩ |
| ૭ | ૬ | ૫ | ૩ | ૧ | ૯ | ૮ | ૨ | ૪ |
| ૩ | ૨ | ૯ | ૫ | ૮ | ૪ | ૧ | ૬ | ૭ |
| ૫ | ૧ | ૮ | ૬ | ૪ | ૨ | ૭ | ૩ | ૯ |
| ૨ | ૯ | ૭ | ૧ | ૩ | ૫ | ૬ | ૪ | ૮ |
| ૬ | ૪ | ૩ | ૭ | ૯ | ૮ | ૨ | ૫ | ૧ |
| ૮ | ૭ | ૨ | ૯ | ૫ | ૩ | ૪ | ૧ | ૬ |
| ૯ | ૫ | ૧ | ૪ | ૬ | ૭ | ૩ | ૮ | ૨ |
| ૪ | ૩ | ૬ | ૮ | ૨ | ૧ | ૯ | ૭ | ૫ |

### ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| પ્રથા | રિવાજ |
| પ્રદેશ | મુલક |
| પ્રધાન | વજીર |
| પ્રપંચ | છળકપટ |
| પ્રબંધ | ગોઠવણ |

ગુજરાત મોરી મોરી રેઃ
નટવરલાલ પંડ્યા

ઓળખાણ પડી?
જેમ્સ એન્ડરસન

માઈન્ડ ગેમ :
152

ચતુર આપો જવાબ માથું ખંજવાળો :
Mijan Lopez

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ડૉ. પ્રકાશ કટકિયા (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) ભારતી બુચ (૫) ભરત કજરિયા (૬) ધીરેન્દ્ર મુલરાજ (૭) પ્રતિમા પમાણી (૮) મુલરાજ કપૂર (૯) ભામિની સંપટ (૧૦) શ્રદ્ધા આશર (૧૧) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) લજિતા ખોના (૧૪) મીનળ કાપડિયા (૧૫) મહેશ એન. સંઘવી (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) કમલ માતલિયા (૧૮) અમીશી બંગાળી (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) નિખિલ બંગાળી (૨૨) નંદુભાઈ અ. ગોઠી (૨૩) વિપીન શાહ (૨૪) શિલ્પા શ્રોફ (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) ભાવના કર્વે (૨૭) નિતીન જયંતીલાલ બજરિયા (૨૮) વિણા સંપટ (૨૯) ગિરીશ બાબુબાઈ મિસ્ત્રી (૩૦) જયવંત પદમશી ચિખલ (૩૧) ડાયના સંતોકે (૩૨) જ્યોત્સના ગાંધી (૩૩) અલકા વાણી (૩૪) હિનાબેન દલાલ (૩૫) ઈનાક્ષીબેન દલાલ (૩૬) રમેશભાઈ દલાલ (૩૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૮) સુભાષ મોમાયા (૩૯) નીતા દેસાઈ (૪૦) પુષ્પા પટેલ (૪૧) તાહેર ઔરંગાબાદવાલા (૪૨) શીરીન ઔરંગાબાદવાલા (૪૩) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૪) મહેશ દોશી (૪૫) નયના ગિરીશ મિસ્ત્રી (૪૬) નેહુલ એમ. સંઘવી (૪૭) હેમાંગી કે. મારુ

મુંબઈ સમાચાર
વીકએન્ડ

## સ્પોર્ટ્સમૅન

સાશા
feedback@
bombaysamachar.com

# કોહલીને વિરાટ લોકપ્રિયતાએ બનાવ્યો ખેલ જગતનો યુગપુરુષ

## ભારતીય બૅટિંગ-લેજન્ડ મેદાન પરની ટૅલન્ટ ઉપરાંત ફિટનેસ માટે પણ દુનિયાભરના લોકોમાં પ્રિય છે

**રમતગમતની** દુનિયામાં પ્રશંસક હોવા એ કોઈ અજાયબી નથી. દરેક દેશમાં એવા ખેલાડી હોય છે જ જેમને જોઈને બાળકો તેમના જ જેવા બનવા માગતા હોય છે. જેમના નામની જર્સી પહેરીને તેઓ સ્ટેડિયમ પર પહોંચી જાય છે અને જેમની એક ઇનિંગ્સથી આખો દેશ ન્યાલ થઈ જાય છે. જોકે ક્યારેક કોઈક ખેલાડી પોતાના દેશની સીમા પાર કરીને ખૂબ દૂર નીકળીને બીજા દેશોના દર્શકોની કલ્પનાઓ અને ભાવનાઓમાં પણ એવું જ આત્મીય સ્થાન બનાવી લેતો હોય છે.

વિરાટ કોહલી એ જ દુર્લભ શ્રેણીનો ખેલાડી છે. આ કોઈ ભાવનાત્મક ટિપ્પણી નથી. આવું કહેવા પાછળ સંગીન આધાર અને સંકેત છે. માર્ચ, ૨૦૨૬માં ગિનેસ વર્લ્ડ રેકૉર્ડ્સે એના ઇન્સ્ટાગ્રામ પર લગભગ ૨૭.૫ કરોડ ફૉલોઅર્સનો ઉલ્લેખ કર્યો. એ રીતે વિરાટ દુનિયામાં સૌથી વધુ ફૉલો થતો ક્રિકેટર છે. અન્ય પ્રોફેશનલ ખેલાડીઓની વચ્ચે પણ વિરાટની ડિજિટલ પહોંચ અસાધારણ છે. વિરાટની લોકપ્રિયતાની ખરી ઊંચાઈ એ છે જેમાં તે એવા ક્ષેત્રે તેમ જ એવા દેશોમાં પણ પ્રચલિત છે જ્યાં ક્રિકેટનું સ્થાન ખૂબ ઓછું છે અને જ્યાં ભારત પ્રત્યે ક્રિકેટ સંબંધિત ભાવના હંમેશાં અનુકૂળ નથી હોતી.



વિરાટ કોહલીના નામે કુલ ૮૬ આંતરરાષ્ટ્રીય સેન્ચુરી છે. એમાંથી વન-ડેની પંચાવન સદી વર્લ્ડ રેકૉર્ડ છે.





અનેક ક્રિકેટપ્રેમીઓ અનેરી ફિટનેસ બદલ પણ વિરાટના દીવાના છે.

એ તો સુવિદિત છે કે ભારત-પાકિસ્તાન વચ્ચે ક્રિકેટના મેદાન પરની કટ્ટરતા ખેલની દુનિયામાં સૌથી વધુ છે. એવામાં પાકિસ્તાનના ક્રિકેટપ્રેમીઓના દિલમાં કોઈ ભારતીય ખેલાડીની લોકપ્રિયતા ઊડીને આંખે વળગે એવી વાત કહેવાય. આ જ છે, વિશ્વ સ્તરે કોહલીની વિરાટ લોકપ્રિયતાનું સર્વશ્રેષ્ઠ ઉદાહરણ. ૨૦૨૩ની સાલમાં અલ જઝીરાએ પાકિસ્તાનના ક્રિકેટપ્રેમીઓ વચ્ચે વિરાટની લોકપ્રિયતા બાબતમાં એક વિસ્તૃત રિપોર્ટ બનાવ્યો હતો. એમાં પ્રશંસકોએ વિરાટની બૅટિંગની સાથે તેની ફિટનેસ, ક્રિકેટની રમત પ્રત્યેના ઝનૂન તથા વિપક્ષી ખેલાડીઓ પ્રત્યેની સન્માનની ભાવનાની કદર કરી હતી અને આ બધાં કારણોસર તેમને વિરાટ પ્રિય છે એવું કહ્યું હતું.

રિપોર્ટમાં એવું પણ જણાવાયું હતું કે પાકિસ્તાનમાં ભારત સામેની મૅચ દરમ્યાન પ્રેક્ષકોએ વિરાટ-તરફી સૂત્રો પોકાર્યા હતા. ૨૦૨૫માં ચૅમ્પિયન્સ ટ્રોફી દરમ્યાન પણ પાકિસ્તાનમાં એક મૅચના ખાસ સ્ક્રીનિંગ વખતે વિરાટની સેન્ચુરી પર પાકિસ્તાની લોકોએ તેની તરફેણમાં સૂત્રો પોકાર્યાં હતાં. એટલું જ નહીં, પાકિસ્તાનના ટીવી-દર્શકોએ વિરાટની સેન્ચુરી પર જશન મનાવ્યો એની તસવીરો પણ વાઇરલ થઈ હતી. અહીં મહત્ત્વપૂર્ણ વાત સમજવાની જરૂર છે કે વિરાટની આ લોકપ્રિયતાનો અર્થ એ નથી કે કોઈ અન્ય દેશના પ્રશંસકો પોતાની રાષ્ટ્રીય ટીમને પ્રેમ નથી કરતા અથવા ઓછો કરે છે. આનો અર્થ એ છે કે વિરાટ પ્રત્યેનો તેમનો પ્રેમ અને સન્માન બતાવે છે કે રમતગમતના મેદાન પરની હરીફાઈ અને કોઈ અસાધારણ ખેલાડી પ્રત્યેની ભાવના કે તેની પ્રશંસા એક સાથે જોવા મળી શકે છે.

કોહલીની જે વિરાટ પ્રતિભા છે એ જ તેની લોકપ્રિયતાનો સૌથી મોટો આધાર છે. તેના આંકડા અને તેની ફિટનેસ એટલા બધા મજબૂત છે કે તેની લોકપ્રિયતા અને તેના પર્ફોર્મન્સને અલગ-અલગ દૃષ્ટિકોણથી જોઈ જ ન શકાય. ક્રિકેટના ભગવાન સચિન તેન્ડુલકરે જ્યારે ૪૬૩ વન-ડે મૅચમાં ૧૮,૪૨૬ રન બનાવ્યા, જ્યારે વિરાટ કોહલીએ તેનાથી ૧૦૦ મૅચ ઓછી રમીને (માત્ર ૩૧૫ મૅચમાં) ૧૫,૦૮૦ રન બનાવ્યા છે. આ બાબતમાં શ્રીલંકાના કુમાર સંગકારાએ તેનાથી વધુ ૮૯ મૅચ રમીને તેનાથી ઓછા (૧૪,૨૩૪) રન બનાવ્યા હતા. રિકી પૉન્ટિંગ તેનાથી વધુ ૬૦ વન-ડે રમ્યો હતો અને કુલ ૧૩,૭૦૪ રન બનાવ્યા હતા. શ્રીલંકાનો સનથ જયસૂર્યા તો તેનાથી ૧૩૦ વન-ડે વધુ રમ્યો હતો અને તેના કરતાં ઓછા એટલે કે ૧૩,૪૩૦ રન બનાવ્યા હતા.

કોઈ બે મહાન ક્રિકેટર વચ્ચેની સરખામણી આમ તો ઠીક ન કહેવાય, કારણકે દરેક પ્લેયર અન્ય કરતાં અલગ ખેલાડીઓ સામે, ભિન્ન પરિસ્થિતિમાં અને અલગ ફિટનેસ તથા ટૅલન્ટને આધારે રમ્યો હોય છે. જોકે એક વાત સ્પષ્ટ થાય જ છે કે વન-ડે ક્રિકેટના જીવંત તમામ મહાન ખેલાડીઓમાં વિરાટ કોહલી જેવો કોઈ નથી. તેના કરતાં ચડિયાતી બૅટિંગ-સરેરાશ કોઈની નથી. માત્ર રનની બાબતમાં જ નહીં, લિસ્ટ-એ ક્રિકેટમાં પણ વિરાટ ક્રિકેટના ભગવાન સચિનની બરાબરીમાં છે. બન્નેએ આ ફૉર્મેટમાં ૬૦-૬૦ સેન્ચુરી ફટકારી છે. સચિને લગભગ ૧૩ વર્ષ પહેલાં નિવૃત્તિ લઈ લીધી હતી ત્યારે વિરાટ ૨૦૨૭ના ઑક્ટોબરમાં રમાનારા વન-ડે વર્લ્ડ કપ સુધી તો રમવા પ્રતિબદ્ધ છે જ. ત્યાં સુધી તે પોતાની શાનદાર બૅટિંગનો નઝારો બતાવતો જ રહેશે.

વિરાટ કોહલીએ ઘણા દિગ્ગજોને સેન્ચુરી અને રનની બાબતમાં પાછળ મૂકી દીધા છે. માત્ર ઇંગ્લૅન્ડનો જૉ રૂટ એવો ખેલાડી છે જે આંકડાની દૃષ્ટિએ વિરાટ માટે પડકારરૂપ છે. બીજી ખાસ વાત એ છે કે ઘણા રેકૉર્ડમાં વિરાટ પહેલા બે-ત્રણ સ્થાનમાં જોવા મળે જ છે. રનચેઝની રેકૉર્ડ-બુકમાં જે ખેલાડી જીતમાં સૌથી વધુ વખત સામેલ છે એમાં તે સચિન અને ધોની પછી ત્રીજા નંબરે છે. સચિન ૧૨૭ વખત રનચેઝ કરીને મેળવેલી જીતમાં સામેલ છે, જ્યારે ધોની આવી ૧૧૬ જીતમાં સામેલ છે. વિરાટ અત્યાર સુધીમાં ૧૧૨ વખત રનચેઝમાં વિજય માણી ચૂક્યો છે. એ રીતે, ધોનીથી વિરાટ ફક્ત ચાર ડગલાં અને સચિનથી ૧૫ ડગલાં પાછળ છે.

કોઈ એક દેશ વિરુદ્ધ સૌથી વધુ સેન્ચુરી ફટકારવાની વાત હોય કે કોઈ એક મૅચની ઇનિંગ્સમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાનો રેકૉર્ડ હોય, વિરાટના આંકડા દરેક જગ્યાએ ચમકતા જોવા મળ્યા છે. એના પરથી કોઈને પણ અંદાજ થાય કે વિરાટ માત્ર વ્યક્તિત્વની દૃષ્ટિએ નહીં, ખેલની પ્રતિભાની બાબતમાં પણ અપ્રતિમ છે અને આખી દુનિયા એટલે જ તેની પાછળ ગાંડી છે. વિરાટ માત્ર ટૅલન્ટેડ પ્લેયર જ નથી, તે આક્રમક ખેલાડી પણ છે અને ભલભલા બોલરની ખબર લઈ શકે છે. તેની વિશેષતા એ છે કે તે મેદાન પર જેટલો અગ્રેસિવ છે એટલો જ મેદાનની બહાર સહજ સ્વભાવવાળો અને આત્મીય છે. ચાહકો વચ્ચે કે પત્રકારો સાથેના ઇન્ટરવ્યૂમાં તે અનુક્રમે ડાઉન ટૂ અર્થ અને વિનમ્ર જોવા મળ્યો છે. તે ખ્યાતનામ ધર્મગુરુઓ (નીમ કરોલી બાબા તથા પ્રેમાનંદ મહારાજ)નો ભક્ત પણ છે અને એટલે જ લગભગ દર વર્ષે પત્ની અનુષ્કા સાથે તેમના (પ્રેમાનંદ મહારાજના) આશ્રમમાં જતો હોય છે જેના વીડિયો ખૂબ વાઇરલ થઈ જતા હોય છે. તે માત્ર તેમને મળવા કે તેમના આશીર્વાદ લેવા નહીં, પણ તેમને સાષ્ટાંગ પ્રણામ પણ કરે છે જે તેની વિનમ્રતાનું સુંદર ઉદાહરણ છે.

વિરાટની આંખોમાં ક્રિકેટ પ્રત્યે ખૂબ ઝનૂન જોવા મળ્યું છે અને વિપક્ષી ખેલાડીઓ સાથે ભીડવાની તત્પરતા પણ જોવા મળી છે. જીત માટે તો તેની આંખોમાં જે જોશ-ઝનૂન ટપકતા જોવા મળે છે એ તેના શાંત વ્યક્તિત્વથી તદ્દન વિપરીત છે. જોકે તેની આ આક્રમકતા ખૂબ જ ન્યાયપ્રિય, પ્રામાણિક અને સહજ હોય છે. એટલે જ તો માત્ર ભારતીય પ્રશંસકો જ નહીં, પાકિસ્તાન સહિત અનેક દેશોના ક્રિકેટપ્રેમીઓ તેના ફૅન છે. સચિન અને ધોની પ્રત્યે પણ દુનિયાભરના લોકોમાં પ્રેમ હતો, પણ વિરાટ પ્રત્યેનો સ્નેહ કંઈક અલગ જ છે.

વિરાટની વાત કરીએ ત્યારે તેની ફિટનેસને અવગણીએ તો અન્યાય થયો કહેવાય. તે ફિટ રહેવા માટે જે શારીરિક તૈયારીઓ કરતો હોય છે એ અસાધારણ છે. તેણે ખાવા-પીવાની બાબતમાં પણ ઘણો ત્યાગ કર્યો છે અને તેનું ડાયટ અદ્ભુત છે. દુનિયાભરના ક્રિકેટપ્રેમીઓ તેની ક્રિકેટિંગ ટૅલન્ટ ઉપરાંત તેની ફિટનેસના પણ દીવાના છે. મેદાનની બહાર કોહલીનું વ્યક્તિત્વ અને વ્યાવસાયિક લોકપ્રિયતા પણ વિરાટ છે. તેની પાસે ક્રિકેટરોમાં સૌથી વધુ સંખ્યામાં અને સૌથી મોંઘાદાટ એન્ડોર્સમેન્ટ છે. ટૂંકમાં, કેટલાક ખેલાડીઓને તેમના દેશમાં મહાન ગણવામાં આવતા હોય છે તો કેટલાકને ખેલ જગતના યુગ પુરુષ કહેવામાં આવે છે. વિરાટ માત્ર પોતાના યુગમાં જ નહીં, પરંતુ ધીમે-ધીમે સર્વકાલીન મહાનાયક બનવાની દિશામાં આગળ વધી રહ્યો છે. ■

---

## અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@
bombaysamachar.com

# કાન્ડરસ્ટેગમાં કારને પણ મળી સ્વિસ ટ્રેનની સવારી...

**મન** પડે ત્યારે સ્વિત્ઝરલૅન્ડ નીકળી શકાય એનો અર્થ એ નહીં કે સ્વિત્ઝરલૅન્ડમાં જે જોવું હોય તે જોવા પણ મળી જાય. ખાસ કરીને અમે મેટરહોર્નનો ટૂંકો પ્લાન બનાવવામાં વેધર ગમે ત્યારે બદલાઈ શકે છે એ તો વિચાર જ ન કર્યો. જે દિવસે અમે મેટરહોર્ન જવા સજ્જ હતાં તે દિવસે આપણું બેસતું વર્ષ તો હતું, પણ પહેલાં જે દિવસ ૧૫થી ૧૮ ડિગ્રી અને ચળકતા સૂરજવાળું વેધર બતાવતો હતો, તે આગલી રાતથી દસ ડિગ્રીથી ઓછું મેક્સિમમ ટેમ્પ્રેચર અને ઝરમર વરસાદ બતાવતો હતો.

એ ઝરમર વરસાદ થોડી વાર માટે તો મુશળધાર પણ બની ચૂક્યો હતો. અમે હોફસ્ટેટેનથી નીકળ્યાં ત્યારે તો માહોલ મજેદાર હતો. જોકે અમે બરાબર જેકેટ, મફલર, હાથનાં મોજાં, ટોપી, અને નાસ્તો બધું ભરીને મન મક્કમ કરીને મેટરહોર્ન તરફ નીકળી જ પડ્યાં. મોટાભાગે કંઈ ને કંઈ તો જોવા મળી જ જશે એવું વિચારેલું. સાવ નજીક જઈને પહાડોનો સ્નો તો જોઈ જ લઈશું એ નક્કી હતું.

રસ્તામાં વરસાદ સાથે ધીમે ધીમે ફોગ ઊપડી રહ્યું હતું. વચ્ચે વચ્ચે ક્યાંક ગ્રે વાદળો વચ્ચે પહાડો પર થોડું બ્લુ આકાશ પણ ડોકિયું કાઢી લેતું હતું. રોડ પર બધી તરફ બસ જોયા કરવામાં જ ટ્રિપની મોટાભાગની મજા થતી હતી. જાણે ક્યાં જઈ રહ્યાં છીએ તેનાથી કોઈ ફરક જ નહોતો પડતો.

ઝેરમાટ પહોંચવા માટે આમ તો ખરાબ વેધરમાં પહાડી રસ્તા પર ત્રણ કલાક જેવું લાગી શકે, પણ અમે રસ્તામાં કારને જ ટ્રેનમાં મૂકીને અડધા કલાકથી વધુ સમય બચાવવાનાં હતાં.



આ પહેલાં અમે કારને બોટમાં તો અનેક વાર મૂકી ચૂક્યાં હતાં. હવે કારને ટ્રેનમાં મૂકવાનાં હતાં. આશરે બે કલાકની મજેદાર રાઇડ પછી કાન્ડરસ્ટેગ સ્ટેશન આવ્યું ત્યારે ત્યાં કારની લાઈન લાગી હતી. આ લ્યોશબર્ગ ટ્રેન રૂટ દરેક વેધરમાં એટલો જ લોકપ્રિય છે.

ખાસ તો કપરા પહાડો પર ગાડી ન ચડાવવામાં કોને રસ ન હોય. અમને તો એમ કે ખરાબ વેધરમાં ત્યાં કોઈ નહીં હોય. એને બદલે અમારી ગાડીને પણ ત્યાં લાઈનમાં ઊભું રહેવું પડ્યું.

કારને એક ટ્રેક પર ઊભી રાખવાની હતી. કોઈ સાધારણ ટોલ બૂથ જેવું ટિકિટ બૂથ આવ્યું. અમે વન-વે ટિકિટ લીધી અને ગાડી આગળ ચાલી. તે પછી એક લાંબો માથા પર મેટલ કવરવાળો બ્રિજ આવ્યો. ત્યાં પણ અમારી આગળ ઘણી કાર હતી. બધાં એક નિશ્ચિત સ્પીડ પર ચાલી રહ્યાં હતાં.

બંને તરફ આલ્પ્સની હારમાળા વાદળોમાં ઢંકાયેલી હતી. ફોગમાં ખાસ વિઝિબિલિટી હતી પણ નહીં. તેમાં પણ એક વાર કાર ટ્રેન ટ્રેકના વેગન પર ચઢી ગઈ પછી તો જાણે એક લાંબી કાર-વોશ પ્રોસેસ ચાલુ થઈ હોય તેવું લાગતું હતું. ચારે તરફ ક્યાંય કશું દેખાતું ન હતું.





સિગ્નલ જતું રહ્યું પછી અમારી ક્લાઉડ પ્લેલિસ્ટથી ચાલતી મ્યુઝિક પાર્ટી પણ પૂરી થઈ ગઈ હતી. બસ અમારી વાતો અને ટ્રેનનો વિચિત્ર હમિંગ અવાજ ચાલુ હતો.

આજકાલ જર્મન ટ્રેનની હાલત ખરાબ છે. ટ્રેન તો હજી પણ ચકાચક જ છે, પણ છેલ્લાં ચાર-પાંચ વર્ષમાં તેની પંક્ચુઆલિટી ક્યાંય ખોરવાઈ ગઈ છે. સંચાલનમાં આવેલા પ્રોબ્લેમ જાણે સોલ્વ કરવાનું અશક્ય બની ગયું હોય તેવું લાગ્યા કરે છે, પણ હજી સ્વિસ ટ્રેનની હાલત એવી થઈ નથી. ત્યાં હજી પણ ટ્રેનના ટાઇમિંગ સાથે ઘડિયાળ સેટ કરવાનું મોટાભાગે તો શક્ય બને જ છે.

કાન્ડરસ્ટેગથી ગોપેનસ્ટાઇન સ્ટેશન તરફ જવામાં માહોલ ભલે વિચિત્ર રહ્યો હોય, સમય ક્યાં જતો રહ્યો ખબર પણ ન પડી. ગોપેનસ્ટાઇન પર બહાર નીકળીને સાઇડમાં કાર પાર્ક કરી. ત્યાં નાનકડું કાફે, સુવિનિયર શોપ અને ટોયલેટ્સ હતાં. હવે ત્યાંથી ટૅશ નામે ગામ જવાનું હતું. ત્યાં કાર પાર્ક કરીને ટ્રેન લઈને ઝેરમાટનો રસ્તો પકડ્યો.

હવે ખરેખર અમે જાતે જ ટ્રેનમાં હતાં. અમારી કારની ટ્રેન રાઇડ તે સમયે તો પૂરી થઈ ગઈ હતી. જોકે હજી વળતાં પણ અમે એ જ રસ્તો લેવા તૈયાર હતાં. ટનલ અને આલ્પાઇન તળેટીઓમાં થઈને કારને ટ્રેન રાઇડ કરાવવાનો ઉત્સાહ હજી મને મજા કરાવતો હતો.

ટૅશ ગામના ટ્રેન સ્ટેશન પર ઝેરમાટ જતાં ટૂરિસ્ટની સંખ્યા દેખાવા લાગી હતી. મોટાભાગનાં ત્યાં રાત રોકાવાનાં હતાં. અમે પણ ફરી ક્યારેક એવો જ પ્લાન કરીને આવીશું. તે દિવસે તો અમે જાણે કુદરતને ચેલેન્જ આપવા માટે ત્યાં પહોંચ્યાં હોઈએ એવું લાગતું હતું.

ટ્રેન રાઇડ પર તો સતત આલ્પાઇન લેન્ડસ્કેપ જોવામાં જ સમય વીત્યો. વાતો તો ચાલુ હતી જ, પણ વચ્ચે વચ્ચે બહાર જોઈને સંતોષ લઈ લેતાં હતાં કે દિવસ ખૂલતો હોય તેવું લાગતું હતું.

જોકે ઝેરમાટ હાઇટ પર છે. જેવું આલ્ટિટ્યુડ વધ્યું, વેધરનું એટિટ્યુડ પણ બદલાઈ ગયું. થોડી વાર માટે તો અમારે ત્યાં ટ્રેન સ્ટેશનમાં જ ઊભાં રહી જવું પડ્યું. અમે સાથે છત્રી લાવેલાં. છતાંય એ વરસાદની ઇન્ટેનસિટી જોઈને લાગ્યું કે ત્યાં છત્રી કે રેઇનકોટ પહેરીને પણ જોખમ લેવા જેવું ન હતું.

ઝેરમાટમાં મેટરહોર્ન જોવા માટે અને ગામને માણવા માટે તો અમે સજ્જ હતાં જ, પણ રિટર્ન જર્ની પર કારને ફરી ટ્રેનમાં ચડાવતી વખતે નાનાં કિડ્ઝ જેવો ઉત્સાહ ફરી પાછો આવી ગયો હતો. આ એવો રૂટ છે જેની પેરેલલ કોઈ બીજો રસ્તો પણ નથી. છેક ૧૯૧૧માં આ ટ્રેક બન્યો પછી પચાસ વર્ષમાં અહીં કાર ટ્રાન્સપોર્ટ કરતી ટ્રેન ચાલુ થઈ ગઈ હતી.

આ ૩૬ કિલોમીટર લાંબી ટનલ દુનિયાની સૌથી લાંબી રેઇલ ટનલ છે અને અમે તેમાં અમારી કારને ટ્રેન પર ચઢાવીને જઈ રહ્યાં હતાં તેનો ઉત્સાહ બીજી વારમાં પણ જરાય ઓસર્યો ન હતો. અમે બીજી તરફ પહોંચી ગયાં અને હજી અજવાળામાં બ્રિએન્ઝ પાછું આવી જવાનું હતું. જે દિવસે મેટરહોર્ન પર્વત જોવા મળવાનો હતો તે દિવસે આ કાર-ટ્રેન દિવસની હાઇલાઇટ બની ગઈ એ હજી માન્યામાં નહોતું આવતું. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ડચ આવાસ છે જીવનશૈલીનું પ્રતિબિંબ...

## નેધરલેન્ડ્સનાં ઘરોનાં બારી- બારણાં અને છતની ખાસિયત જોવા જેવી છે.

એક નજર ઈધર ભી

કામિની શ્રોફ
feedback@bombaysamachar.com

*નેધરલેન્ડ્સમાં લોકો માટે 'મારે પણ એક ઘર હોય'ની ભાવના માત્ર રહેવા માટે ઓટલો મળે એટલા પૂરતી નથી હોતી. ઘરની બાંધણી અને સજાવટને લઈને ચોકસાઈ જાળવવામાં માહેર વત્તા ખૂબ ઉત્સાહી હોય છે. તેમના માટે ઘર એ માત્ર રહેવાની જગ્યા નથી, પરંતુ તેમની જીવનશૈલી, વ્યક્તિત્વ અને સામાજિક મૂલ્યોનું પ્રતીક છે. આ ખાસિયત પાછળ સદીઓ જૂનો ઇતિહાસ, સામાજિક માનસિકતા અને ભૌગોલિક પરિસ્થિતિઓ જવાબદાર છે.*



### ત્રિકોણાકાર ઢાળવાળી છત

ગુજરાત અને મહારાષ્ટ્રના ગામડાઓમાં ફર્યા હશો તો માટીના દેશી નળિયાનો ઉપયોગ કરીને ઢાળવાળી છત ઘરના માથે જરૂર જોઈ હશે. ભારતીય ગામડાંમાં ત્રિકોણાકાર ઢાળવાળી છત પરંપરાગત સ્થાપત્યની ઓળખ છે. નેધરલેન્ડ્સમાં તો મોટા શહેરોમાં સુધ્ધાં 'ગેબલ રૂફ' તરીકે ઓળખાતી ત્રિકોણાકાર ઢાળવાળી છત જોવા મળે છે. આ છત વરસાદ અને હવામાનથી રક્ષણ આપવાની સાથે મકાનના દેખાવને વિશિષ્ટ બનાવે છે. ડચ ગેબલ છતની અનેક શૈલીઓ વિકસિત થઈ, જેમાં પરંપરા, કારીગરી અને વ્યવહારિકતાનો સુંદર સમન્વય જોવા મળે છે.

આ ડચ ગેબલ છે શું? ગેબલ એટલે મકાનની છતનો ત્રિકોણાકાર ભાગ. ડચ ગેબલમાં આ રચના સાદા ત્રિકોણને બદલે સ્થાપત્યથી આકર્ષક બનાવવામાં આવે છે. ડચ ગેબલ છત ડચ સ્થાપત્યની સૌંદર્યદૃષ્ટિ, કારીગરી અને વ્યવહારિકતાનું અનોખું ઉદાહરણ છે. આ ગેબલમાં પણ સ્ટેપ્ડ, નેક, બેલ અને સ્પાઉટ જેવી વિવિધ શૈલીઓ દ્વારા ડચ સ્થાપત્યે એક જ મૂળભૂત રચનાને અનેક સ્વરૂપોમાં રજૂ કરી છે. આજે પણ આ ગેબલ્સ નેધરલેન્ડ્સના ઐતિહાસિક શહેરોનાં દૃશ્યને વિશિષ્ટ બનાવે છે અને સ્થાપત્યપ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર રહે છે.

### ડચ દરવાજાની વિશેષતા



નેધરલેન્ડ્સના રહેવાસીઓના ઘરના દરવાજાની રચના એકદમ અલગ તરી આવે છે. એની પાછળનું કારણ કલાત્મકતા કરતાં વ્યવહારુ વધારે છે. આ દરવાજો આડી રીતે બે ભાગમાં વહેંચાયેલો હોય છે. આવી રચનાને કારણે ઉપરનો અને નીચેનો ભાગ એકબીજાથી સ્વતંત્ર રીતે ખોલી કે બંધ કરી શકાય છે. આવો દરવાજો રાખવાની શરૂઆત ૧૭મી સદીમાં નેધરલેન્ડ્સના ગ્રામીણ વિસ્તારોમાં થઈ હતી. આ 'ડચ ડોર' અંગ્રેજીમાં 'સ્ટેબલ ડોર' તરીકે પણ ઓળખવામાં આવે છે. આજે ૫૦૦ વર્ષ પછી પણ જૂની ડિઝાઈન લોકોમાં પ્રિય છે. હેરત થાય એવી વાત એ છે કે યુએસમાં આવા દરવાજા માટેની ઘેલછા પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે.

૧૭મી સદીમાં નેધરલેન્ડ્સના ગ્રામીણ વિસ્તારોમાં મરઘાં - મરઘી, ઘેટાં અને ડુક્કર છૂટથી હરતાંફરતાં જોવા મળતાં હતાં. આ પ્રાણીઓ ઘરમાં ઘૂસી ઘર ગંદું કે ખેદાનમેદાન ન કરી નાખે એ સાટુ આ સ્પ્લિટ ડોર - બે ભાગમાં વહેંચાયેલા દરવાજાની કલ્પનાએ આકાર લીધો. નીચલો હિસ્સો બંધ રાખી નાના બાળકો કે પાળેલા શ્વાન - બિલાડી બહાર નીકળી જશે એની ફિકરમાંથી મુક્તિ મળે અને પ્રાણીઓ ઘરમાં ઘૂસી જશે એની ચિંતા પણ દૂર થઈ જાય. ઉપલો ભાગ ખુલ્લો રાખવાથી ઘરમાં પ્રકાશ તેમ જ તાજી હવાની અવરજવર વધારી શકાય છે. બીજો એક લાભ એ થાય છે કે કોઈ અજાણી વ્યક્તિ આવી હોય ત્યારે કે કુરિયરનું પાર્સલ લેતી વખતે આખો દરવાજો ખોલવાની જરૂર નથી પડતી. આને કારણે ઘરની સુરક્ષા જળવાઈ રહે છે. આજની તારીખમાં આ ડચ ડોરની વ્યવસ્થા કેવળ મુખ્ય પ્રવેશદ્વાર પૂરતી માર્યાદિત નથી રહી. રસોડામાં હવાની અવરજવર તેમ જ બાળકોના રૂમમાં પણ એમના પર સતત નજર ન રાખવી પડે એ માટે આ સગવડ જોવા મળે છે. આ ડચ ડિઝાઈન લોકોના મનમાં એ હદે વસી ગઈ કે ડચ વસાહતીઓ અમેરિકાના ન્યૂ યોર્ક અને ન્યૂ જર્સી જેવા વિસ્તારોમાં સ્થાયી થયા ત્યારે આ શૈલીના દરવાજા ત્યાં બનાવ્યા. અમેરિકન લોકોને આ શૈલી બેહદ પસંદ પડી ગઈ.

### ડચ વિન્ડોની વરાયટી

સાંસારિક જીવનમાં માતપિતામાં જેમ માનું સ્થાન પહેલું હોય છે એમ ઘર રચનામાં બારી બારણામાં બારી પહેલા આવે છે. ઘરની બારી કેવળ સુંદરતા નથી વધારતી, સ્વાસ્થ્યની દૃષ્ટિએ પણ મહત્ત્વ ધરાવે છે. ભૌતિક રીતે બારી એ ઘરનો એક નાનો ભાગ છે, પણ ઉઘાડી બારી હવા કે પ્રકાશને જ અંદર નથી લાવતી, પરંતુ માણસના વિચારો અને દ્રષ્ટિકોણને એક નવો આયામ આપે છે. ડચ વિન્ડો પ્રકાશ અને હવાના આવનજાવન માટે નિમિત્ત બની ડચ સ્થાપત્યની ઓળખ, પરંપરા અને જીવનશૈલીને પણ વ્યક્ત કરે છે. નેધરલેન્ડ્સમાં જગ્યાના મહત્તમ વપરાશને પ્રાધાન્ય હોવાથી મોટાભાગનાં ઘર એકબીજાને અડીને લગોલગ આવેલાં હોય છે. પરિણામે ઘરની બાજુની ભીંત પાડોશીની ભીંત સાથે જોડાયેલી હોય છે. આ કારણસર ઘરમાં મોટી બારીઓ જોવા મળે છે જેને લીધે આખા ઘરને પૂરતો પ્રકાશ મળી રહે છે. મોટી બારી ભૌતિક જરૂરિયાત સંતોષી સાથે તાત્વિક દર્શન પણ કરાવે છે.

નેધરલેન્ડ્સનાં ઘરોમાં મોટી બારીઓ રાખવાની પરંપરા પાછળ ખ્રિસ્તી ધર્મના એક વિશેષ સંપ્રદાય કેલ્વિનિઝમ સાથે ઊંડો ઐતિહાસિક અને સાંસ્કૃતિક નાતો છે. સોળમી સદીમાં ડચ લોકો કેલ્વિનિઝમ (પ્રોટેસ્ટન્ટ ખ્રિસ્તી ધર્મની શાખા) પ્રત્યે આકર્ષાયા. કેલ્વિનિઝમમાં નૈતિકતા, પ્રમાણિકતા અને પારદર્શિતાને પ્રાથમિકતા છે અને એટલે મોટી બારીઓ રાખવાની પરંપરા શરૂ થઈ એવું માનવામાં આવે છે. વિશ્વ સમસ્તમાં પ્રાઈવસીના નામે ઘરને બને એટલું બહારની આંખોથી ગુપ્ત રાખવાની કોશિશ થાય છે જ્યારે ડચ લોકો જાણે એમ કહેવા માગે છે કે 'જોઈ લ્યો, અમારા ઘર.' ■



---

મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# બધો મારી જીભનો વાંક છે, હું શું કરું...




'મમ્મી... ટેલરે આપણી સાથે ચિટીંગ કર્યું છે. હજુ ગયા વર્ષે સિવડાવ્યા હતા એવું તો કેવું સિવ્યું કે એક વર્ષમાં કાપડ ચડી ગયું?'

ચક્કર ચડી જાય તેવી વાત છે ને? વાતનો ટાંગા મેળ મળે તો whatsapp કરજો, પરંતુ હું દીકરીની ભાવના સમજી ગયો. ચાલો, કોકના ઘરમાં ડોકિયું કરી અને આખી વાત જાણી મજા કરીએ.

ભલે શ્રદ્ધાનો મહિનો ચાલુ હોય, પરંતુ નવરાત્રિના પડઘમ વાગી ચૂક્યા છે. સૌરાષ્ટ્રમાં તો વન-ડે ડાંડિયારાસ ગણપતિના બીજા દિવસથી જ શરૂ થઈ જાય વેલકમ નવરાત્રિના દિવસો, નવરાત્રિ તો વચ્ચે ખરી જ અને નવરાત્રિ પછી પણ બાય બાય નવરાત્રી બીજા પંદર દિવસ ચાલે લોકોને નાચી જ લેવું છે.

લેખની શરૂઆતમાં જઈએ તો વિષયમાં ઊંડાણ નથી, પરંતુ જાડાઈ છુપાયેલી છે.

શ્રાવણ મહિનો આવે એટલે આપણો ગુજરાતી જીવ હરખાઈ જાય. પવિત્રતાનો પવન વાય અને ફરાળની મિજબાની! એક બાજુ સોમવારના ઉપવાસ અને બીજી બાજુ બટાકાની વેફર્સ, રાજગરાના શીરા અને સાબુદાણાની ખીચડીનો એવો અવિરત પ્રવાહ ચાલે કે ઉપવાસ પૂરો થાય ત્યાં સુધીમાં શરીરનો વ્યાસ બે ઈંચ વધી ગયો હોય. હજુ તો ફરાળી ચેવડાની કરચલીઓ પેટમાં શમી ન હોય ત્યાં તો બપ્પા પધારે! 'ગણપતિ બાપ્પા મોરિયા'ના નારા સાથે મોદક અને લાડુની જે 'પ્રસાદી' આપણી થાળીમાં પધારે, એને ના પાડવી એટલે સાક્ષાત દેવનું અપમાન ગણાય એટલે ભક્તિભાવપૂર્વક ચાર-પાંચ લાડુ દાબી દેવાના.

ત્યાં તો પાછળ પાછળ પિતૃપક્ષ આવે! પિતૃઓને તૃપ્ત કરવાના બહાને આપણે પિતૃકૃપા સમજીને દૂધપાકના વાટકા ને વાટકા ઝાપટી જઈએ. શ્રાવણનો ફરાળ, ગણેશ ઉત્સવના લાડુ અને શ્રાદ્ધનો દૂધપાક આ ત્રિવેણી સંગમ છે.

ખરી આફત ત્યારે આવે જ્યારે ગરબા રમવા માટે કબાટમાંથી ગયા વર્ષની ચણિયાચોળી બહાર નીકળે!

કાલે સાંજે અમારા પાડોશના ઘરમાં આવો જ એક ઐતિહાસિક અને રોમાંચક પ્રસંગ બન્યો. મિસીસ રમેશચંદ્ર અને એમની સુપુત્રી પિંકી વચ્ચે જે સંગ્રામ ખેલાયો, એ કોઈ યુદ્ધથી કમ નહોતો.

કબાટમાંથી ગુલાબી રંગની ઝગમગતી ચણિયાચોળી બહાર કાઢીને પિંકીએ પોતાના શરીર પર માપવા પ્રયત્ન કર્યો. પણ અરે આ શું! બટન અને ગાજ વચ્ચે ચાર ઈંચનું 'ભૌગોલિક અંતર' સર્જાઈ ગયું હતું! પૃથ્વીના ગોળાનો વિસ્તાર થયો હોય તેવો આંચકો લાગ્યો.

'મમ્મીઓઓઓ...!' પિંકીએ ઘર માથે લીધું.

'આ ટેલરનો વાંક છે કે ધોબીએ ગયા વર્ષે મારી ચણિયાચોળી ધોવામાં નાખીને સંકોચી નાખી છે? મને આ ચોળી કેમ બરાબર નથી આવતી?'

મમ્મી (જે પોતે પોતાની ચણિયાચોળીનો દોરો કમર પર બાંધવા માટે શ્વાસ રોકીને ઊભી હતી) એ તીખો કટાક્ષ કર્યો,

'ધોબી એ નથી સંકોચી બેટા, તારા શ્રાવણ મહિનાના બટાકાની વેફર્સે આ કારનામો કર્યો છે! મેં તને રોજ ના પાડી હતી કે શ્રાવણમાં 'ફરાળી પેટીસ' પ્રસાદી સમજીને ખા, ચાર-ચાર ન ઝાપટ! અને એ પણ કોઈ જોઈ ન જાય તે માટે તેને ચીઝથી ઢાંકી દેવાની અને પછી આરોગવાની... પણ તારે તો ફરાળના નામે ફેસ્ટિવલ ઉજવવો હતો!'

'ઓહ મમ્મી! ફરાળ તો પવિત્ર કહેવાય, એનાથી થોડું વજન વધે?' પિંકીએ માસુમિયતથી મોઢું બગાડ્યું.

'હા, પવિત્ર જ કહેવાય ને!' મમ્મીએ પોતાની ચણિયાચોળીનો કમરપટ્ટો ખેંચતા ખેંચતા કહ્યું, 'અને ગણેશ ઉત્સવમાં જે રોજ ત્રણ-ત્રણ મોદક પેટમાં પધરાવ્યા એનું શું? બપ્પા તો વિઘ્નહર્તા છે, પણ તું જ તારી કમર માટે વિઘ્ન ઊભું કરી બેઠી!'

'તમે પણ ક્યાં ઓછું ખાધું છે, મમ્મી?' પિંકીએ સામો ઘા કર્યો, 'શ્રાદ્ધમાં પપ્પા કહેતા હતા કે એક જ વાટકો દૂધપાક લેવો, તોય તમે 'પિતૃઓ રાજી થશે' કહીને બે મોટા વાટકા દૂધપાક અને ઉપરથી ગરમાગરમ પૂરીઓ ઝાપટી ગયા હતા! હવે તમે અરીસામાં જુઓ. કાલે પપ્પા તારી પાછળ ઊભા હતા ઓહ... માય ગોડ મને દેખાયા જ નહીં.'

મમ્મી ક્ષણવાર માટે થથરી ગઈ, પણ અનુભવી માતા હતી એટલે તરત જ પાસો ફેંક્યો, 'એ તો પિતૃઓના આશીર્વાદ કહેવાય! અને વડીલોનો અનાદર ન કરાય. પણ તારું તો જો.'

પિંકીએ ચોળી ખેંચીને ઝિપ ચડાવવાનો આખરી પ્રયાસ કર્યો. એણે પેટ અંદર ખેંચ્યું, શ્વાસ રોક્યો, આંખો બંધ કરી અને મમ્મીએ પાછળથી પૂરી તાકાતથી ઝિપ ઉપર ખેંચી. કટ્ટાકકક! એવો અવાજ આવ્યો.

'ગઈ! મમ્મી આ ઝિપ તૂટી ગઈ કે મારું હાડકું ભાંગ્યું?' પિંકીએ ચીસ પાડી.

'ઝિપ તૂટી ગઈ!' મમ્મીએ નિશ્વાસ નાખ્યો, ''હવે આ ચોળી નહીં, તારા શ્રાવણ-ભાદરવાના જીભના જલસાનું પરિણામ બહાર આવી ગયું છે!'

આવી અદ્લાદ્લ સ્થિતિ આજે ગુજરાતના ઘરેઘરમાં છે. શ્રાવણનો ફરાળ, ગણપતિના લાડુ અને શ્રાદ્ધનો દૂધપાક એ ત્રણેય મળીને આપણા શરીર પર એવો 'ટ્રીપલ તહેવાર ટેક્સ' કે ટ્રમ્પ અંકલ જેવો ટૅરિફ વસૂલે છે કે નવરાત્રિ આવતા સુધીમાં આપણું ફિગર 'સ્લિમ'માંથી 'ગોળમટોળ' થઈ જાય છે!

પિંકી અને તેની મમ્મી વચ્ચેનો આ સંવાદ આગળ વધ્યો : 'હવે શું કરશું, મમ્મી? કાલે તો પહેલું નોરતું છે! હું ગરબે ઘૂમવા શું પહેરીને જઈશ?'

'કાંઈ નહીં,' મમ્મીએ ઠંડકથી સલાહ આપી, 'મારા માટે ગયા વર્ષે લીધેલ ચણીયા ચોળી આ વખતે તને થઈ જશે. મારું તો શું છે કે હું એકાદ નવા લઈ લઈશ જે આવતા વર્ષે તને કામ આવે.'

નવરાત્રિના આ દિવસોમાં ખરી કસરત ગરબાના સ્ટેપ્સ શીખીને હિટ થવામાં નથી હોતી, પણ ગયા વર્ષના કપડાંમાં પોતાની જાતને 'ફિટ' કરવાની કવાયતમાં હોય છે. કોઈ શ્વાસ રોકીને ચણિયાની નાડી બાંધે છે, તો કોઈ પાછળ સેફ્ટી પિનોનો આખો ડબ્બો ખાલી કરી દે છે. સેફ્ટી પિન પણ બિચારી વિચારતી હશે કે 'મારું કામ કપડાં જોડવાનું હતું, આ તો બે કિલો વધારાની ચરબીને દાબવાનું કામ સોંપ્યું છે!'

ગરબાના મેદાનમાં જ્યારે આપણે કોઈને ખૂબ સરસ અને લયબદ્ધ રીતે ધીમે-ધીમે ગરબે ઘૂમતા જોઈએ, ત્યારે એવું ન સમજવું કે એ કોઈ 'શાસ્ત્રીય નર્તક' છે. ઘણીવાર એ બિચારાની ચણિયાચોળી એટલી ટાઈટ હોય છે કે એ જો ઝડપથી પગ ઉપાડે તો કાપડ ફાટવાનો પૂરેપૂરો ભય હોય છે! એ આદર અને મર્યાદા કાપડ પ્રત્યેની હોય છે, નર્તન પ્રત્યેની નહીં!

છતાં, આ જ તો આપણા તહેવારોની ખરી મજા છે. પહેલાં પેટ ભરીને શ્રદ્ધા અને કાળજીપૂર્વક પ્રસાદી ઝાપટવાની, પછી એ પ્રસાદીના પરિણામ સ્વરૂપે કપડાં ટાઈટ થાય એટલે થોડી હાસ્ય-મજાક કરવાની અને છેલ્લે 'અંબે મા'નું નામ લઈને ગરબે ઘૂમીને બધી કેલરી બળીને ખાખ થઈ જશે એવી આશા રાખવાની!

પિંકીએ પણ છેવટે એક ઉપાય શોધ્યો. એણે મમ્મીને કહ્યું, 'મમ્મી, એક કામ કરીએ. આ વર્ષે આપણે 'ફ્યુઝન ગરબા' કરશું.'

'એટલે શું?' મમ્મીએ પૂછ્યું.

'એટલે ચણિયાચોળી નહીં, પણ ખુલ્લો કૂરતો અને પ્લાઝો પહેરીને ગરબા રમશું! ન ઝિપ તૂટવાનો ડર, ન શ્વાસ રોકવાની મગજમારી!'

મમ્મીના ચહેરા પર ચમક આવી ગઈ, 'વાહ મારી દીકરી! શ્રાવણનો ફરાળ, લાડુ અને દૂધપાક જસ્ટીફાઈ કરવાનો આ શ્રેષ્ઠ રસ્તો છે. ચાલ ત્યારે, ગરબા ગાઈએ પણ પહેલાં... ફ્રિજમાં બાપુજીના શ્રાદ્ધ માટે કરેલ દૂધપાક અડધી તપેલી વધ્યો છે. બે બે વાટકા ઠપકારીએ, કાલે તો વળી તારા મામાને ત્યાં જમવાનું છે. મામી દૂધપાક સારો બનાવે કે ન બનાવે અત્યારે જમાવટ કરી લઈએ!'

મજા આ જ છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ 'તહેવારોનો પ્રસાદ' વિજેતા બન્યો અને ગયા વર્ષની ચણિયાચોળી કબાટના ખૂણામાં બેસીને આવતા વર્ષના 'ડાયેટિંગ'ના જૂઠા વચનો સાંભળતી રહી! ■

**વિચારવાયુ:** *બાપુજીનુ શ્રાદ્ધ કરો, સારી વાત છે, પરંતુ જીવતા હોય તો થોડા જલસા કરાવજો, તો કાગડાની રાહ નહીં જોવી પડે.*

---

સિક્કાની ત્રીજી બાજુ

જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com

# લાઉડસ્પીકરઃ જ્યાં કાર્ય કરતા શબ્દો વધુ બોલે છે

## ફિલ્મ 'ધરમ કરમ'માં રણધીર કપૂર રાજ કપૂરને બોંગા સાહબ કહે છે. આ બોંગા અથવા લાઉડસ્પીકર પોતે તો નથી બોલતું, પણ બીજાનો અવાજ વધુ મોટો કરીને સંભળાવે છે. લાઉડ, લાઉડ કરતાં અવાજ ક્લાઉડ એટલે કે આકાશમાં પહોંચે તેટલો ફૂલ વોલ્યુમ રાખવાની આપણે ત્યાં પ્રથા બની ગઈ છે

**સ્વતંત્રતા** પહેલાંના આંદોલનકાળમાં જ્યારે દેશવાસીઓમાં લડત માટેનું જોમ ચડાવવા આપણા મહાનાયકો ગાંધીજી, નહેરુજી અને સરદાર પટેલ દેશને સંબોધતા હતા. એ જમાનામાં એક કંપની હતી. તેનું નામ હતું 'શિકાગો રેડિયો'. ભારતની સ્વતંત્રતા માટેની હાકલ 'શિકાગો રેડિયો' પરથી થતી હતી, બોલો!

આપણા દેશમાં આ લાઉડસ્પીકરનો મહિમા પણ અજબ છે. આ નામનો ખરેખર અર્થ સમજવો હોય તો એના પરથી લોકસભા કે વિધાનસભાના 'સ્પીકર' (ખરેખર તો અધ્યક્ષ/પ્રમુખ) યાદ આવી જાય. તેમને સ્પીકર કેમ કહે છે તે આજ દિન સુધી સમજાયું નથી, કારણ કે સંસદના સ્પીકરનું કામ પણ આ લાઉડસ્પીકર જેવું જ હોય છે! લાઉડસ્પીકર પોતે કંઈ બોલતું નથી. એ તો તેની સાથે જોડાયેલ રેકોર્ડ કે ટેપ અને આજના જમાનામાં પેનડ્રાઇવ/મોબાઇલ પર વાગતાં ગીતો કે જાહેરાત સંભળાવવાનું કામ કરે છે. આ જ રીતે સંસદના સ્પીકર સાહેબ પોતે કંઈ કાયદા નથી ઘડતા, પણ બીજાને ચૂપ કરાવવા માટે જ ખાસ મોટેથી બોલતા હોય છે. હવે તો તેમના પર વિપક્ષના નેતાનો અવાજ બંધ કરાવી દેવા માટે તેમનું માઇક બંધ કરવાનો આક્ષેપ થવા લાગ્યો છે. લાઉડસ્પીકર અને સ્પીકર બંને વચ્ચે વધુ એક સામ્યતા છેઃ બીજાને સંભળાવવું અને પોતાનો અવાજ ગળામાં જ દબાવી રાખવો!

ભારતમાં લાઉડસ્પીકરની આખી વ્યાખ્યા જ અલગ છે. અહીં લાઉડસ્પીકર બીજાને સાંભળવા માટે નથી હોતા, પણ બીજાને પરાણે 'સંભળાવવા' માટે હોય છે! આપણે ત્યાં તો આનો ઉપયોગ પંથીય સ્થળો એટલે કે મંદિરો અને મસ્જિદોથી લઈને સોસાયટીના ગરબા અને લગ્નો સુધી ફૂલ વોલ્યુમમાં થાય છે.

ગુજરાતીમાં આ લાઉડસ્પીકરને ભૂંગળા પણ કહે છે. હિન્દીમાં તેને ભોંપુ અને બોંગા કહે છે. 'ધરમ કરમ' ફિલ્મમાં નાનકડો રણધીર રાજકપૂરને 'બોંગાસાહબ' કહે છે.




સવાર-સવારમાં વ્રત કે ઉત્સવ હોય કે જૈન મુનિનાં સામૈયાં હોય, ગણેશચતુર્થી કે વિસર્જન હોય કે પછી શનિવાર હોય, કે રોજેરોજ પાંચ વાર પોકારાતી અઝાન હોય, કે પછી શેરીમાંથી નીકળતા કૂકર રિપેરિંગની રિક્ષાવાળા એવા અવાજો છૂટે કે આપણી ઊંઘ તો ભાગી જ જાય. આમ જુઓ તો લાઉડસ્પીકર આપણને જગાડવાનું કામ કરે છે, પણ જેમ કોઈ જગાડવાનું કામ કરે તો તેને ગાળો પડે તેમ આ લાઉડસ્પીકર પણ ગાળો ખાય છે. આપણે ત્યાં કોઈ અજાણી વ્યક્તિ વધારે પડતી મોટી મોટી વાતો કરતી હોય અથવા જોશમાં આવીને બરાડા પાડતી હોય, ત્યારે આપણે તરત કહીએ છીએઃ 'કેમ ભાઈ, લાઉડસ્પીકર ગળી ગયો છો કે શું?!'

લાઉડસ્પીકર ગળી જનાર માણસ પછી શ્વાસ લેવાનું ભૂલી જાય પણ બોલવાનું ક્યારેય બંધ ન કરે! પેલા શાકભાજી વેચવાવાળા કે કૂકર/ગેસ રિપેરિંગની સેવાવાળા આવતા કે ભંગારવાળા આવતા તો મોટેમોટેથી તેમના તીણા સ્વરે તીવ્ર સપ્તકમાં 'એ ડબ્બા, બાટલી, ભંગાર આપી દો' તેમ કહેતા અને થોડી વાર ગ્રાહક આવે તેની રાહ જોતા ઊભા રહેતા. આજે તમે મોબાઇલમાં તમારો સાદ રેકોર્ડ કરીને લૂપમાં મૂકીને સતત તેને સાંભળી શકો છો, સંભળાવી શકો છો, તેના કારણે આ રિપેરિંગ સર્વિસવાળાનું ગળું હવે બેસતું નથી, પણ આજુબાજુ રહેતા લોકોના કાન જરૂર પાકી જાય છે.

આજે જમાનો બદલાયો છે. હવે વાયર્ડ સ્પીકરની જગ્યા બ્લૂટૂથ સ્પીકરે લીધી છે. પણ માનવીય સ્વભાવ તો એ જ છે. પેલા જમાનામાં 'અવાજ' કંપનીના મોટા ભૂંગળા જેવા સ્પીકરમાંથી અવાજ આવતો, ત્યારે પક્ષીઓ ડરીને ઊડી જતા. આજે નાના સ્પીકરમાંથી એવો ડીજે બેઝ નીકળે કે ઘરની કાચની બારીઓ ધ્રૂજવા લાગે!

આજકાલ તો લગ્નની સિઝન આવે એટલે લાઉડસ્પીકરનું અસલી પરાક્રમ જોવા મળે છે. વરરાજાનાં લગ્ન ટકે કે ન ટકે, પણ ડીજેની કારકિર્દી ટકી જાય છે. બેઝ એટલો ભારે હોય કે બાજુવાળાના ઘરના કાચ તૂટી જાય અને છાતીના ધબકારા અનિયમિત થઈ જાય! વરરાજા કરતાં પાછળ નાચનારા મિત્રોના ચહેરા પર ભારે ઉત્સાહ હોય ત્યારે પ્રશ્ન થાય કે જે વરરાજા




ગાંધીજીઃ આઝાદીની લડત વખતે...

પરણીને આજીવન કારાવાસમાં જવાનો છે તેનો આટલો બધો ઉત્સાહ? સ્પીકરની સામે ઊભા રહીને નાચવું એ આજની યુવા પેઢીનું રાષ્ટ્રીય કર્તવ્ય બની ગયું છે. કાનના પડદા ફાટી જાય તો ભલે ફાટે, પણ સોશ્યલ મીડિયા પર રીલ સરસ બનવી જોઈએ! એવું લાગે છે કે ભગવાન શિવ દૂરદર્શી તો ગણાય જ કારણ કે તેમણે ગણેશજીનું માથું કાપી નાખ્યા પછી હાથીનું મોઢું પ્લાસ્ટિક સર્જરીથી લગાડી દીધું જેથી ભવિષ્યમાં તેમના કહેવાતા ભક્તો જ્યારે તેમને ટેમ્પો કી લારીમાં બેસાડીને કે કારમાં લાવતા કે વિસર્જન કરાવવા લઈ જતા હોય ત્યારે કાન ફાડી નાખે તેવી રીતે ડીજે જે વગાડે તો તેમના મોટા કાન તેને સહન કરી શકે !

અંગ્રેજીમાં કહેવત છે, Action speaks louder than words. તમારું કામ બોલવું જોઈએ પણ આપણે ત્યાં તો નેતાઓ પોતાનું ઓછું કામ વધુ સંભળાવવા લાઉડસ્પીકરનો ઉપયોગ કરે છે.

વિચારવા જેવી વાત એ છે કે જે લાઉડસ્પીકર પોતાની મેળે અવાજ પેદા નથી કરી શકતું, એ માનવીના હાથમાં આવ્યા પછી આખી દુનિયાને હચમચાવી નાખે છે. આજના જમાનામાં સ્પીકર સાથે હોય કે સ્પીકર વગર લોકો બોલતા હોય, વોલ્યુમ લાઉડ હોય તો જ પોતે સાચા સાબિત થઈ શકે તેવો નિયમ બની ગયો છે. ■

## ઓર એ મોસમ હસીં

દેવલ શાસ્ત્રી
feedback@
bombaysamachar.com

# એની સુગંધનો દરિયો... સુગંધની પણ એક જિંદગી હોય છે...



ફિલ્મ ‘ક્લિયોપેટ્રા’ (એલિઝાબેથ ટેલર) : વિખ્યાત પરફ્યુમ સ્નાન

ક્યારેક કોઈ સુગંધ આપણને એવી જગ્યાએ લઈ જાય છે, જ્યાં આપણે વર્ષોથી ગયા નથી. વર્ષો પહેલાંના ઘરની ગંધ, વરસાદ પછીની માટી, કોઈના વાળમાં લગાડેલું તેલ, હૉસ્પિટલના કોરિડોરની ઓળખીતી વાસ, ગરમ રોટલી, ચંદન, અગરબત્તી કે કોઈ જૂના પરફ્યુમ એક ક્ષણ માટે વર્તમાનમાં હોવા છતાં ભૂતકાળમાં પહોંચી જઈએ છીએ. કોઈ માણસનું નામ યાદ ન આવે, એની સાથે થયેલી વાત યાદ ન આવે, પણ એની સુગંધ યાદ રહી જાય. અજબ વાત એ છે કે હવાની જેમ સુગંધ દેખાતી નથી, હાથમાં પકડી શકાતી નથી, છતાં એ આપણા જીવનની કેટલીક યાદોને જકડી રાખે છે.

માણસે હજારો વર્ષ પહેલાંથી સુગંધને માત્ર સુગંધ રહેવા દીધી નથી. એને સાચવવાનો પ્રયત્ન કર્યો, શરીર પર લગાવી, ઘરમાં ફેલાવી, દેવતાઓને અર્પણ કરી, પ્રેમમાં વાપરી અને રાજદરબારોમાં વૈભવનું પ્રતીક બનાવી.

મેસોપોટેમિયામાં ઈસાપૂર્વે આશરે ૧૨૦૦ની એક નોંધમાં તપ્પુતી નામની સુગંધ બનાવનાર સ્ત્રીનો ઉલ્લેખ મળે છે. પ્રાચીન ઇજિપ્તમાં સુગંધિત તેલ અને રેઝિન ધાર્મિક વિધિઓ અને શરીરની સંભાળનો ભાગ હતાં. ગ્રીક અને રોમન દુનિયામાં પણ સુગંધિત તેલ અને ફૂલોનો ઉપયોગ શરીર, સ્નાન અને સામાજિક જીવનમાં થતો હતો. એટલે સુગંધનો ઇતિહાસ ખરેખર માણસની એવી ઇચ્છાનો ઇતિહાસ છે કે જે વસ્તુ ક્ષણભંગુર છે એને થોડું વધારે સમય માટે પોતાની પાસે રાખી શકાય.

માણસને કદાચ શરૂઆતથી જ ખબર હતી કે ફૂલની સુગંધ થોડા કલાકમાં ઊડી જશે, વરસાદની માટીની વાસ થોડા સમય પછી ગાયબ થઈ જશે, કોઈ પ્રિય વ્યક્તિની પોતાની સુગંધ પણ હંમેશાં સાથે નહીં રહે એટલે તેણે સુગંધને પકડી રાખવાના રસ્તા શોધ્યા. ફૂલમાંથી તેલ કાઢ્યું, લાકડાં અને રેઝિન સળગાવ્યાં, સુગંધિત પદાર્થોને તેલમાં ભેળવ્યાં અને ધીમે ધીમે એવી કળા ઊભી કરી, જેમાં સુગંધ માત્ર ક્ષણનો અનુભવ ન રહી પણ એને સાથે લઈ જઈ શકાય.

કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં સુગંધ માત્ર શણગાર નહોતી. એ અર્થતંત્ર અને વેપારનો ભાગ હતી. આપણે ઘણી વખત અત્તર અને પરફ્યુમને એક જ માનીએ છીએ, પરંતુ બંને અલગ છે. પરંપરાગત અત્તર અથવા ઇત્તરમાં ફૂલ, જડીબુટ્ટી કે અન્ય સુગંધિત સામગ્રીમાંથી વરાળ દ્વારા સુગંધ કાઢીને તેને સામાન્ય રીતે ચંદનના તેલમાં ઉતારવામાં આવે છે.

કન્નૌજની દેગ-ભાપકા પદ્ધતિ એની જ પરંપરા છે. કન્નૌજમાં તો માણસે જાણે વરસાદને પણ યાદ રાખવાનો રસ્તો શોધી કાઢ્યો છે. મિટ્ટી અત્તરમાં પહેલી વરસાદી બુંદ પડે ત્યારે સૂકી માટીમાંથી નીકળતી સુગંધને પકડવાનો પ્રયાસ થાય છે. વરસાદને બોટલમાં ભરી શકાય નહીં, પણ વરસાદ આવે ત્યારે માટી જે કહે છે એને કેદ કરી શકાય છે. અહીં આવીને સુગંધનો ઇતિહાસ અચાનક ખૂબ વ્યક્તિગત બની જાય છે. કારણ કે માણસને સુગંધ સાચવવી શા માટે ગમે છે? કદાચ એને અંદરથી ખબર છે કે કેટલીક વસ્તુઓને આપણે રાખી શકતા નથી, માત્ર એમની નિશાની રાખી શકીએ છીએ.

કાલિદાસની દુનિયામાં ચંદન, ફૂલ, સુગંધિત પવન અને ઋતુઓ માત્ર કુદરતનું વર્ણન નથી. એ માણસના શરીર અને મન સાથે જોડાય છે. ઋતુસંહારમાં ઋતુ સાથે ફૂલ, ચંદન અને સુગંધ પ્રેમ અને કામનાની દુનિયા ઊભી કરે છે. મેઘદૂતમાં પણ સુગંધિત પવન અને ફૂલો માત્ર દૃશ્યને સુંદર બનાવતા નથી; એ વિરહમાં રહેલા માણસના અનુભવનો ભાગ બની જાય છે. કાલિદાસ જાણે છે કે પ્રેમમાં માણસને પ્રિય વ્યક્તિની હાજરી જેટલી જ એની આસપાસ હવા, ફૂલ, ચંદન, વરસાદ જેવી વસ્તુઓ પણ યાદ રહે છે.

માણસે હજારો વર્ષ સુધી સુગંધને સાચવવાની કળા વિકસાવી. ફ્રેન્ચ લેખક માર્સેલ પ્રુસ્તે ચામાં બોળેલી મૅડેલિન કેકનો સ્વાદ અને સુગંધ લેતાં જ બાળપણની દુનિયામાં પાછા પહોંચી જવાની વાત લખી. પ્રુસ્તે ન્યૂરો સાયન્સના સાધનો વગર જે અનુભવ લખ્યો હતો, એ જ ઘટના પછી મનોવિજ્ઞાનના અભ્યાસનો વિષય બની.



માણસને લાગે છે કે તે માત્ર ભૂતકાળને યાદ નથી કરી રહ્યો, પરંતુ થોડા સમય માટે ફરી એ જ દુનિયામાં પહોંચી ગયો છે. કોઈ ચોક્કસ પરફ્યુમ આવે અને વર્ષો પહેલાંનો પ્રેમ યાદ આવે. હૉસ્પિટલની ગંધ આવે અને કોઈ સગાની યાદ આવી જાય. દરિયાની ખારી હવા આવે અને કોઈ જૂની સફર પાછી આવી જાય.

આપણે ગમતાને માત્ર આંખોથી ઓળખતા નથી. એની આસપાસની હવા પણ ઓળખીએ છીએ. એના કપડાની, વાળની, પરફ્યુમની કે માત્ર એની પોતાની શરીરની સુગંધ પણ આપણા મગજમાં એની સાથે જોડાઈ જાય છે. વર્ષો પછી, કોઈ અજાણી જગ્યાએ, કોઈ અજાણી પળે, હવામાંથી સંકેત મળે, થાય છે કે સમય પસાર થયો નથી હજુ આપણી અંદર સુગંધાઈ રહ્યો છે. ■

**ધ એન્ડ**
*કોઈની યાદ સતાવે એ પહેલાં ક્યારેક એની સુગંધ આવી જાય છે.*

---

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@
bombaysamachar.com

# ચીનના મિઆનયાંગનું પિક્સેલેન્ડ - એક રંગીન રમત





ચીનનું આ મિઆનયાંગ શહેર ઇલેક્ટ્રોનિક્સ ઉદ્યોગ માટે જાણીતું છે અને તેને કારણે આ પ્રકારની રચનાની પ્રેરણા મળી હોવી જોઈએ. સન ૨૦૧૯ના કોરોનાના થોડા સમય પહેલાં જ આ રચનાનું લોકાર્પણ થયું હતું. આ એક વ્યસ્ત જીવન વચ્ચે હળવાશની અનુભૂતિ માટે આવાસ સમૂહની વચમાં આવેલું રચાયેલું જાહેર સ્થાન છે, જેમાં ઇલેક્ટ્રોનિક ઉદ્યોગની એક ચોક્કસ બાબત પ્રખરતાથી પ્રસ્તુત કરાઈ છે અને તે પણ રંગના માધ્યમથી.

નવું કરવાની ચાહ, અલગ કરવાની ચાહ, જે તે માન્યતાને દૃઢતાપૂર્વક સ્થાપિત કરવાની ચાહ, ઇતિહાસમાં નામ અંકિત કરી દેવાની ચાહ અને આ બધાં માટે, વધુ સારી રચનાની સંભાવના ન હોય ત્યારે અતિશય ભિન્નતા દ્વારા ઊભરી ઊઠવાની ચાહ ક્યારેક પ્રશ્નો ઊભાં કરી શકે. લાગે છે કે અહીં અતિશયોક્તિ થઈ છે. અમુક સમય સુધી અમુક માત્રામાં અમુક પ્રકારના રંગ સાથે સંવાદ સ્થાપી શકાય, જ્યારે આ માત્રા અપ્રમાણસરની થઈ જાય ત્યારે પ્રશ્નો ઊભાં થઈ શકે. અહીં પણ કયો રંગ છે તે મહત્ત્વનું બની રહે. આ પ્રકારનાં જાહેર સ્થાને જો અમુક ભડકાદાર રંગોનો ઉપયોગ વિપુલ પ્રમાણમાં થયો હોય તો તે પ્રકારની રચનાની ભાવનાત્મક સ્વીકૃતિ બહુ મર્યાદિત સમય માટે હોય. પાણીપૂરી જેવો ચટપટો સ્વાદ ક્યારેક સારો લાગે, અમુક સમય સુધી સારો લાગે, અમુક માત્રામાં સારો લાગે. જો જીવન પાણીપૂરી પર જ આધારિત રહેવાનું હોય તો તે ભાગ્યે જ કોઈ સ્વીકારી શકે. ચીનના મિઆનયાંગ પ્રાંતની આ પિક્સેલેન્ડ નામની રચના કંઈક અંશે પાણીપુરી જેવી છે અને તે પણ ‘જલદ’. આ રચનાનું નામ તેની પાછળનાં ‘પિક્સલેટ’ની મૂળભૂત રચનાને આધારિત હોવાથી તેનું નામ પિક્સેલેન્ડ રાખવામાં આવ્યું છે.

પિક્સેલેટ એ ડિજિટલ છબી અથવા વીડિયોને અલગ-અલગ રંગીન ચોરસમાં વિભાજિત કરી, તેને દર્શાવવાની એક ઇલેક્ટ્રોનિક વૈજ્ઞાનિક શૈલી છે. અહીં સમગ્ર ક્ષેત્રને ગ્રીડ ગોઠવણી પ્રમાણેનાં નાના નાના ચોરસમાં વિભાજિત કરી, દરેક ચોરસને રંગ દ્વારા એક ચોક્કસ ઓળખ આપવામાં આવે છે. આ બધાં જ ચોરસ એક સાથે એક છબી પ્રસ્તુત કરે. ચોરસનું માપ જેમ નાનું તેમ છબીમાં સ્પષ્ટતા વધુ. એક સમય હતો જ્યારે બ્લેક એન્ડ વ્હાઈટ છબીને જ્યારે પ્રિન્ટ કરવામાં આવતી ત્યારે તે જુદાં જુદાં માપના કાળા ટપકાથી નિર્ધારિત થતી. પિક્સેલેટમાં ગોળાકાર ટપકાંનાં સ્થાને ચોરસનો ઉપયોગ થાય છે. આ એક વૈજ્ઞાનિક જરૂરિયાત છે, સામાજિક નહીં. આ એક તકનીકી જરૂરિયાત છે, ભાવાત્મક નહીં. આ એક ઇજનેરી વાસ્તવિકતાને કારણે સ્થાપિત થયેલી બાબત છે, તેને સ્થાપત્ય લક્ષી માનવીય સંવેદના સાથે કોઈ મતલબ નથી. આવી બાબતને જ્યારે સ્થાપત્યમાં સમાવવામાં આવે ત્યારે ખાસ ધ્યાન રાખવું પડે. સમાજ તકનીકી બાબતોને એક રીતે જુએ છે અને કળાને ભિન્ન રીતે. આ વાસ્તવિકતા સમજવી પડે. છતાં પણ જો તકનીકી બાબતોને સ્થાપત્યમાં અમુક પ્રકારનું પ્રાધાન્ય આપવું જ હોય તો તેની માત્રા નિયંત્રિત હોવી જોઈએ. કાં તો આકાર સાથે થોડી બાંધછોડ જરૂરી બને કાં તો રંગને સૌમ્ય બનાવી શકાય કાં તો સમગ્ર ગોઠવણમાં ક્યાંક મુક્તતા ઉમેરી શકાય. અન્ય પણ સંભાવના હોઈ શકે. પરંતુ જ્યારે આવું કશું જ ન થાય ત્યારે તે રચના ક્યાંક ‘માથામાં વાગે’, અમુક સમય પછી તો વાગે જ.

આવાસ સમૂહ વચ્ચેની જગ્યાને રસપ્રદ બનાવવા માટેનો આ પ્રયત્ન છે. અહીં પ્રાપ્ત, કંઈક અંશે ઊંચીનીચી જગ્યાને ચારેબાજુથી કાપીકૂપીને વચ્ચે ૫.૦૦ X ૫.૦૦ મીટરની ચોરસ ગ્રીડ ઊભી કરાઇ છે. આ માપની પસંદગી પાછળ એક માત્ર કારણ હોઈ શકે અને તે છે તેમાં રહેલી ઉપયોગિતાની સંભાવના. આ રીતે નિર્ધારિત થયેલ દરેક ચોરસની પોતાની ઓળખ છે, પોતાની ઉપયોગિતા છે, પોતાનો રંગ છે, પોતાની આઇડેન્ટિટી – પોતાનું સ્પષ્ટ અસ્તિત્વ છે. એક રીતે જોતાં આમાં દરેક ચોરસ એક વિશેષ કામ કરે છે, જુદું જુદું કામ કરે છે. દરેક ચોરસ સાથે એક ખાસ ઉપયોગિતા સંકળાયેલી છે. વળી, પ્રત્યેક ચોરસનો સમગ્રતાની અનુભૂતિમાં પોતાનો ફાળો છે તે છતાં પણ દરેક ચોરસ પોતાની આગવી અને સ્વતંત્ર ઓળખ જાળવી રાખે છે. એક ચોરસ બીજા ચોરસનાં ક્ષેત્રથી સાવ અલગ રહે છે. આજુબાજુની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અથવા તો ચોક્કસ પ્રકારની ઉપયોગિતાની જરૂરિયાત મુજબ અથવા તો લેન્ડસ્કેપના પ્રકારની પસંદગી મુજબ ક્યાંક ચોરસનું માપ નાનું પણ કરાયું છે. પણ આ પ્રકારનો નિર્ણય મુખ્યત્વે ચારે બાજુની ધાર સુધી જ સીમિત રખાયો છે. ચોરસની આ પ્રમાણેની વિવિધતાને કારણે જ્યારે અહીં કોઈ લેઝર કાર્યક્રમ ગોઠવવામાં આવે ત્યારે લેન્ડસ્કેપ સાથે સાથે હાર્ડસ્કેપનો અનુભવ પણ રસપ્રદ બની શકે.

‘૧૦૦ સ્થપતિઓ’ના નામથી ઓળખાતી સંસ્થા દ્વારા આ રચના નિર્ધારિત થઈ છે. અહીં આરામથી બેસવા માટે, દોડવા કૂદવા માટે, ચડ-ઊતર કરવાં માટે, થોડો આરામ કરવા શરીર લાંબું કરી શકાય તે માટે, બાળકોને રસપ્રદ પડે તેવી રમત રમવા માટે, સાથે લઈને આવેલ ચા-નાસ્તો કરવા માટે, અનૌપચારિક વાતચીત માટે, કે આવી કોઈપણ પ્રકારની સમય પસાર કરવાની પ્રવૃત્તિ માટે સગવડતા રહેલી છે. આ સાથે એક નાનકડું એમ્ફી-થિયેટર પણ છે. આજના સંદર્ભમાં કહીએ તો અહીં સેલ્ફી લેવાં માટે અનેક સંભાવના છે. આમ તો આ સમગ્ર રચના બાળક લક્ષી છે પરંતુ અન્ય વયના લોકો પણ તેમાં સંમિલિત થઇ શકે છે.

એક ધારણા પ્રમાણે અહીં ઉપયોગકર્તાને રંગ દ્વારા ઉત્તેજિત કરવાનો પ્રયત્ન થયો છે, તેને બદલે કદાચ પ્રોત્સાહિત કરવાની જરૂર હતી. અહીં દરેક પ્રવૃત્તિને ઓળખ મળે છે પણ દરેક પ્રવૃત્તિ અલાયદી રહે છે જેને કારણે આવાં સ્થાને જે માનવ-માનવ વચ્ચેનું સમીકરણ દ્રઢ થવું જોઈએ તેની સંભાવના ઘટી જાય છે. પ્રારંભિક નજરે પરિસ્થિતિ સુંદર લાગે, પરંતુ ત્યાં નજર લાંબા સમય સુધી ટકી નથી શકતી. પહેલી નજરે પરિસ્થિતિ રમતિયાળ પણ લાગે પરંતુ ભૌમિતિક ગોઠવણની દૃઢતાને કારણે, ચોરસ આકારની દૃશ્ય મજબૂતાઇને કારણે, રમતયાળપણું થોડા સમયમાં જ નાટકીય રીતે ઓછું થઈ જાય છે. ઉપયોગિતામાં વિવિધતા છે પણ આ વિવિધતા સાથે રંગનો તાલમેલ દેખાતો નથી. અહીં જાહેર જગ્યાની રચના માટે આ એક વિશેષ પ્રકારની ‘વિભાવના’ છે પરંતુ તેમાં લોકોની કેટલીક સંવેદનાઓ નજરઅંદાજ થઈ હોય તેમ જણાય છે. ક્યારેક એમ લાગે છે કે જ્યારે આબોહવા વિપરીત હોય ત્યારે આ સ્થાનની ઉપયોગિતા લગભગ શૂન્યવત થઈ જાય.

નવા વિચારની આવશ્યકતા છે, પરંતુ માત્ર નવું કરવા માટે કશું પણ કરવું તે પ્રકારની ઘેલછા ઇચ્છનીય નથી. ક્ષિતિજો વિસ્તરવી જોઈએ, પરંતુ તેનો વિસ્તાર અનિચ્છનીય દિશા તરફનો ન હોવો જોઈએ. ફ્રેશનેસ જરૂરી છે, પણ તેનો અર્થ એ નહીં કે ફળ પાકે તે પહેલાં તેનો ઉપયોગ કરી લેવાનો. રંગીન પિક્સેલેટની વિભાવના સારી છે પરંતુ ક્યાંક મર્યાદા ઓળંગાઈ ગઈ છે. વિચાર પરિપક્વ થાય તે પહેલા ક્યાંક તેનો ઉપયોગ થઈ ગયો હોય તેમ જણાય છે. સ્થાપત્યમાં વિવેક અને સંયમની આવશ્યકતા હવે વધુને વધુ જરૂરી બનતી જાય છે. ■

---

## કરિયર

કીર્તિશેખર
pratiksha.thanki@
bombaysamachar.com

# ડ્રોન ટ્રાફિક મેનેજરઃ આભમાં નવી કારકિર્દીની ઉડાન



કલ્પના કરો કે થોડાં વર્ષો પછી એક મહાનગર ઉપર આકાશમાં એક સાથે સેંકડો ડ્રોન ઉડી રહ્યા છે. કોઇ ક્યાંક દવા લઇને જઇ રહ્યું છે, કોઇ ઇ-કોમર્સ પેકેટ પહોંચાડી રહ્યું છે, કોઇ ખેતરની ચોકીદારી કરી રહ્યું છે, કોઇ વીજ લાઇનનું નિરીક્ષણ કરી રહ્યું છે, તો વળી કોઇ અસરગ્રસ્ત વિસ્તારના ફોટા ખેંચી રહ્યું છે. આ જોઇને મનમાં પ્રશ્ન એ નહીં થાય કે ડ્રોન કોણ ઉડાવી રહ્યું છે પરંતુ એ થશે કે એક સાથે આટલા બધા ડ્રોન આકાશમાં ફરી રહ્યા છે તો ક્યાંક એકબીજા સાથે અથડાઇ ન જાય અને તે જે કામ કરી રહ્યા છે તે અટકી ન પડે.

આખરે નવા નિયમો અનુસાર આકાશમાં ડ્રોન કેવી રીતે ઊડશે? આ સમસ્યાનો આગામી સમયમાં ઉકેલ લાવવા માટે ડ્રોન ટ્રાફિક મેનેજરની એક નવી રસપ્રદ કારકિર્દી ઊભરી રહી છે. આ સાંભળવામાં ભલે એર ટ્રાફિક કન્ટ્રોલર સમાન લાગતું હોય પરંતુ બંને તદ્દન અલગ-અલગ છે. પરંપરાગત એર ટ્રાફિક કન્ટ્રોલર મુખ્યત્વે માનવરહિત વિમાનોની સુરક્ષિત અવરજવર સુનિશ્ચિત કરે છે. જ્યારે ડ્રોન ટ્રાફિક મેનેજમેન્ટનું કામ એક જ સમયે હવામાં રહેલા ઘણા બધા માનવરહિત વિમાનો કે ડ્રોનની ઓળખ કરવી, તેની ઉડાનની યોજના, માર્ગ અથડામણ ટાળવી, ડિજિટલ દેખરેખ અને એરસ્પેસના સલામત ઉપયોગ સાથે જોડાયેલું છે.

**શા માટે ડ્રોન ટ્રાફિક મેનેજરની જરૂર પડશે ?**

ભારતમાં ડ્રોનનો ઉપયોગ હવે માત્ર વીડિયો શૂટિંગ કે લગ્ન સમારંભોની ફોટોગ્રાફી સુધી મર્યાદિત રહ્યો નથી. ડ્રોનનો ઉપયોગ ખેતી, જમીન સર્વેક્ષણ, મેપિંગ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર નિરીક્ષણ, આપત્તિ વ્યવસ્થાપન, ખનન, લોજિસ્ટિક્સ અને સુરક્ષા જેવાં ક્ષેત્રોમાં ઝડપથી વધી રહ્યો છે. તેથી સરકારે ડ્રોન માટે નિયમનકારી માળખું તૈયાર કર્યું છે અને ડિજિટલ સ્કાય પ્લેટફોર્મ દ્વારા ડ્રોન તથા એરસ્પેસ સંબંધિત ઘણી પ્રક્રિયાઓને ડિજિટલ બનાવી છે. મતલબ કે ડ્રોન અર્થતંત્ર હવે માત્ર પાઇલટો સુધી મર્યાદિત નહીં રહે. તેની પાછળ ડેટા, એરસ્પેસ, સુરક્ષા અને સંચાલનની એક નવી સિસ્ટમ વિકસિત થશે. આ સિસ્ટમ જ આ નવી કારકિર્દી માટેનો માર્ગ મોકળો કરે છે.

**એ શું કામ કરે છે?**

સરળ શબ્દોમાં કહીએ તો ડ્રોન ટ્રાફિક મેનેજરનું કામ ડ્રોનને સાચી જગ્યાએ, સાચા સમયે અને સુરક્ષિત રીતે ઉડાવવામાં મદદ કરવાનું છે. તેની જવાબદારીઓ, સંસ્થા અને ભૂમિકા અનુસાર અલગ-અલગ હોઇ શકે છે, પરંતુ તેમાં મુખ્ય રીતે નીચે મુજબનાં કામોનો સમાવેશ થઇ શકે છે.

- ડ્રોનની ઉડાન યોજનાઓનું સંચાલન કરવું.
- ડ્રોન માટે નિર્ધારિત હવાઇ ક્ષેત્ર અને પ્રતિબંધિત ક્ષેત્રોની માહિતી રાખવી.
- સંભવિત રૂટ અથડામણની ઓળખ કરવી.
- હવામાન અને અન્ય કામગીરીનાં જોખમોને સમજવા.
- ડ્રોનનું લોકેશન અને ઉડાનની સ્થિતિની દેખરેખ રાખવી.
- ઇમર્જન્સીમાં વૈકલ્પિક માર્ગ શોધવા અથવા પગલાં લેવામાં મદદ કરવી.
- ડ્રોન ઓપરેટરો અને સંબંધિત ડિજિટલ સિસ્ટમો વચ્ચે સંકલન સાધવું.
- ઉડાન સંબંધિત ડિજિટલ રેકોર્ડ્સ અને ડેટાનું સંચાલન કરવું.
- નિયમો તથા સુરક્ષા પ્રોટોકોલનું પાલન સુનિશ્ચિત કરવું.

ભવિષ્યમાં જ્યારે વધુ સંખ્યામાં ડ્રોન હશે ત્યારે આ કામ માત્ર માનવ દેખરેખ સુધી મર્યાદિત નહીં રહે. તેમાં સ્વચાલિત સિસ્ટમ, સેન્સર, નેટવર્ક અને સોફ્ટવેર પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. તેથી આ કારકિર્દીમાં ટેક્નોલોજીની સમજ મહત્ત્વપૂર્ણ રહેશે.

**કોણ બની શકે છે?**

આ ક્ષેત્રમાં પ્રવેશવાનો કોઇ એક જ રસ્તો નથી. વિવિધ ભૂમિકાઓ માટે વિવિધ શૈક્ષણિક પૃષ્ઠભૂમિ ઉપયોગી થઇ શકે છે. વિદ્યાર્થીઓ ધોરણ ૧૨ પછી ડ્રોન એવિએશન, ઇલેક્ટ્રોનિક્સ, ઇલેક્ટ્રિકલ, મિકેનિકલ, કોમ્પ્યુટર, જીઓગ્રાફિક ઇન્ફોર્મેશન સિસ્ટમ અથવા સંબંધિત ટેક્નિકલ અભ્યાસ કરી શકે છે. એન્જિનિયરિંગની પૃષ્ઠભૂમિ ધરાવતા યુવાનો માટે એરોસ્પેસ, ઇલેક્ટ્રોનિક્સ, ઇલેક્ટ્રિકલ, કોમ્પ્યુટર, સાયન્સ, મિકેનિકલ અથવા સંબંધિત ક્ષેત્રોનું જ્ઞાન ઉપયોગી સાબિત થઇ શકે છે. તેમજ જીઆઇએસ, રિમોટ સેંસિંગ અને જિયો સ્પેશિયલ ટેક્નોલોજીનું જ્ઞાન ધરાવતા યુવાનોને પણ આ ક્ષેત્રમાં તક મળી શકે છે. કારણ કે ડ્રોન સંચાલનમાં લોકેશન અને હવાઇ નકશા મહત્ત્વપૂર્ણ હોય છે.

**માત્ર ડ્રોન ઉડાવવું પૂરતું નથી**

આ કારકિર્દીનું સૌથી અગત્યનું પાસું છે. પરંતુ ડ્રોન પાઇલટ અને ડ્રોન ટ્રાફિક મેનેજર બંનેની ભૂમિકાઓ સંપૂર્ણ રીતે અલગ-અલગ છે. ડ્રોન પાઇલટનું મુખ્ય કામ ડ્રોન ઉડાવવાનું છે, જ્યારે ટ્રાફિક મેનેજમેન્ટ પ્રોફેશનલનું કામ સમગ્ર હવાઇ સંચાલનને સુરક્ષિત અને વ્યવસ્થિત રાખવાનું છે. તેથી ઉમેદવાર પાસે કેટલીક અલગ પ્રકારની કુશળતાઓ હોવી જોઇએ. જેમ કે એરસ્પેસની જાણકારી, વિવિધ ક્ષેત્રોમાં ડ્રોન ઉડાવવા માટેના પ્રતિબંધોની માહિતી હોવી ખૂબ જરૂરી છે. એ જ રીતે નકશા અને લોકેશનની જાણકારી પણ બહુ જરૂરી છે. તેથી ડ્રોન મેનેજર માટે ડિજિટલ મેપ, જીઆઇએસ અને જિયો સ્પેશિયલ ડેટા વાંચવા અને સમજવાની ક્ષમતા હોવી જોઇએ. ઉપરાંત ડ્રોન કોમ્યુનિકેશન સિસ્ટમ, સેન્સર અને ઉડાન સંબંધિત સોફ્ટવેરની પણ પાયાની માહિતી હોવી જોઇએ. તેમજ ડેટા વિશ્લેષણની માહિતી પણ જરૂરી છે કારણ કે ઉડાન દરમિયાન મોટી માત્રામાં ડિજિટલ ડેટાનો ઉપયોગ થાય છે તથા જોખમ વ્યવસ્થાપનની સમજ પણ જરૂરી છે. કારણ કે કોઇપણ સંભવિત અથડામણ અથવા ઇમર્જન્સીમાં તાત્કાલિક નિર્ણય લેવા પડે છે. આ બધા ઉપરાંત કોમ્યુનિકેશન સ્કીલ અને નિયમોની જાણકારી હોવી પણ બહુ જરૂરી છે. ડ્રોન ઓપરેટર, ટેક્નિકલ ટીમ અને અન્ય સંબંધિત અધિકારીઓ સાથે સ્પષ્ટ રીતે સંવાદ કરવા માટે કોમ્યુનિકેશન સ્કીલ જરૂરી છે. જ્યારે નિયમોની જાણકારી હોવી એટલા માટે જરૂરી છે કે ભારતમાં ડ્રોન નિયમો અને સંબંધિત નાગરિક ઉડ્ડયન પ્રક્રિયાની સમજણ વિના ડ્રોન ઉડાવવા શક્ય નથી.

**નોકરી ક્યાં મળી શકે છે ?**

ડ્રોન ટ્રાફિક મેનેજમેન્ટનું ભવિષ્ય માત્ર એક કંપની પૂરતું મર્યાદિત નથી. ડ્રોનનો કમર્શિયલ ઉપયોગ વધવાની સાથે વિવિધ સંસ્થાઓ આવા નિષ્ણાતોને રોજગારી આપી શકે છે.

- કંપનીઓએ દવાઓ, જરૂરી સામાનને તાત્કાલિક પહોંચાડવા માટે અને અન્ય ઉત્પાદનોની હવાઇ ડિલિવરીના સંદર્ભમાં ડ્રોન ડિલિવરી શરૂ કરી દીધી છે અને આગામી વર્ષોમાં તેમાં તીવ્ર વધારો થશે.
- એગ્રી ટેક કંપનીઓ ખેતરોનું નિરીક્ષણ કરવા અને ખેતીની કામગીરીના સંચાલન માટે ડ્રોન મેનેજરની નિમણૂક કરશે.
- જમીન અને માળખાગત સુવિધાઓના મોટા પાયે સર્વેક્ષણ માટે સર્વે અને મેપિંગ કંપનીઓ આગામી દિવસોમાં મોટા પાયે તેમની સેવાઓનો લાભ લેશે.
- તેવી જ રીતે ભવિષ્યમાં ડ્રોન આધારિત પરિવહન નેટવર્કમાં લોજિસ્ટિક્સ કંપનીઓ ડ્રોન ટ્રાફિક મેનેજરની નિમણૂક કરશે.
- વીજ લાઇનો, પાઇપ લાઇનો, રસ્તા અને બાંધકામ પ્રોજેક્ટ્સ ઉપર નજર રાખવા માટે ઇન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીઓ ડ્રોન મેનેજરની ભરતી કરશે.
- વિવિધ ગ્રાહકો માટે ડ્રોન કાફલાનું સંચાલન કરતાં ડ્રોન સેવા પ્રદાતાઓ પણ ડ્રોન ટ્રાફિક મેનેજરોને રોજગારી પૂરી પાડશે.
- તદુપરાંત ડ્રોન સંબંધિત નિયમો, સંશોધન, તાલીમ અને તકનીકી સહાય વિકસાવતા સંગઠનોમાં પણ સંબંધિત ભૂમિકાઓનું સર્જન થઇ શકે છે.

**શરૂઆત કઇ રીતે કરવી?**

જે યુવાનો આ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા ઇચ્છે છે તેમણે શરૂઆતમાં માત્ર ડ્રોન શીખવાને બદલે સમગ્ર ઇકો સિસ્ટમ સમજવી જોઇએ. જેનું પ્રથમ પગથિયું ડ્રોન તકનીકનું પાયાનું જ્ઞાન મેળવવું છે. ત્યારબાદ ડીજીસીએ સંબંધિત હાલના ડ્રોન નિયમો, પ્રમાણપત્ર અને તાલીમ આવશ્યકતાઓને સમજવી જરૂરી છે. પછી જીઆઇએસ ડિજિટલ મેપિંગ, રિમોટ સેન્સિંગ, મૂળભૂત હવામાન માહિતી અને ડેટા વિશ્લેષણ જેવી કુશળતા પણ સાથે સાંકળી શકાય છે. આ ઉપરાંત ડ્રોન સિમ્યુલેટર અને વાસ્તવિક તાલીમ દ્વારા ઉડાન સંચાલનની સમજ વિકસાવવી ઉપયોગી સાબિત થશે. ■

## ૪. ધાર્મીક સંબંધી

**FREE આરોગ્ય તપાસણી શિબિર**
સમદર્શન સેવા પરિવાર દ્વારા આયોજિત ભાગવત કથા અને Criticare Asia Multispeciality Hospitalનાં સહયોગથી ૩ થી ૯ ઓક્ટોબર ૨૦૨૬, 3.30 to 7.30, નિઃશુલ્ક આરોગ્ય સેવાનો તેમજ ભાગવત કથાના શ્રવણનો લાભ લો. વિશ્વકર્મા એ. સી. હોલ, બજાજ રોડ, વિલેપાર્લે પશ્ચિમ. સંપર્કઃ ૯૩૨૪૨૫૦૮૫૦. (૧૪૩૫-એ)

## ૫. અંગત

**શ્રાદ્ધમાં અન્નદાન**
બોરીવલીના મારું ઘર વૃદ્ધાશ્રમ દ્વારા બોરીવલી કાંદિવલી મલાડમાં દરરોજ ૧૫૦ ગરીબોને રૂપીયા ૧૧માં ભરપેટ નાસ્તો આપવામાં આવશે. દાતાઓ સંપર્ક દિલીપભાઈ 9323725870 પ્રીતીબહેન 9867266949. (બી-૧૮૧૪૪)

## ૬. પરચુરણ

**આર્ટ સેન્ટર**
**જુની ઝરીની સાડી, નોટના 1, 2, 5, 10, 50, 100ના બન્ડલ લેનાર, જુના કોઈન્સ, કોપર, નીકલ કોઇન્સ, 1000 પર Kg લેનાર, જુના મોબાઈલ લેનાર, જુના ઘડિયાળ, પેન, એન્ડ સિલ્વર કોઈન્સ ઓલ એન્ટીક આઈટમ લેનાર Mo.: 9920663443, 9107866786. (૩૬૪)**

## ૭. ખુશખબર

**અનુભવી**
વિશ્વાસુ કેરટેકર Elderly ફૂલબોડી જનરલ મસાજ ઘરબેઠા સંપર્ક ભરતભાઈ - 9833892528. (જેપી/૪૫૮૩-એફ)

## ૮. શુભ પ્રસંગો માટે

BHANUSHALI
BANQUETS
GHATKOPAR (EAST)
1st & 2nd FLOOR BANQUET HALL
AVAILABLE
SEPTEMBER
OCTOBER
NOVEMBER
LIMITED DATES LEFT
SPACIOUS PILLARLESS HALLS | AMPLE PARKING | PRIME LOCATION | DEDICATED EVENT TEAM
+91 9456577577
(B-18133)

## ૯. લગ્ન સંબંધી

**જૈન યુવક**
૧૯૮૦ બોર્ન ૫'-૬'' બીકોમ, ધંધો કરતાં, યુવતી આવકાર્ય - 7506639937. (દહેજ નહીં). (બી-૧૮૦૪૩)

**1967**
વિધુર વૈષ્ણવ યુવક વેલસેટ માટે યુવતી આવકાર્ય. ઉર્મિલાબેન - 8879576963. (દહેજ નહીં) (૧૪૨૫-એ)

**SAPTPADI**
**Highly Qualified Jain, Vaishnav Gujarati, Candidates. "Neela Sheth" - 9833676409/ 7045657510. (No Dowry). (1398-A)**

## ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**
દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693 / 7506569229. (બી-૧૮૧૧૦)

**ગાદીવાળા ચપ્પલો**
**કપાસિયા, ફ્લેટ ફૂટ, એડી દુખાવાના ગાદીવાળા ચપ્પલ, સ્લીપર, શૂઝ. (બોરીવલી). 9619833392. (૧૪૨૦-એ)**

**ટિફિન**
મુંબઈમાં દરરોજ ૧૦૦૦ ટિફિન જોઈએ છે. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૯૮૩૩૩૫૭૭૮૦ ફક્ત વોટ્સએપ (ફોન નહીં). (એસડીબી-૩૫૪૪)

## ૧૨. યાત્રા સહેલગાહ

**તુષારભાઈ સાથે**
ગંગાસાગર જગન્નાથપુરી ચંપારેન, નેપાળ યુપી મુક્તિનાથ, દક્ષિણ ભારત + કેરેલમ, દેવીબેન પ્રવાસ ૯૮૩૩૭૩૦૬૩૯. (૧૪૦૬-સી)

**ચિરાગ/ મથુરામાં**
ભાઈબીજ સ્નાન - જતીપુરા વ્રજની 84 કોસની પરિક્રમા ચારધામ 7303560200. (૧૩૬૪-સી)

**શ્રીનાથજીમાં/ જતીપુરામાં**
ચંપારણ્યમાં શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરી આપશું 9833009445. (૧૩૬૪-ઈ)

**નિઃશુલ્ક જાત્રા**
મુંબઈમાં ૬૫ વર્ષ ઉપરના માટે એક દિવસીય નેરૂલ લોનાવલામાં જૈન દેરાસર જાત્રા. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૭૩૦૪૭૨૫૮૧ ફક્ત વોટ્સએપ (ફોન કરવો નહીં). (એસડીબી-૩૫૪૫)

## ૧૨. યાત્રા સહેલગાહ

■ Private Car Tours Varanasi Ayodya Kerala Karnataka Rajasthan, Kashmir, Himachal, Uttaranchal Vietnam Srilanka Thailand Singapore Cruise રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટસ્ટેશન Oneway ડિઝાયર ઈનોવા ક્રિસ્ટા ટેમ્પો ટ્રાવેલર Urbania સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ, હોટેલ TravelInsurance. ARRHAM HOLIDAY 9769977466/ 9892534488. (બી-૧૮૧૧૪)

**કિંજલ ફૂડ**
**ભારતમાં પ્રવાસ દરમિયાન ટ્રેન-એરપોર્ટ ઉપર ફ્રેશ જૈન વેજ/ સાત્વિક ફૂડ. 8169558272, 9221506127. (બી-૧૮૧૬૭)**

**ચિરાગ - ગંગાસાગર**
જગન્નાથપુરી, શ્રીનાથજી, ગોકુલ, વૃંદાવન, વારાણસી, અયોધ્યા, રામેશ્વરમ, કન્યાકુમારી, મલ્લિકાર્જુન, ચારધામ, કચ્છ રણોત્સવ. 9833009445. (૧૪૩૦-એ)

## ૧૪. નોકરી ખાલી છે

**અંધેરી ઈસ્ટ**
ગુજરાતી - English ડી.ટી.પી., વર્ડ, એક્સલ, કોરલ ડ્રો, ફોટોશોપ, પેઈજમેકર વગેરેના જાણકાર, સ્ટેશન સામે ચેરિટેબલ ટ્રસ્ટ માટે જોઈએ છે. સંપર્ક - 9869040150 / 9869361411. (બી-૧૮૧૬૮)

INNOVATIVE REALEST PVT. LTD.
requires candidates for long term career
SR. ACCOUNTS MANAGER
PG/CA/MBA with 7+ years experience, in Real Estate Sector preferred.
Salary 55K - 60k pm.
Walk in interviews on Monday to Thursday - 9.30 am to 2 pm
Office : A/49, Royal Industrial Estate, Rd No.26, Near Wadala Udyog Bhavan, Naigaon Cross Road, Dadar (East), Mumbai - 31.
Email your CV : admin@innovativeindia.com
(1424-A)

**REAL ESTATE**
**Sales Wanted 10 Male Candidates to Work at a Reputed Real Estate Company at Juhu Scheme earn 10 Lacs annually, on Commission basis. Field Job 10 am to 7 pm Profile - Site Visits, Inspections, Meetings Whatsapp CV 9819554066. (1368-A)**

**WE ARE SEEKING AN ORganized and Detail-Oriented Tally Operator to manage our daily Office Transactions, Bookkeeping, and Invoicing using Tally. 2 to 3 years experience will be preferred. Freshers may also apply, at Masjid Bunder, Mumbai. WhatsApp only: 99302 23110. Email: resumes3009@gmail.com No Calls Please. (B-18152)**

**REQUIRED PART TIME Freelancer with knowledge of Stock Market Churchgate. Whatsup 7021831500. (B-18153)**

## ૧૫. નોકરી જોઈએ છે

**પોતાનો વ્યાપાર**
ગુજરાતી રસોઈ, મિષ્ટાન ફરસાણ જાણકાર બ્રાહ્મણ મહારાજને રહેવા સાથે બિઝનેસમાં ફિમેલ ભાગીદાર જોઈએ. અનિલ. પરસ્પર સંતોષ મળશે - 9512116293. (બી-૧૮૧૬૯)

## ૧૭. જગ્યા આપવી છે

**મલાડ (વેસ્ટ)**
2 બેડરૂમ ફ્લેટ્સ OC સાથે નરસીંગ લેન, ગોરસવાડી, G + 12 ટાવરમાં રેડી પઝેશન 621' કાર્પેટ, ભવ્ય એન્ટ્રન્સ લોબી, 10 ફૂટ સીલિંગ હાઈટ, જિમ, ચિલ્ડ્રન પ્લે એરિયા, સીસીટીવી, ડિજિટલ લોક. જૈન મંદિર, હવેલી સ્ટેશનથી નજીક. વાસ્તુશાસ્ત્ર મુજબ, રિઝર્વ પાર્કિંગ. માત્ર 2 ફ્લેટસ બાકી. સંપર્કઃ 9920501051. (જેપી/૪૫૭૭-ડી)

**દેવલાલી**
**વેચાણથી. 2 બેડરૂમ - 841' કારપેટ, ગુજરાતી સોસાયટીમાં - પરેશ - 9930803959, 9930106054. (૧૪૦૧-જી)**

**દેવલાલી**
**વાર્ષિક ધોરણે ભાડેથી. ફર્નિશ્ડ ૧ બેડરૂમ, દેરાસર+ભોજનશાળાની બાજુમાં, ૨ બેડરૂમનો ફુલ્લી ફર્નિશ્ડ ફ્લેટ, 800' કારપેટ + 800' પર્સનલ ગાર્ડન, પ્રીન્સ ભોજનશાળાની ગલ્લીમાં, ૩ બેડરૂમનો ફુલ્લી ફર્નિશ્ડ બંગલો. પરેશ - 9930803959, 9930106054. (૧૪૦૧-ઈ)**

**ઈન્ડિયાબુલ્સ પ્રભાદેવી**
**સ્કાઈ ફોરેસ્ટ, 4.5 બેડરૂમ, 2450' કાર્પેટ, મિડલ ફ્લોર, સુપર્બ કરેલ, રેડી ટુ મુવ ઇન, બધી સુવિધાઓ - એમેનિટીઝ, આકર્ષક ભવ્ય લોબી, 16.50 કરોડ. ફોટો વિડિયો - ઉપલબ્ધ, સુભાષ શાહ 9833312345 / 8422012345. (૧૩૮૪-એ)**

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર (ઈસ્ટ)**
પ્રાઈમ લોકેશનમાં, ફુલ્લી ફર્નિશ્ડ ફ્લેટ પાર્કિંગ સાથે, (1) 2 બેડરૂમ હોલ કિચન - 675' કાર્પેટ, 2.51 CR (2) 3 બેડરૂમ, હોલ, કિચન- 1050' યુઝેબલ, 3.15 CR (3) 3.5 બેડરૂમ, હોલ, કિચન - 1330' કારપેટ - 3.70 CR (4) 3 બેડરૂમ, હોલ, કિચન - 1200' યુઝેબલ- 4.11 CR (5) 4 બેડરૂમ, હોલ, કિચન - 1650' કારપેટ - 5.75 CR (6) 1 બેડરૂમ, હોલ, કિચન - 510' કારપેટ - 1.40 CR. "HomeAlone Property" - જુગ્નું શાહ - 9833352224. (૧૩૬૯-એ)

Premium Bungalow

@ Prime Location:
VASNA ROAD, BARODA
- Plot 3300 sq.ft. & Built-up 3500 sq.ft.
- East Facing & Park Facing.
- Well-Maintained Furnished.

Price: ₹ 5 Crore (Nego.)
Interested Buyers may Contact:
8989872274 / 9428423493
Email : trade_wadera@yahoo.co.in
*subject to terms.
(B-18142)

**જે વી પી ડી ગુલમોહર**
**4/5 બેડરૂમ 2000/ 2500/ 2850/ 3200/ 3700 કાર્પેટ તૈયાર કબજો/ અન્ડર કન્સ્ટ્રકશન હાયર ફ્લોર બધી સુવિધાઓ પૂલ, બેન્કવેટ, જીમ, મીની થિયેટર, પિકલ બોલ કોર્ટ - ઓપન વ્યૂ - 50000 થી 75000 psf "MIHIR" 7021919015. (૧૩૬૭-એ)**

**વિલેપાર્લે (ઈસ્ટ)**
**3/ 4/ 5/ 6 બેડ 1000'/ 1500/ 2000/ 2500' જૈન મંદિર પાસે સ્વિમિંગ પૂલ સાથે, જીમ, બેન્કવેટ, ગાર્ડન, 45,000 psf (નિગોશિએબલ) "MIHIR" 7021919015. (૧૩૬૭-બી)**

**જુહુ સર્કલ**
**ડી એન નગર @ પ્રોજેક્ટ્સ સાથે ઈન્ફિનિટી પૂલ, જીમ, ટેરેસ, ગાર્ડન, બેન્ક્વેટ, ઈન્ડોર ગેમ્સ, મીની થિયેટર, ક્રિકેટ ટર્ફ, 3 બેડ 1100/ 1200 4 બેડ 1600/ 2000 5/ 6 બેડ 2200 થી 2500 @ 42000 psf. 12-18 મહિનામાં કબજો "MIHIR" 7021919015. (૧૩૬૭-સી)**

**સાન્તાક્રુઝ/ ખાર**
**લકઝરી પ્રોજેક્ટ્સ 3/ 4/ 5/ 6 બેડ/ પેન્ટહાઉસ, ઈન્ફિનિટી પૂલ, જીમ, બેન્ક્વેટ, મીની થિયેટર, ટેરેસ ગાર્ડન, 2000 થી 6000 કાર્પેટ, મધુપાર્ક પાસે, લિંક રોડની સામે, સી વ્યૂ, ઍમ્પલ સરફેસ પાર્કિંગ. બજેટ 10-30 કરોડ. "MIHIR" 7021919015. (૧૩૬૭-ડી)**

**સી ટચ ફ્લેટો**
**એક્સક્લુઝિવ સી ફેસિંગ ૧૮૦ ડિગ્રી સમુદ્રનો નજારો સાથેના પ્રોજેક્ટ્સ. પ્રાઈમ લોકેશન્સઃ જુહુ, વર્સોવા, કાર્ટર રોડ, બેન્ડસ્ટેન્ડ, પાલી હિલ, પ્રભાદેવી, વર્લી ૩૦૦૦ થી ૧૦,૦૦૦ કાર્પેટ સિંગલ ફ્લોર પર. ૨૦+ સુવિધાઓઃ બેન્ક્વેટ, ઈન્ફિનિટી પૂલ, જીમ, ગેમઝોન, બજેટ ૨૫-૧૦૦. માત્ર સાચા ખરીદદારો "MIHIR" 7021919015. (૧૩૬૭-ઈ)**

**Rustomjee Elements**
**જુહુ સર્કલ પાસે સુવિધાઓ સાથે 3 એકર, 5 BHK 3800' @ 42 કરોડ, 4 BHK, 2350' @ 21 કરોડ. "MIHIR" 7021919015. (૧૩૬૭-એફ)**

**Kalpataru Solitaire**
**જુહુ સ્કીમ સુવિધાઓ સાથે 1 એકર, 3600' ડુપ્લેક્સ 32 કરોડ, 3 BHK 1900' 13 કરોડ, "MIHIR" 7021919015. (૧૩૬૭-જી)**

**વિલે પાર્લે (વેસ્ટ)**
**તૈયાર કબજો સંપૂર્ણપણે સજ્જ 3 BHK 1300' 6 કરોડ, 3.5 BHK 1400' 6.5 કરોડ, 4 BHK 1700' 8.5 કરોડ, તેમજ 2000'/ 2200'/ 2500'/ 3000' પૂલ, જીમ, ટેરેસ, ગાર્ડન, ઈન્ડોર ગેમ્સ સાથેના પ્રોજેક્ટ્સમાં કબજો 1 વર્ષ. "MIHIR" 7021919015. (૧૩૬૭-એચ)**

**મલાડ (વેસ્ટ)**
**ફ્લેટ વેચવાનો છે. સેન્ટ્રીકો (વોરા સ્કાયલાઈન), ફ્લેટ નં. 103 અને 104 - બે બી.એચ.કે.ની જોડી (765' + 765' = 1530' કારપેટ) તથા સિંગલ ફ્લેટ પણ મળશે. ઓરલેમ ચર્ચની સામે, શંકરલેન એક્સટેન્શન, ગોતમબુદ્ધ માર્ગ, મલાડ (વેસ્ટ). સંપર્કઃ- "9821033444". (૧૩૯૮-સી)**

**અંધેરી - બોરીવલી**
બોરીવલીથી અંધેરી વિસ્તારમાં 1/2/3/4 બીએચકે ફ્લેટ્સ / દુકાન / ઓફિસ રેડીપઝેશન / બંધાતામાં લેવા / વેચવા અથવા ભાડેથી લેવા / આપવા. સંપર્ક રાજ 8459614981. (બી-૧૮૧૩૪)

**દેવલાલી**
**વેચાણથી ફક્ત 39 લાખમાં 2 બેડરૂમના ફ્લેટો, દેરાસરની બાજુમાં, ગુજરાતી પ્રતિષ્ઠિત બિલ્ડર, મહારેરા રજીસ્ટર પ્રોજેક્ટ સોલ એજન્ટઃ પરેશ રાયચંદ ધરમશી - 9930803959, 9930106054. (૧૪૦૧-એચ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**૩ કરોડ**
1 બેડરૂમ હોલ કિચન + 1 બેડરૂમ હોલ કિચનની જોડી, 1200' કાર્પેટ, વેચાણથી જુનું બિલ્ડીંગ, રિડેવલપમેન્ટનો ફાયદો. સુનિલ ભૂપતરાય શાહ ચક્ષુદાનનાં પ્રણેતા 9821134251. (૧૪૦૨-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**બોરીવલી (વેસ્ટ)**
બંધાતામાં, SVP રોડ, 3 બેડરૂમ 731' 2.39, પઝેશન ડિસેમ્બર 2026 બિલ્ડર 8291699699. (૧૪૦૪-એ)

**બોરીવલી (વેસ્ટ)**
**દિગંબર જૈન મંદિરને લાગીને, બંધાતામાં 2 બેડરૂમ, 594' 1.78/- 2 બેડરૂમ જોડી શકય, પઝેશન ડિસેમ્બર 2026. બિલ્ડર 8291699699. (૧૪૦૪-સી)**

**કાંદિવલી શંકરલેન પ્રાઈમ લોકેશન**
**જૈન દેરાસર પાસે ૨ બેડરૂમ હોલ કિચન, ૧૦૦૦ sq ft બિલ્ટઅપ, ફુલ્લી ફર્નિશ્ડ ફ્લેટ વેચવાનો છે. OWNER સંપર્ક 98208 90461. (એસડીબી-૩૫૩૬)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**વેચાણથી - તિલક રોડ, 1 બી.એચ.કે.નો ફ્લેટ, ફુલ્લી ફર્નિશ્ડ. ''ઓનર''. - 92221 66159. (૧૪૦૯-સી)**

**શાંતાક્રુઝ (વેસ્ટ)**
હાઈ લાઈફ મોલની પાસે ૩ બેડરૂમના પાંચ ફ્લેટો, નવા બિલ્ડીંગમાં, ઓ.સી. સાથે તુરંત વેચવાના. ''રશ્મિભાઈ'' ૯૮૨૧૦૮૩૫૬૨ ''દ્રુપદભાઈ'' ૯૮૨૦૧૫૦૪૫૩. (બી-૧૮૧૩૮)

**■ સ્પેશ્યાલીસ્ટ ચિંતનભાઈ GHATKOPAR, VIDYAVIHAR, CHEMBUR, વેચાણથી/ ભાડેથી, RESIDENTIAL, COMMERCIAL. 9321234567. (૧૧૩૪/સી)**

**મલાડ (વેસ્ટ)**
**માર્વે રોડ, આદર્શ દુગ્ધાલયમાં ૧-૨-૩-૪ બેડરૂમના ફ્લેટો વેચાણથી - ભાડેથી લેવા. ભરત પટેલ 9820054730, નિષીત - 9920041841. (એસડીબી-૩૫૨૮)**

**પારલા વેસ્ટ**
2 બેડ ભાડેથી નવી બિલ્ડિંગ સ્ટેશન / દેરાસર પાસે અમિત - 7045622403. (બી-૧૮૧૫૫)

PERFECT PROPERTIES CONSULTANCY
Goregaon (East)
RESALE DEALS
OBEROI ELYSIAN

| | |
|---|---|
| 3 BHK FLATS | 8.5 Cr. to 12.5 Cr. |
| 4 BHK FLATS | 16 Cr. to 22 Cr. |
| 3 BHK JODI FLATS | 18 Cr. to 24 Cr. |
| 4 BHK JODI FLATS | 42 Cr. to 55 Cr. |

MULTIPLE OPTIONS AVAILABLE
DINESH HASWANI
99309 06999
86930 33369
RERA NO.: A51800004556
(B-18131)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**વેચાણથી, ગરોડિયા નગર, 90 ફીટ રોડ, ગાર્ડન સામે મિલન મિલાપ, સેલ્ફ ડેવલપ્ડ સ્ટેન્ડ અલોન 15 માળના નવા ટાવરમાં - 2 બીએચકે - 3 બીએચકે લકઝુરીયસ ફ્લેટ્સ - 2.5 Cr થી શરૂઆત (ઓલ ઈન્કલુઝિવ) બધી મોર્ડન ફેસિલીટી સાથે, મંદિર, દેરાસર, હવેલી, સ્કૂલની નજીક, ઝીરો વેસ્ટેજ, ટુ સાઈડ ઓપન, ભરપૂર હવા ઉજાસ, એમ્પલ કાર પાર્કિંગ સાથે. ફિટ આઉટ માટે તૈયાર સંપર્કઃ- 9867586997/ 9920277759/ 9820063333. (૧૪૨૧-એ)**

**ખાર (વેસ્ટ)**
લક્ષ્મી નગર સોસાયટી - માત્ર ગુજરાતીઓ માટે - ૨ બેડરૂમ એરીયા ૮૬૫' કારપેટ, ૩ બાથરૂમ સાથે, ૩ બેડરૂમ એરીયા ૧૧૫૦' કારપેટ, તદ્દન નવા બિલ્ડિંગમાં, વ્યવસ્થિત પાર્કિંગ, જીમ, એરકન્ડિશન્ડ લોબી, તુરંત વેચવાના. ઓનરઃ- ૯૮૨૦૧૫૬૧૩૩. (બી-૧૮૧૧૧)

**ઘાટકોપર ઈસ્ટ**
**વેચાણથી બે બેડરૂમ જોડી 1700', ત્રણ બેડરૂમ 1000', ત્રણ બેડરૂમ જોડી 2100', બે બેડરૂમ - 865' - 805', ફુલ્લી ફર્નિશડ 640' નવું ટાવર, પાર્કિંગ તેમજ ઘાટકોપર ઈસ્ટ 2 - 3 - 4 બેડરૂમ ફ્લેટ ભાડેથી ''જ્યોતિ એસ્ટેટ'' - 9029335133. (૧૪૨૭-એ)**

**વિલેપાર્લે (વેસ્ટ)**
અંબામાતા ચોક અને KLS હોસ્પિટલ નજીક 3 - બેડરૂમ - 890' તેમજ 2 બેડરૂમ - 730' એમિનિટીઝવાળા નવા બિલ્ડિંગમાં રેડી પઝેશન નવકાર એસ્ટેટઃ 9819117722. (જેપી/ ૪૫૮૧-બી)

**ન્યુ બિલ્ડિંગ**
With OC, બોરીવલી (વેસ્ટ) એસવી રોડ, વિજય સેલ્સ પાસે, 1 રૂમ કિચન 90 લાખ 1 બેડરૂમ 1.25 કરોડ, 1.5 બેડરૂમ 1.50 કરોડ 2 બેડરૂમ 2.07 કરોડ & 2.55 કરોડ 682' રેડી પઝેશન લેવા. સંપર્ક બ્રોકર 9821061741 - 9820194937. (જેપી/૪૫૮૨-એ)

**વિલેપાર્લે (ઈસ્ટ)**
વેચાણથી 3 BHK - ફુલ્લી ફર્નિસ્ડ, 1050' કાર્પેટ, હાયર ફ્લોર, ઈસ્ટ/વેસ્ટ એન્ટ્રી, રજિસ્ટર્ડ સોસાયટી OC અને સ્ટિલ્ટ પાર્કિંગ સાથે, એન. પી. ઠક્કર રોડ ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા - 9594925992/જતીન વીરા - 9119512675. (જેપી/૪૫૮૨-સી)

**વિલેપાર્લે (ઈસ્ટ)**
વેચાણથી 3 BHK-840' કાર્પેટ, બ્રાન્ડ ન્યુ બિલ્ડિંગ, હાયર ફ્લોર, ઈસ્ટ/વેસ્ટ એન્ટ્રી, પ્રાર્થના સમાજ રોડ, OC અને પાર્કિંગ સાથે, રેડી ટૂ મુવ, દેરાસરની બાજુમાં ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા - 9594925992/જતીન વીરા - 9119512675. (જેપી/૪૫૮૨-ડી)

## ૧૭. જગ્યા આપવી છે

**વિલેપાર્લે (ઈસ્ટ)**
વેચાણથી 3 BHK- 910' કાર્પેટ OC અને પાર્કિંગ સાથે, ઈસ્ટ/વેસ્ટ એન્ટ્રી મહાવીર સ્વામી દેરાસરની બાજુમાં, માલવીયા રોડ, બ્રાન્ડ ન્યુ બિલ્ડિંગ, રેડી મુવ. ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા - 9594925992/જતીન વીરા - 9119512675. (જેપી/૪૫૮૨-ઈ)

**બરોડા**
**ગૌતમ નગર, અલ્કાપુરીમાં પાયલ સોસાયટીમાં ત્રીજે માળે, (પ્લૉટ - 40) ૩ બેડરૂમ + ટેરેસ ફ્લેટ વેચવાનો. 9699090386. (ઓનર) (૧૪૩૧-એ)**

**બોરીવલી (વેસ્ટ)**
સ્ટેશન દેરાસર નજીક, 2 બેડરૂમ ગાર્ડન, પાર્કિંગ, OC સાથે વ્યાજબી ભાવે લેવાઃ ''સંદીપ જાની'' 9869485733. (૧૪૩૨-એ)

OLD IS GOLD
બોરીવલી વેસ્ટ
બે બેડરૂમ વેચાણથી ૮૦૦ કાર્પેટ + નાની ટેરેસ, ૧લે માળે, કેન્ટ ગાર્ડન ફક્ત ૨.૭૫
૨+૩ બેડરૂમ જોડી કેન્ટ ગાર્ડન
૨+૩ બેડરૂમ જોડી પ્રતાય હેરીટેઝ + ૪ સરફેસ પાર્કિંગ
૧૦૦૦ કાર્પેટ ૩ બેડ કોમર્શીયલ ફ્લેટ મોટું સાઇનેજ ૧લે માળે, ચંદાવરકર રોડ.
૪ બેડરૂમ ૧૮૦૦ કાર્પેટ સાવરકર ગાર્ડન સામે ભાડેથી
શ્રી સંભવનાથ રીયલ્ટર જીતેન્દ્ર શાહ
9820076455 / 8369122078
(૧૪૨૫-બી)

**બોરીવલી (ઇસ્ટ)**
**નવા બિલ્ડિંગમાં- હાયર ફ્લોર- 2 બેડરૂમ- 540' કાર્પેટ (1.42 CR). એજન્ટઃ- 9820311842. (૧૪૩૩-સી)**

**બોરીવલીમાં ભાડેથી**
**ડોન બોસ્કો સ્કૂલ પાસે 1 બેડરૂમ- 32,000/- આપવાનો છે. એજન્ટઃ- 9820311842. (૧૪૩૩-એ)**

**''કાંદિવલી (વેસ્ટમાં)..''**
કેનેડા જતાં સુખી પરિવારનોઃ નવામાં રેડી ૨ બેડરૂમનો મોટા કાર્પેટવાળો ફુલ્લી ફર્નિશ્ડ ફ્લેટ ફર્નિચર + ઈલેક્ટ્રોનિક્સ સાથે હાયર ફ્લોર- દેરાસરની બાજુમાં વેચાણથી- ફક્તઃ ૧૯૯ લાખમાં / ભાડેથી - ૭૧,૦૦૦/-માં... (બ્રોકર્સ વેલકમ) - 9320424455. (બી-૧૮૧૬૪)

**જુહુ**
3 બેડરૂમ, 1475', નવી બિલ્ડિંગ, હાયર ફ્લોર, 6.5 કરોડ, જિમ, સ્વિમિંગ પુલ, ગાર્ડન સાથે. 9820442089. (૧૪૧૪-બી)

**અમદાવાદ**
**૧ થી ૫ બેડરૂમ ફ્લેટ વેચાણથી. લેવા. - રાજ શાહ - 8347828888. (એસડીબી-૩૫૪૬)**

**''વિલેપાર્લે - વેસ્ટ''**
**૩ બેડરૂમ ૧૦૫૦' કાર્પેટ યુસેબલ ૧૧૦૦' વેચાણથી, ૩.૫૦ કરોડ, તથા ૨ બેડરૂમ ૬૭૦' કાર્પેટ, ૨.૫૦ કરોડ ઈન્વેસ્ટર માટે દાદાભાઈ રોડ ૩, તથા ૨ બેડરૂમ ૫૬૫' - કારપેટ, વેચાણથી / ભાડેથી, લલ્લુભાઈ પાર્ક, (દલાલ માફ) 9819907437, 9867101337. (બી-૧૮૧૭૦)**

**સાઉથ મુંબઈમાં ભાડેથી**
નવા ટાવરમાં 430 ફૂટ કાર્પેટ 1 માસ્ટર BHK + 2 બાથરૂમ, મરીન લાઈન્સ / ચર્ની રોડ સ્ટેશનથી 5 મિનિટ, કાલબાદેવી મેટ્રોની નજીક, રૂફટોપ, ઈન્ફિનિટી સીવ્યુ, મોર્ડન જીમ. ઓનર 9324476657. (૧૪૨૫-સી)

**વિલેપાર્લે (ઈસ્ટ)**
3.5 બેડરૂમ, નવા બિલ્ડીંગમાં વેચાણથી, ચિંતામણી દેરાસર નજીક, 1690' રેરા કારપેટ, 3 કાર પાર્કીંગ 8.75 Cr. નેગોશીએબલ. Navigators Realty - 8454849049. (૧૪૩૦-જી)

**અંધેરી (ઈસ્ટ)**
સ્ટેશન નજીક, નામાંકિત ટાવરમાં, 850' યૂઝેબલ કારપેટ, 2 પાર્કીંગ સાથે, બજેટ 3.50 કરોડ (નેગોશીએબલ). Navigators Realty - 8454849049. (૧૪૩૦-સી)

**વિલેપાર્લે (ઈસ્ટ)**
3 બેડરૂમ, સ્પેશીયસ, પ્રીમિયમ 1390' કારપેટ, મહંત રોડ, વેલ મેન્ટેન્ડ સોસાયટી બધી એમેનીટીઝ સાથે 7 Cr. (નેગોશીએબલ). Navigators Realty- 8454849049. (૧૪૩૦-ઈ)

**વિલેપાર્લે (ઈસ્ટ)**
2 બેડ હોલ કિચન વેચાણથી, હાયર ફ્લોર, 700 કારપેટ, ફુલ્લી ફર્નીશ્ડ, 3.08 Cr. નેગોશીએબલ. Navigator Realty- 8454849049. (૧૪૩૦-એફ)

**સાઉથ મુંબઈ, ભાડે/વેચાણથી**
**તારદેવ પાસે, નવું મકાન, હાયર ફ્લોર, ફુલ ફર્નિચર સાથે, બે પાર્કિંગ, રેડી પઝેશન, વેજીટેરિયન ફેમિલીને આપવાનું. ભરતભાઈ ૯૩૨૨૨ ૪૬૯૫૦. (૧૪૩૪-એ)**

**KANDIVALI EAST**
**2 Bedroom Sale, Higher Floor, Main Road Facing, Excellent View, Metro Station, WEH 5 Minutes away. Very Reputed Builder. Owner: 9820552323. (1173-E)**

**REQUIRED**
4 BHK Outright Purchase in Marquis / Trumptower, Lodha Park, Lowerparel at Market Rate Owner Prefer. Lodha Specialist SFRC. 9920655056 / 9821036552. (1414-A)

**LEAVE AND LICENSE**
Breach Candy 3 Bedroom 1400cp 4.5 Lac. nego Fully Furnished 2 Parking 9892710071 / 9619048555. (B-18081)

## ૧૭. જગ્યા આપવી છે

**DADAR WEST**
Sale 1 BHK: 475' - 2 Cr., Negotiable. 9869229610. (1408-C)

**PRABHADEVI**
Rustomjee Crown 4 BHK Higher Floor 15 CR Nego 3 Parking 9892710071 / 9619048555. (B-18149)

**GHATKOPAR (EAST)**
**1 BHK Flat available at Ghatkopar (East), Ready Possession with OCC, Flat No. 602 and 802, 425 sq.ft. Carpet area in Vinayak Heights Phase I, C Wing, Opp. Pant Nagar Police Stn., Sale Rate each Flat Rs. 99.00 Lacs (negotiable). Contact: - Mr. Shailesh Shelar / Mr. Laxman Zore: - 99302 50496 / 99309 60527. (1409-A)**

**JUHU - GULMOHAR**
**3 BHK -1240/ 1458/ 1537/ 1626 Carpet area Exclusive Ready Possession with OC and All Amenities - 50 k to 60 k psf negotiable Prices Mihir - 7021919015. (1367-I)**

**LEAVE AND LICENSE**
Breach Candy 3 Bedroom 1400cp 4.5 Lac. nego Fully Furnished 2 Parking 9892710071 / 9619048555. (B-18099)

**SOUTH MUMBAI**
**Shop, Showroom, Offices, Storages, 1/2/3/4 BHK Flats, Resale, Ready Possession, Under Construction, in Branded Reputed Builders Project; Purchase, Sale, Rent. "Ashok Turakhia" 9820777676 / 022-49247676. aturakhia@hotmail.com, 34, Panchratna, Opera House, Mumbai 400004. (Maharera Registered) (1429-A)**

## ૧૮. જગ્યા જોઈએ છે

**બોરીવલીમાં**
**1/ 2/ 3 બેડરૂમના ફ્લેટ્સ વેચાણ/ ભાડેથી જોઈએ છે. DILIP ESTATE:- 9820311842. (૧૪૩૩-બી)**

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399, જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૨૯૨-સી)**

વસઈ
ઈન્ડસ્ટ્રીયલ ગાળા, પ્લોટ, લેવા- વેચવા ભાડેથી
રુષભ ઉપાધ્યાય 9049625073
હિતેષ ઉપાધ્યાય 9326470109
(એસડીબી-૩૫૪૭)

**BHIWANDI**
Pub Shed and RCC & MMRD Godown available on Rent / Sale. Kaushik Shah - 9823617052. (1401-A)

**AVAILABLE ON RENT / LEASE**
**16250 Sqft (3250 sft X 5 Gala) Warehouses at Parasnath Complex, 1st Floor Building No. A-10, Ovali Village, Bhiwandi. Nita - 09833694353. (JP/4582-B)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**FURNISHED OFFICE**
**વેચાણથી / લીઝથી ઓફિસ ઉપલબ્ધ. બોરીવલી (વેસ્ટ) લીંક રોડ Techno Park ઓફિસ 600', 900' (Surface Parking) તેમજ અન્ય આકર્ષક પ્રપોઝલો સ્ટેશન પાસે પણ. D. S. Realty 7666644727. (૧૩૯૪-બી)**

વડાલા - દાદર
શ્રીરામ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ
> ૧૦૦૦ ચોરસ ફૂટ કાર્પેટ + મેઝેનાઈન
> ભાડેથી આપવાનો છે
Call : 98214 20562 98190 06163
(૧૩૯૯-એ)

**દામજી શામજી**
**લાલબહાદુર શાસ્ત્રી માર્ગ કુર્લા (વેસ્ટ), સેમ્મી ફર્નિશ્ડ ઓફીસો ઉપલબ્ધ છે. 120' / 430' કારપેટ, (ઍપલ પાર્કિંગ), 2 લીફ્ટ. સંપર્કઃ ''જયસિંહ ઠક્કર'' 9869473708. (૧૪૧૧-એ)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**મલાડ (વેસ્ટ)**
**BJ પટેલ રોડ ગ્રાઉન્ડ ફ્લોર 1200' + 680' લોફ્ટ + 680' બેઝમેન્ટ ટોટલ 2560' કાર્પેટ દુકાન વેચવાની છે. 9820054730, 9920041841. (એસડીબી-૩૫૨૭)**

શોપ
લોંગ લીઝ પર મળશે
ઘાટકોપર (ઈસ્ટ)
1000 કાર્પેટ
14 ફીટ હાઈટ, 26 ફીટ દર્શન પિલર લેસ
લૉફ્ટ (માળીયુ) પોસિબલ,
બેંક, કેફે, ટુ-વ્હીલર શોરૂમ, સલૂન-સ્પા, કોઈપણ બ્રાન્ડ, શોરૂમ વગેરે માટે.
9820856671 • 9821008455
(૧૪૨૩/એ)

**વર્સોવા**
યારી રોડ 585 કમર્શીયલ જગ્યા વેચવાની છે 9820613128. (એસડીબી-૩૫૩૮)

**BORIVALI (EAST)**
**Daulat Nagar, Ground Floor, Commercial for Lease 500' to 3500' sft. Best for Banks. Contact 9769267750. (1410-C)**

5 Acres Plot
Available
VACANT-CLEAR TITLE
at
CHEMBUR (Mumbai)
Exclusive
Development Proposal (JV)
Only Genuine Parties Contact
9821008455 • 9820856671
(1423/A)

**JUHU/VILEPARLE/ ANDHERI**
**Exclusive Commercial, High End Glass Facade Bldg. with Ramp and Terrace Garden Choice of Over 10 RERA Registered Projects Offices 500 to 8000 sqft, Retail Showroom 5000 to 20000 sqft Mihir 9819554066. (1368-D)**

## ૨૧. હોટલ

THE KINARA VILLAGE
LONAVALA

DELICIOUS FOOD I HERITAGE AMBIENCE
HERITAGE ROOMS AVAILABLE
Add. : Old Mumbai - Pune Highway, Vaksai Naka, Varsoli, Lonavala - 410401
Call : 9859639639
www.thekinaravillage.com
(B-18166)

## ૨૩. મનોરંજન

**બજેટથી પ્રાર્થનાસભા**
સાંજી, ભજન - સંગીત સંધ્યા, લગ્નગીત, નવરાત્રી, Anniversary, Baby Shower. મનસુખભાઈ 9326801860, 8169552801. (૧૪૧૦-ઈ)

**પ્રાર્થના 4500/-**
નવરાત્રિ, દાંડિયા, સંગીતસંધ્યા, લગ્નગીત, બર્થ ડે, એનીવર્સરી. કમલેશ માંડલિયાઃ- 9820889938. (૧૪૧૮-એ)

## ૩૦. એજન્ટો

**''પ્રાર્થનાસભા'' - ''શ્રદ્ધાંજલિની'' ''જાહેરાતો'' ''મરણનોંધ'' તથા ''પબ્લીક નોટીસની'' જાહેરાતો ''Discount'' સાથે છપાવવા - Vardhman 9920694381. (બી-૧૮૧૫૬)**

## ૩૧. નાણાંકીય

**''શેર સંબંધી''**
શેર ટ્રાન્સફરની કોઈપણ સર્વિસ આપશું તેમજ શેર ખરીદશું.. સંપર્ક - 9619315362. (બી-૧૮૧૬૫)

## ૩૨. જમીન - મિલકત

**જામીનપાત્ર મિલકત**
દહાણુ તાલુકામાં આવેલ દહાણુ અંબેસરી ગામ - મુંબઈ, અમદાવાદ હાઇવેથી માત્ર 8 કિમીના અંતરે, અંબેસરી ગામ દેરાસર પાસે 52 એકર ખેતીલાયક જમીન, નિર્વિવાદ માલિકી / સ્પષ્ટ માલિકી સાથે ઉત્તમ જમીન, કૂવો (બારે મહિના પાણી પુરવઠા સાથે) વેચાણથી ઉપલબ્ધ છે. સંપર્કઃ રવિન્દ્ર શાહઃ 9820042314, હસમુખભાઈઃ 9322201223, કીર્તિભાઈઃ 9987347614. (જેપી/૪૫૭૯-એ)

**દહિસરમાં**
2.5 એકર ઓપન પ્લોટ સાથે 3.5 એકર વેચવાની છે. 8652222774. (બી-૧૮૧૮૧)

(જુઓ પાનું ૫) ▶▶

# અમેરિકાના રોજગારીનાં ડેટાની જાહેરાત પૂર્વે સોનામાં ટકેલું વલણ, ચાંદીમાં ધીમો સુધારો

લંડન/મુંબઈ: અમેરિકાના રોજગારીનાં ડેટાની મોડી સાંજે થનારી જાહેરાત પૂર્વે આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોના સાવચેતીના અભિગમ વચ્ચે હાજરમાં સોનાના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જોકે, આજે સ્થાનિક ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશન ગાંધી જયંતીની જાહેર રજાને કારણે બંધ રહ્યું હોવાથી સોના અને ચાંદીના હાજર ભાવની સત્તાવાર જાહેરાત ન થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે લંડન ખાતે સત્રના આરંભમાં રોકાણકારોના સાવચેતીના અભિગમ વચ્ચે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ આસપાસ ઔંસદીઠ ૪૧૮૨.૪૪ ડૉલરના મથાળે ટકેલાં રહ્યા હતાં અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા વધીને ૪૨૧૨.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ઘટ્યા મથાળેથી ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૬૧.૦૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ગઈકાલે જાહેર થયેલા અમેરિકાના ફુગાવાના ડેટા અપેક્ષા કરતાં સારા આવ્યા હોવાથી ફેડરલ રિઝર્વ દ્વારા આગામી ઑક્ટોબરમાં વ્યાજદરમાં વધારો કરવાની શક્યતા નબળી પડી હતી અને આજે નોન ફાર્મ પે રૉલ ડેટાની જાહેરાત પૂર્વે સોનાને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું જેફરીઝની માલિકીની ટુડુ ડૉટ કૉમના વિશ્લેષક નિકોસ ઝુબોરસે જણાવ્યું હતું.

અમેરિકામાં ગત ઑગસ્ટ મહિનાના ફુગાવામાં વૃદ્ધિ અપેક્ષા કરતાં ઓછી થઈ હોવાથી સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ટ્રેડરો આગામી ૨૭-૨૮ ઑક્ટોબરની નીતિવિષયક બેઠકમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી ૨૬ ટકા શક્યતા મૂકી રહ્યા છે. નોંધનીય બાબત એ છે કે સપ્તાહના આરંભે ટ્રેડરો ૭૦ ટકા શક્યતા મૂકી રહ્યા હતા. એકંદરે હવે અમેરિકી ફેડરલ રિઝર્વના નીતિ ઘડવૈયાઓ ભવિષ્યની નાણાનીતિનાં અંદાજ બાબતે વિભાજિત થઈ ગયા છે. અમુક નીતિ ઘડવૈયાઓ વ્યાજદરમાં વધુ વધારાના નિર્ણય માટે વધુ ડેટાની આવશ્યકતા હોવાનું જણાવે છે, જ્યારે અમુકનું માનવું છે કે ફુગાવાની લક્ષ્યાંકિત સપાટી હાંસલ કરવા માટે વ્યાજદરમાં વધારાની જરૂર છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત ૧૫-૧૬ સપ્ટેમ્બરની નીતિવિષયક બેઠકમાં અમેરિકી ફેડરલ રિઝર્વે ત્રણ વર્ષ પછી પહેલી વખત વ્યાજદરમાં વધારો કર્યો હતો.

આજે મોડી સાંજે અમેરિકાના નોન ફાર્મ પે રૉલ ડેટાની જાહેરાત થનાર છે. જોકે, રૉઈટર્સનાં દ્વારા કરવામાં આવેલા સર્વેક્ષણમાં ગત ઑગસ્ટ મહિનામાં રોજગારોની સંખ્યામાં ૧,૬૨,૦૦૦નો વધારો થયા બાદ ગત સપ્ટેમ્બરમાં ૯૦,૦૦૦નો ઉમેરો થવાની ધારણા અર્થશાસ્ત્રીઓએ વ્યક્ત કરી હતી. એકંદરે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને સરકારી દેવાનાં બોજમાં વધારો થવાથી અમેરિકી ટ્રેઝરી બૉન્ડની યિલ્ડમાં વધારો થવાને કારણે વ્યાજની ઊપજ ન આપતી અસ્ક્યામતોમાં રોકાણકારોનો નિરુત્સાહ જોવા મળી રહ્યો હોવાનું સાક્સો બૅન્કનાં કૉમૉડિટી સ્ટ્રેટેજી વિભાગના હેડ ઑલે હાસને જણાવ્યું હતું.

# સપ્ટેમ્બરમાં પાવરનો વપરાશ ૧૧ ટકા વધીને ૧૬૨ યુનિટ

નવી દિલ્હી: ગત સપ્ટેમ્બર મહિનામાં એકંદરે દેશમાં બફારાનું પ્રમાણ વધુ રહેતાં એર કન્ડિશનર સહિતનાં કૂલિંગ એપ્લાયન્સીસનાં વપરાશમાં દેશમાં પાવરનો વપરાશ સપ્ટેમ્બર, ૨૦૨૫ના ૧૪૫.૬૬ અબજ યુનિટ સામે ૧૧.૩૫ ટકા વધીને ૧૬૨.૧૯ અબજ યુનિટની સપાટીએ રહ્યો હતો. સપ્ટેમ્બર મહિનાના આરંભમાં ભેજવાળા હવામાનને કારણે વાસ્તવિક તાપમાન કરતાં વધુ તાપમાનની અનુભૂતિ થઈ રહી હોવાથી એર કન્ડિશનર સહિતનાં કૂલિંગ ઉપકરણોના વપરાશમાં વધારો થતાં વીજળીની માગ અને વપરાશમાં વૃદ્ધિ થઈ છે. જોકે, સપ્ટેમ્બરનાં બીજા પખવાડિયામાં વીજળીની માગ અને વપરાશમાં ઘટાડો થયો હતો.

વધુમાં ગત સપ્ટેમ્બર મહિનામાં પીક પાવર માગ સપ્ટેમ્બર, ૨૦૨૫ના ૨૨૯.૧૫ ગિગા વૉટ સામે વધીને ૨૬૯.૦૬ ગિગા વૉટની સપાટીએ રહી હતી, પરંતુ આગલા મે મહિનાની ૨૭૦.૮૨ ગિગા વૉટની વિક્રમ પીક પાવર માગની સરખામણીએ ઓછી રહી હતી. નોંધનીય બાબત એ છે કે પાવર મંત્રાલયે વર્ષ ૨૦૨૬ની ઉનાળાની મોસમ માટેની પીક પાવર માગનો અંદાજ ૨૭૦ ગિગા વૉટનો રાખ્યો હતો. જોકે, ગત વર્ષ ૨૦૨૫ની ઉનાળાની મોસમ માટે સરકારે ૨૭૭ ગિગા વૉટની પીક પાવર માગનો અંદાજ મૂક્યો હતો, પરંતુ સર્વોચ્ચ પીક પાવર માગ જૂન, ૨૦૨૫માં ૨૪૨.૭૭ ગિગા વૉટની સપાટીએ રહી હતી. આગામી ઑક્ટોબર મહિનામાં તહેવારોની મોસમ હોવાથી ઔદ્યોગિક અને વાણિજ્યીક આવશ્યકતાઓને ધ્યાનમાં લેતા નિષ્ણાતો પાવરની માગમાં મક્કમ ધોરણે વૃદ્ધિ થવાનો આશાવાદ મૂકી રહ્યા છે. ઈન્ડિયા મીટરોલોજિકલ ડિપાર્ટમેન્ટ (આઈએમડી)નાં જણાવ્યાનુસાર ઑક્ટોબર મહિનામાં દેશમાં વરસાદ સાધારણ કરતાં ઓછો અથવા તો લાંબાગાળાની સરેરાશનાં ૮૫ ટકા રહેવાની શક્યતા વ્યક્ત કરી છે. તેમ જ દેશભરમાં લઘુતમ અને મહત્તમ તાપમાન સાધારણ કરતાં ઊંચું રહેવાની શક્યતા વ્યક્ત કરી હોવાથી કૂલિંગ ઉપકરણોનાં વપરાશમાં વધારો થવાની શક્યતા નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યા છે.

# વિદેશી પોર્ટફોલિયો ઇન્વેસ્ટર્સ નેટ સેલર્સ બન્યા: ભારતીય શૅરબજારમાં સપ્ટેમ્બરમાં ₹ ૩૬,૮૬૦ કરોડના શૅર વેચ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: ક્રૂડ ઓઇલના ઊંચા ભાવ અને બોન્ડ યીલ્ડના દબાણને કારણે સપ્ટેમ્બરમાં એફપીઆઇએ ભારતીય ઇક્વિટીમાંથી રૂ. ૩૬,૦૦૦ કરોડ પાછા ખેંચી લીધા છે. બજારના વિશ્લેષકો કહે છે કે, એવું જણાય છે કે વિદેશી રોકાણકારોનો એશિયાની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થામાં વિશ્વાસ ઘટી રહ્યો છે, જે સ્થાનિક શેરોમાં ફરી શરૂ થયેલા વેચાણ પરથી સ્પષ્ટ થાય છે. રોકાણકારોને અન્યત્ર વધુ સારી તકો મળી રહી હોય તેવું લાગે છે.

સીડીએસએલના ડેટા અનુસાર, સપ્ટેમ્બરમાં વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (એફપીઆઇ) ફરીથી નેટ સેલર્સ બન્યા અને રૂ. ૩૫,૮૬૦ કરોડના શેર વેચી નાખ્યા. આ વેચાણ અગાઉ જુલાઈમાં એફપીઆઇ દ્વારા રૂ. ૨૦,૨૦૦ કરોડ અને ઓગસ્ટમાં રૂ. ૨૯,૬૩૧ કરોડનું રોકાણ કરવામાં આવ્યું હતું.

સપ્ટેમ્બરના આ આઉટફ્લો સાથે, ૨૦૨૬માં ભારતીય ઇક્વિટીમાંથી વિદેશી ફંડો દ્વારા પાછી ખેંચાયેલી કુલ રકમ રૂ. ૨.૬૯ લાખ કરોડ સુધી પહોંચી ગઈ છે, જે સમગ્ર ૨૦૨૫ દરમિયાન નોંધાયેલા રૂ. ૧.૬૬ લાખ કરોડના આઉટફ્લો કરતાં પણ વધુ છે.

આ રેકોર્ડ સ્તરના આઉટફ્લોની અસર નિફ્ટીના દેખાવમાં સ્પષ્ટપણે જોવા મળી છે; આ બેન્ચમાર્કે ૨૦૨૬માં બે-આંકડાનો ઘટાડો નોંધાવ્યો છે, જેમાં અત્યાર સુધીમાં ૧૪ ટકાથી વધુનો ઘટાડો થયો છે અને તે પાછલાં ૧૫ વર્ષમાં પ્રથમ વાર્ષિક ઘટાડા તરફ આગળ વધી રહ્યો છે.

આ બેન્ચમાર્ક સતત આઠ અઠવાડિયાથી નીચા સ્તરે રહ્યો છે, આવો સતત ઘટાડો પાછલાં ૨૫ વર્ષ પહેલાં જોવા મળ્યો હતો, જે સમગ્ર બજાર પર વધી રહેલા દબાણને દર્શાવે છે. બજારના નિરીક્ષકો જણાવે છે કે, જો સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સનો ટેકો ન મળ્યો હોત, તો આ ઘટાડો વધુ ગંભીર રહ્યો હોત.

શેરો ઉપરાંત, આ ભારે વેચાણને કારણે ભારતીય રૂપિયા પર પણ વધુ દબાણ આવ્યું છે; રૂપિયો અનેકવાર રેકોર્ડ નીચલા સ્તરે પહોંચ્યો છે અને એશિયાના સૌથી નબળા દેખાવ કરતા ચલણોમાંનું એક બની ગયું છે. સ્થાનિક ચલણ પર ક્રૂડ ઓઈલના ઊંચા ભાવ, વૈશ્વિક બોન્ડ યીલ્ડ અને ડોલરની મજબૂત માગની પણ અસર થઈ છે.

ઇક્વિટી ઉપરાંત વિદેશી ફંડ ડેટ સાધનોમાં પણ નેટ સેલર્સ બન્યા છે. એફપીઆઇએ ડેટ (જનરલ લિમિટ)માં રૂ. ૫,૨૪૭ કરોડ, ડેટ (વીઆરઆર અથવા વોલન્ટરી રીટેન્શન રૂટ)માં રૂ. ૫,૦૪૯ કરોડ, ડેટ (એફએઆર અથવા ફુલ્લી એક્સેસિબલ રૂટ)માં રૂ. ૧૦,૪૩૧ કરોડ અને હાઇબ્રિડમાં રૂ. ૨,૦૭૮ કરોડની ચોખ્ખી વેચવાલી નોંધાવી છે.

# ટેક્સ્ટાઈલ મંત્રાલય એક-બે મહિનામાં વિવિધ યોજના માટે કૅબિનેટની મંજૂરી માગશે: ગિરિરાજ સિંહ

નવી દિલ્હી: ટેક્સ્ટાઈલ મંત્રાલય આગામી એકાદ-બે મહિનામાં વિવિધ યોજનાઓ માટે કૅબિનેટની મંજૂરી માગશે, એમ કેન્દ્રીય પ્રધાન ગીરિરાજ સિંઘે તાજેતરમાં લઘુ ઉદ્યોગ ભારતી દ્વારા આયોજિત એક સંમેલનને સંબોધિત કરતાં જણાવ્યું હતું.

અધિકારીઓના જણાવ્યાનુસાર કૅબિનેટની મંજૂરી માટે મોકલવામાં આવનારી યોજનાઓમાં મુખ્યત્વે અંદાજપત્ર ૨૦૨૬-૨૭માં જાહેર કરવામાં આવેલી ટેક્સ ઈકો ઈનિશિએટીવ, ટીઈઈએમ (ટેક્સ્ટાઈલ એક્સ્પાન્શન ઍન્ડ એમ્પ્લોયમેન્ટ), નેશનલ ફાઈબર સ્કીમ અને સમર્થ ૨.૦નો સમાવેશ થાય છે.

તેમણે જણાવ્યું હતું કે આગામી એકાદ-બે મહિનામાં આ સ્કીમો કૅબિનેટ સમક્ષ આવશે.

ટેક્સ ઈકો સ્કીમ દેશનાં વસ્ત્ર અને કાપડ ઉદ્યોગને પર્યાવરણ અનુકૂળ અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવાને લક્ષ્યાંકિત કરશે અને ટીઈઈએમ સ્કીમનો ઉદ્દેશ ટેક્સ્ટાઈલ ઉદ્યોગને આધુનિક બનાવવાની સાથે વધુ રોજગાર સર્જન કરવાનો છે.

આ સિવાય નેશનલ ફાઈબર સ્કીમનો ઉદ્દેશ દેશનાં સમગ્ર ટેક્સ્ટાઈલ ફાઈબર ક્ષેત્રે સંપૂર્ણપણે આત્મનિર્ભરતા વધારવાનો અને આયાત ઘટાડવાનો છે, જ્યારે સમર્થ ૨.૦ એ રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસમાં સુધારો કરવાની દિશાનું પગલું છે.

# ‘સ્વદેશી અને આત્મનિર્ભર ભારત’નાં વિઝન તથા ‘વિકસિત ભારત’ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં ‘લિજ્જત’નું નામ

મુંબઇ: ‘શ્રી મહિલા ગૃહ ઉદ્યોગ લિજ્જત પાપડ’ મહિલાઓ દ્વારા, મહિલાઓ માટે કાર્યરત મહિલાઓની સંસ્થાની ૬૧મી વાર્ષિક સર્વસાધારણ સભા તા. ૩૦-૯-૨૬ના રોજ મુંબઇના ષણ્મુખાનંદ હોલમાં ગણમાન્ય મહેમાનો તથા સમગ્ર દેશમાંથી લિજ્જત સંસ્થાની વિવિધ શાખા-વિભાગોમાંથી ઉપસ્થિત થયેલી હજારો પ્રતિનિધિ બહેનોની ઉપસ્થિતિમાં યોજાઇ હતી. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય, ભારત સરકાર હેઠળ કાર્યરત ખાદી અને ગ્રામોદ્યોગ આયોગનાં મા. અધ્યક્ષ મનોજ ગોયલજી, વિશેષ અતિથિ તરીકે ટિસર આર્ટિઝન્સ ટ્રસ્ટનાં સંસ્થાપક અને વ્યવસ્થાપક ટ્રસ્ટી ડૉ. મેઘા ફણસલકર, આયોગનાં નાણાકીય સલાહકાર જે. સરવણન (IRS), મહારાષ્ટ્ર રાજ્ય નિદેશક યોગેશ ભામરે, સ્ટૅટ્યુટરી ઑડિટર પરેશ ડૉક્ટર તથા અન્યો હાજર હતા.



આ પ્રસંગે મનોજ ગોયલજીએ સંસ્થાના કાર્ય તથા નારી શક્તિની પ્રશંસા કરતાં પોતાના સંબોધનમાં જણાવ્યું ‘લિજ્જત પાપડને આત્મનિર્ભર ભારતનું પ્રતીક બનાવનારી સંસ્થાની તમામ બહેનોને હું હૃદયપૂર્વક નમન કરું છું. હું જયાં પણ જાઉં છું, ત્યાં સૌને એ જ કહું છું કે, જો કોઇને આત્મનિર્ભર ભારતની ગાથા શીખવી હોય, સમજવી હોય, તો તેમણે લિજ્જતની બહેનો પાસેથી શીખવું જોઇએ, લિજ્જત જેવી સંસ્થા કે. વી. આય. સી. સાથે જોડાયેલી છે, જે ભારતનું ગૌરવ છે, તે આયોગ માટે સૌભાગ્યની વાત છે. ખાસ કરીને ભારતના માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીનાં ‘સ્વદેશી અને આત્મનિર્ભર ભારત’ના વિઝન તથા ‘વિકસિત ભારત’નાં સંકલ્પને સાકાર કરવામાં ‘લિજ્જત’નું નામ આવવું સ્વાભાવિક છે. ■

# નાઈકીના શૅરમાં ૮.૫ ટકાનો કડાકો: ૨૩૦ બિલ્યન ડૉલરનું ધોવાણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આવકમાં ઘટાડાની આગાહી બાદ નાઇકીના શેરમાં ૮.૫ ટકાનો જોરદાર કડાકો બોલાઈ ગયો છે. ચીનમાં થયેલા વેચાણના ઘટાડા સાથે એકંદર સ્પોર્ટસવેર અને જોર્ડન બ્રાન્ડ્સમાં પણ કંપનીનું વેચાણ ઘટ્યું છે. કંપની ૨.૫ બિલિયન ડોલરનો ખર્ચ બચાવવા અને નોકરીઓમાં કાપ મૂકવાની યોજના ધરાવે છે. નાઇકીના શેર ગુરુવારના સત્રમાં ૮.૫ ટકા તૂટી ગયા છે, જેના કારણે આ સ્પોર્ટ્સવેર જાયન્ટના બજાર મૂલ્યમાંથી અબજો ડોલરનું ધોવાણ થયું છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૭ માટે તેની આવકમાં ઘટાડાની આગાહી કરી હતી અને ૨.૫ બિલિયન ડોલરની ખર્ચ-બચત યોજનાના ભાગરૂપે નોકરીઓમાં કાપ મૂકવાની જાહેરાત કરી હોવાથી આ કડાકો બોલાયો છે. આ વર્ષે શેરમાં પહેલેથી જ ૪૦ ટકાથી વધુ ધોવાણ નોંધાઈ ચૂક્યું છે, સીઇઓ એલિયટ હિલના નેતૃત્વમાં કંપની ખૂબ જ કપરા સમયમાંથી પસાર થઈ રહી છે અને આગળનો સમય પણ મુશ્કેલીભર્યો જણાઈ રહ્યો છે. નાઇકીના અપેક્ષા કરતાં નબળા ત્રિમાસિક પરિણામો અને નિરાશાજનક દૃષ્ટિકોણને કારણે વેચાણમાં ઘટાડો થયો છે. ચીનમાં વેચાણમાં ઘટાડોથવા સાથે કંપનીના સ્પોર્ટ્સવેર અને જોર્ડન વ્યવસાયોમાં નબળાઈ અને કન્વર્ઝ આવકમાં સતત ૧૪મા ક્વાર્ટરમાં ઘટાડો થવાને કારણે ટર્નઅરાઉન્ડ પર દબાણમાં ઉમેરો થયો છે. ૩૧ ઓગસ્ટના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં નાઇકે ૧૧.૨ બિલિયન ડોલરની આવક નોંધાવી હતી, જે એક વર્ષ અગાઉના કરતા ચાર ટકા ઓછી અને વિશ્લેષકોની અપેક્ષાઓ કરતાં ઘણી ઓછી છે.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે અમદાવાદ**

**(સર્વેક્ષણ અને નિર્માણ) સ્ટાફ ક્વાર્ટર્સ, રેસ્ટ હાઉસ તથા અન્ય સ્ટ્રક્ચરનું નિર્માણ**

**ઈ-ટેન્ડર નં.: DyCE-C-BHUJ-NL-01** નાયબ મુખ્ય ઈજનેર (નિર્માણ), અમદાવાદ, ભારત સંઘના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે નીચેના કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે: **1. કામનું નામ:** પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડલ હેઠળ દેશલપર હાજીપીર લુણા અને વયોર લખપત વચ્ચેની નવી BG લાઈનના સંદર્ભમાં સ્ટાફ ક્વાર્ટર્સ, રેસ્ટ હાઉસ તથા અન્ય સ્ટ્રક્ચરનું નિર્માણ. **2. કામની અંદાજિત કિંમત:** રૂ. 69,72,72,590.23 **3. બિડ સિક્યુરિટી:** રૂ. 1,39,45,500.00 **4. ટેન્ડરનો પ્રકાર:** બે પેકેટ સિસ્ટમ **કામ પૂર્ણ કરવાની અવધિ:** 24 મહિના (ચોમાસાના સમયગાળા સહિત). **5. ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય:** 22/10/2026 ના રોજ 15:00 કલાકે. **ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 22/10/2026 ના રોજ 15:00 કલાક પછી કોઈપણ સમયે. **વેબસાઇટની વિગતો, ટેન્ડરની સંપૂર્ણ માહિતી જોઈ શકાય તેવા નોટિસ બોર્ડનું સ્થળ તથા કચેરીનું સરનામું:** પાત્રતા માપદંડ સહિત ટેન્ડરની સંપૂર્ણ વિગતો પશ્ચિમ રેલવેની વેબસાઈટ **www.ireps.gov.in** પર ઉપલબ્ધ છે. **કચેરીનું સરનામું:** નાયબ મુખ્ય ઈજનેર (નિર્માણ), ભુજ, નિર્માણ ભવન, પ્રથમ માળ, GCS હોસ્પિટલની સામે, નરોડા રોડ, DRM કચેરી પાસે, અમદાવાદ - 382345. કોઈપણ સ્પષ્ટતા માટે ફર્મ કામકાજના સમય દરમિયાન ઉપરોક્ત કચેરીમાં રૂબરૂ સંપર્ક કરી શકે છે અથવા કચેરીના મોબાઈલ નંબર 9724093262 પર સંપર્ક કરી શકે છે.

CPM 076

અમને લાઇક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલવે**

**મુંબઈ ડીવીજન પર “ઓલ વ્હીકલ પે એન્ડ પાર્ક”નું સંચાલન**

ડીવીજનલ રેલવે મેનેજર, કોમર્સીયલ ડીપાર્ટ. પાર્કિંગ સેક્શન, મું. સેન્ટ્રલ, મુંબઈ-૮.

| ઓક્શન કેટલોગ નં.: BCT-PKG-૨૬૨૭-૨૦ | બારડી- બીડ વેલ્યુના ૧૦% |
|---|---|
| ઈ-ઓક્શનની તા. : ૮/૧૦/૨૬ | ઈ-ઓક્શનનો સમય- ૧૫ ક. |

| અ. નં. | સ્ટેશન | સ્થાન | એરિયા (ચો.મી.) | ઈ-ઓક્શનની તા. |
|---|---|---|---|---|
| ૧ | બોરીવલી | પશ્ચિમ | ૨૧૧.૭૫ | ૮-૧૦-૨૬ |

| ઓક્શન કેટલોગ નં.: BCT-PKG-૨૬૨૭-૨૧ | બારડી- બીડ વેલ્યુના ૧૦% |
|---|---|
| ઈ-ઓક્શનની તા. : ૧૩/૧૦/૨૬ | ઈ-ઓક્શનનો સમય- ૧૫ ક. |

| અ. નં. | સ્ટેશન | સ્થાન | એરિયા (ચો.મી.) | ઈ-ઓક્શનની તા. |
|---|---|---|---|---|
| ૧ | ગોરેગામ | પૂર્વ | ૩૩૬.૬૬ | ૧૩-૧૦-૨૬ |
| ૨ | વ્યારા | દક્ષિણ | ૯૩૫.૪૨ | ૧૩-૧૦-૨૬ |
| ૩ | દહાણૂ રોડ | ઉત્તરપૂર્વ | ૫૩૮ | ૧૩-૧૦-૨૬ |

નોંધઃ- વધુ વિગતો માટે ભાવિ બીડરોને વિનંતી કે IREPS વેબસાઈટ www.ireps.gov.in પર ઈ-ઓક્શન લીઝીંગ મોડ્યુલની મુલાકાત લે. સાઈટ્સ અંગેની માહિતી ઉપર દર્શાવેલ કેટલોગમાં લોટ વિગતોમાં ઉપલબ્ધ છે. 0656

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: X.com/WesternRly


## દેશ-વિદેશ

# મતદારયાદીમાંથી બાકાત રહેલા લોકો માટે ખાસ અભિયાન શરૂ

નવી દિલ્હી: દેશમાં મતદારયાદી પ્રક્રિયા (સ્પેશ્યલ ઇન્ટેન્સિવ રિવિઝન - ‘સર’) દરમિયાન બાકાત રહી ગયેલા મતદારો અને નવા યુવાન મતદારોનો મતદારયાદીમાં સમાવેશ કરવા માટે ખાસ અભિયાન તાત્કાલિક શરૂ કરવાનો ચૂંટણી પંચે રાજ્યસ્તરના ચૂંટણી અધિકારીઓને આદેશ આપ્યો હતો.

ચૂંટણી પંચે રાજ્યોના ચૂંટણી અધિકારીઓ સાથે ગુરુવારે વર્ચ્યુઅલ બેઠક યોજી હતી અને તે દરમિયાન સંબંધિત આદેશ અપાયો હતો.

બૂથ લૅવલ ઑફિસર્સને અગાઉની મતદારયાદીને હાલની નવી મતદારયાદી સાથે સરખાવીને કાર્યવાહી કરવા સૂચના અપાઇ હતી.

બૂથ લૅવલ ઑફિસર્સ મતદારયાદીમાં જેઓનો સમાવેશ થવાનો રહી ગયો હોય, તેવા મતદારોની હવે ઘેર ઘેર જઇને તપાસ કરશે. આ ઉપરાંત, બૂથ લૅવલ ઑફિસર્સ નવા મતદારો અને મતદારયાદીમાં સમાવવાના રહી ગયેલા લોકોની અરજીના ‘ફૉર્મ સિક્સ’ ભેગા કરશે અને આ નવી યાદી સીધી રાજકીય પક્ષોના બૂથ લૅવલ એજન્ટ્સને મોકલાશે કે જેથી પારદર્શકતા જળવાઇ રહે.

દેશના નવ રાજ્ય અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશમાં મતદારયાદી સુધારણાની પ્રક્રિયા બાદ અંદાજે ૧૦.૨ ટકા મતદારના નામ નીકળી ગયા હોવાનું માલૂમ પડ્યું હતું. (એજન્સી)

# પંજાબ સરહદે બે પાકિસ્તાની ઘૂસણખોર ઠાર

તરનતારન (પંજાબ): ભારતની સરહદે દેશની સુરક્ષા માટે તહેનાત સીમા સુરક્ષા દળ (બીએસએફ)ના જવાનો દ્વારા બે પાકિસ્તાનીને ઠાર મારવામાં આવ્યા હતા. ભારતીય સીમા પર ગેરકાયદે પ્રવેશ કરવાનો પ્રયત્નો કરી રહ્યાં હતા ત્યારે બૉર્ડર સિક્યોરિટી ફોર્સ (બીએસએફ) દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. જોકે, આ બંને ઘૂસણખોર પાસેથી શું મળી આવ્યું તે અંગે અધિકારીઓ દ્વારા હજી કોઈ જાણકારી આપવામા નથી આવી. પંજાબની સરહદ પર ગુરુવારે મધરાતે આ ઘટના બની હતી.

મળતી વિગતો પ્રમાણે આ ઘટના પંજાબની સીમા પર આવેલા તરનતારન વિસ્તારના રાજોકે ખાતે બની હતી. ગત રાત્રે સરહદ પર ભારતીય સેના પેટ્રોલિંગ કરી રહી હતી.

આ દરમિયાન ભારતીય જવાનોએ સીમા પાર મોટી હિલચાલ જોવા મળી હતી. ત્રણ પાકિસ્તાનીઓ અહીંથી ભારતમાં આવવાનો પ્રયત્ન કરી રહ્યાં હતાં. જો કે, બીએસએફના જવાનોને જાણ થતા તેમને ઠાર માર્યાં હતાં.

સુરક્ષાનાં કારણોસર તહેનાત જવાનોએ થર્મલ ઇમેજિંગ અને દૂરબીનનો ઉપયોગ કરીને શંકાસ્પદ વ્યક્તિઓની હિલચાલ પર નજર રાખી હતી. જોકે, તેઓ ત્યાં સુધીમાં ભારતીય સરહદમાં પ્રવેશી ચૂક્યા હતા. જેથી ભારતીય સેનાએ આ લોકોને પાછા જવા માટે ચેતવણી આપી હતી, પરંતુ આ ઘૂસણખોરો પાછા જવાની જગ્યાએ છુપાવાનો પ્રયત્ન કરી રહ્યાં હતાં. વારંવાર ચેતવણી આપવા છતાં પણ તેઓ પાછા ના ગયા જેથી જવાનોએ ફાયરિંગ શરૂ કરી દીધું હતું. જેમાં બે ઘૂસણખોરોને ઠાર કરવામાં આવ્યાં હતાં.

આ ઘૂસણખોરો તસ્કરો હતા, જેઓ ભારતીય સરહદની પેલે પાર માલની ખેપ પહોંચાડવાના ઉદ્દેશ્યથી આવ્યા હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. જો કે, આ ઘૂસણખોરો પાસેથી શું મળી આવ્યું તે અંગે કોઈ વિગતો જાહેર કરવામાં આવી નથી. આ ઘટના બાદ આસપાસના વિસ્તારને સીલ કરી દેવામાં આવ્યો છે અને બીએસએફ દ્વારા સમગ્ર વિસ્તારમાં તપાસ પણ શરૂ કરી દેવામાં આવી છે.

# ફ્લાયદુબઈની ઘટના યુદ્ધ શરૂ કરાવવા માટેનું ઈઝરાયલ અને યુએઈનું કાવતરું: ઈરાનનો આક્ષેપ

તહેરાન: દુબઇથી તેલ અવીવ જઈ રહેલી ફ્લાયદુબઇ ફ્લાઇટના કોકપિટમાં પાઇલટ પર થયેલા હુમલાની ઘટનામાં હવે નવો વળાંક આવ્યો છે. ઇરાને આ સમગ્ર ઘટનાક્રમને ઇઝરાયલ અને યુનાઇટેડ અરબ અમીરાતની મિલિભગત ગણાવી છે.આ સાથે તહેરાનનો દાવો છે કે વિમાનમાં સર્જાયેલી ઘટના એ ઇઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુ અને યુએઈના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ-નાહ્યાન દ્વારા રચવામાં આવેલું એક ‘ફોલ્સ ફ્લેગ ઓપરેશન’ હતું. તહેરાન દ્વારા કરવામાં આવેલો આ આક્ષેપ ખૂબ જ ગંભીર છે. ઇરાનના સરકારી મીડિયાના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે, આ બનાવટી ઘટના પાછળનો મુખ્ય હેતુ નેતન્યાહુની નબળી પડી રહેલી રાજકીય સ્થિતિને મજબૂત કરવાનો અને ઈરાન સામે ફરીથી લશ્કરી સંઘર્ષ શરૂ કરવા માટેનું બહાનું શોધવાનો છે.અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે, આ ઘટનાના ચોક્કસ એક દિવસ પહેલા નેતન્યાહુએ અબુ ધાબીની ગુપ્ત મુલાકાત લીધી હતી અને રાષ્ટ્રપતિ બિન ઝાયદ સાથે બંધબારણે બેઠક કરી હતી.

# આઈફિલ ટાવર વિવાદની તપાસ: બીએપીએસને મળી ક્લીન ચિટ

નવી દિલ્હી/પેરિસ: તાજેતરમાં પૅરિસમાં બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (બીએપીએસ) મંદિરના ઉદ્દઘાટન પ્રસંગે વિશ્વ પ્રસિદ્ધ આઇફિલ ટાવરની મુલાકાત સમયે કથિત રીતે મહિલા સ્ટાફને દૂર રાખવાની માગણી મુદ્દે ભારે વિવાદ સર્જાયો હતો. જોકે આ અંગે થયેલી તપાસમાં દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ ગયું છે. તપાસમાં બીએપીએસને ક્લીન ચિટ મળી ગઈ છે, તપાસમાં જાણવા મળ્યું છે કે બીએપીએસ તરફથી મહિલા સ્ટાફને હટાવવા જેવી કોઈ માંગ કરવામાં નહોતી આવી. આ વિવાદ ગયા મહિને શરૂ થયો હતો, જ્યારે બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાના ૧૦૦ જેટલા સંતોની આઇફિલ ટાવરની મુલાકાત દરમિયાન મહિલા સ્ટાફને ત્યાંથી હટાવી લેવામાં આવ્યા હતા. ત્યારબાદ મહિલા કર્મચારીઓએ હડતાળ પાડી દીધી હતી, જેથી આઇફિલ ટાવર એક દિવસ બંધ રહ્યો હતો. અન્ય સંસ્થાઓએ પણ હડતાળનું સમર્થન કર્યું હતું. જો કે બીએપીએસે આ અંગેના તમામ આક્ષેપોને પહેલેથી જ નકારી કાઢ્યા હતા.


MAHAVITARAN Maharashtra State Electricity Distribution Co. Ltd.

**Tender Notice**

| Tender no / Tender amount / Tender fee / Description of work | Last Date & Time to fill Tender |
|---|---|
| **Tender No: EE/MND/Tender/E-4/2026-27** Tender amount Rs 79.57 Lakhs/- Tender fee Rs 5900/- (Online) Tender for monthly work of meter reading, bill distribution & bill printing for LT consumers upto 20kW under Sarvodaya Subdivision. | 09.10.2026 Till 13:00 Hrs |

Above Tender is available on Website **www.mahadiscom.in** from 23.09.2026. Tender will be accepted online only till Date & Time mentioned above.
Contact Additional Executive Engineer Mobile No 9930269672

**Executive Engineer, Mulund.**

MAHAVITARAN Maharashtra State Electricity Distribution Co. Ltd.

**Tender Notice**

| Tender no / Tender amount / Tender fee / Description of work | Last Date & Time to fill Tender |
|---|---|
| **Tender No: EE/MND/Tender/E-5/2026-27** Tender amount Rs 49.81 Lakhs/- Tender fee Rs 5900/- (Online) Tender for monthly work of meter reading, bill distribution & bill printing for LT consumers upto 20kW under Pachrasta Subdivision. | 09.10.2026 Till 13:00 Hrs |

Above Tender is available on Website **www.mahadiscom.in** from 23.09.2026. Tender will be accepted online only till Date & Time mentioned above.
Contact Additional Executive Engineer Mobile No 9930269672

**Executive Engineer, Mulund.**

MAHAVITARAN Maharashtra State Electricity Distribution Co. Ltd.

**Tender Notice**

| Tender no / Tender amount / Tender fee / Description of work | Last Date & Time to fill Tender |
|---|---|
| **Tender No: EE/MND/Tender/E-6/2026-27** Tender amount Rs 55.16 Lakhs/- Tender fee Rs 5900/- (Online) Tender for monthly work of meter reading, bill distribution & bill printing for LT consumers upto 20kW under Neelamnagar Subdivision. | 09.10.2026 Till 13:00 Hrs |

Above Tender is available on Website **www.mahadiscom.in** from 23.09.2026. Tender will be accepted online only till Date & Time mentioned above.
Contact Additional Executive Engineer Mobile No 9930269672

**Executive Engineer, Mulund.**

## અનમોલ દૃષ્ટિ

દૃષ્ટિ સંબંધિત વિવિધ પ્રકારની ક્ષતિઓ અંગે કારણથી લઈને મારણ સુધી માહિતી પ્રદાન કરતી લેખમાળા

લેખક : પ્રકાશ શાહ

# મુંબઈમાં સુપર સ્પેશિયાલિટી કેટરેક્ટ-ગ્લુકોમા સેંટરઃ

# ધ ઈન્ટરનેશનલ આઈ-કેર સેંટર - વિઝન વિસ્ટા આઈ ક્લિનિક



ડૉ. સાયરસ મહેતાના ક્લિનિકમાં યુનિટી 4D, કેટાલિસ, એક્ટિવ સેન્ટ્રી અને ટોમી 4000 સ્પેક્યુલર માઇક્રોસ્કોપ જેવા લેટેસ્ટ મશીન દ્વારા કેટરેક્ટનું સમાધાન સાધી શકાય છે. અત્યાધુનિક લેખાતી આઇ-સ્ટેન્ટ પ્રક્રિયા દ્વારા ગણતરીની મિનિટમાં ગ્લુકોમાને નાથી શકાય છે. ચશ્માંનાં નંબર દૂર કરવા કે કોન્ટેકેટ લેન્સથી છુટકારો મેળવવા સ્માઇલ જેવી અત્યાધુનિક મશીનરીની સુવિધા પણ ઉપલબ્ધ છે. EDOF જેવા અત્યાધુનિક લેન્સના પ્રત્યાર્પણ બાદ કેટરેક્ટગ્રસ્ત પાંપણના પલકારામાં સતેજ દૃષ્ટિ કેળવી શકે છે

મુંબઇનિવાસી ગુંજનબહેનનો એકમાત્ર દીકરો ક્રિશ કેનેડામાં સેટલ થયો હતો. દામ્પત્ય જીવનમાં બેમાંથી ત્રણ થયાના થોડા સમયમાં પતિને ગુમાવનાર ગુંજનબહેને આકરી મહેનત કરીને ક્રિશને એન્જિનિયર બનાવ્યો હતો. દૃઢ મનોબળ ધરાવનાર માતાએ ક્રિશની કારકિર્દીને લક્ષમાં રાખીને કેનેડામાં સેટલ પણ થવા દીધો હતો. કેનેડાનિવાસી ગુજરાતી પરિવારની દીકરી સાથે ક્રિશના લગ્ન પણ નિર્ધારિત હતા. જે માટે સ્વાભાવિકપણે ગુંજનબહેન પણ કેનેડા જવાના હતા. સાસુ અને ત્યારબાદ દાદીમા બનવાના સ્વપ્નમાં રાચનારા ગુંજનબહેનને ટૂંક સમયથી દૃષ્ટિમાં ધૂંધળાશની પ્રતીતિ થતી હતી. પ્રાથમિક તબક્કામાં સમસ્યા પ્રત્યે આંખ મિચામણાં કર્યા, પરંતુ રસોઇ કરવા સાથે મનપસંદ સિરિયલ જોવા કે નવલકથા વગેરે વાંચવામાં પણ તકલીફ થઇ ત્યારે ઓફથેલ્મોલોજિસ્ટનો કોન્ટેક્ટ કર્યો. પરીક્ષણમાં ગુંજનબહેનની બંને આંખમાં હાર્ડ-કેટરેક્ટ હોવાનું નિદાન થયું. હાર્ટ પેશન્ટ હોવાને કારણે ફેકો તરીકે ઓળખાતી ફેકોઇમલસિફિકેશન પ્રક્રિયા દ્વારા સમાધાન સાધવામાં લાંબો સમયગાળો લાગે એમ હતું. ટૂંક સમયમાં દીકરાના લગ્ન હતા. એકમાત્ર દીકરાને સગી આંખે અર્થાત સ્પષ્ટ નજરે ચોરીફેરા ફરતો જોવા માટે માતા આતુર હતી. માનસિક ગડમથલ અનુભવતા ગુંજનબહેન કંઇ વિચારે ત્યાં કેનેડાથી લગ્નની ખરીદી કરવા માટે મુંબઇ આવેલા વેવાણ (દીકરાની થનારી સાસુ-કન્યાની માતા) લપસી પડ્યા અને પગમાં ફ્રેક્ચર આવ્યું. જે કારણસર લગ્ન પણ મુલતવી રાખવામાં આવ્યા. વધુમાં વેવાણના કોઇ સગાં-સંબંધી મુંબઇમાં ન હોવાને કારણે તેમની સાર-સંભાળની તમામ જવાબદારી ગુંજનબહેનના શિરે આવી. જે હસતે મોઢે ગુંજનબહેને સ્વીકારી અને નિભાવી. વેવાણ સાજાનરવા થયા અને પુનઃ કેનેડા ગયા ત્યાર બાદ બંને પક્ષના જન્માક્ષર મુજબ નજીકના ભવિષ્યમાં યોગ્ય મુહૂર્ત આવતું નહોતું. આશરે ૧૧ મહિના બાદના સારો દિવસ અને મુહૂર્તને ધ્યાનમાં રાખીને બંને પક્ષની સંમતિથી લગ્નની તારીખ નક્કી કરવામાં આવી. જે દરમિયાન ગુંજનબહેન દૃષ્ટિ સંબંધિત ક્ષતિને તદ્દન વીસરી ગયા હતા. લગ્નની ખૂબ ઉમળકાથી નાની મોટી તમામ તૈયારી કરવા દરમિયાન દૃષ્ટિ સંબંધિત સમસ્યાને ધ્યાનમાં રાખીને ઓફથેલ્મોલોજિસ્ટનો સંપર્ક સાધ્યો ત્યારે કેટરેક્ટની સર્જરી મુલતવી રાખવાને કારણે છાને પગલે અંધાપો નોતરતી ગ્લુકોમા (ઝામર)નો પણ ભોગ બન્યા હોવાનું નિદાન થયું જે જાણીને ગુંજનબહેનના પગ નીચેથી જમીન સરકી ગઇ. દૃષ્ટિ સંબંધિત ક્ષતિને કારણે માનસિક રીતે વ્યથિત રહેનારા ગુંજનબહેનને કેટરેક્ટ-ગ્લુકોમાનું અત્યાધુનિક મશીન અને નિપુણ તબીબ દ્વારા સમાધાન સાધવા માટે સંબંધીએ આદર્શ સરનામું સૂચવ્યું. જેને ધ્યાનમાં રાખીને ગુંજનબહેને કોલાબાસ્થિત વિઝન વિસ્ટા આઇ ક્લિનિક ધ ઇન્ટરનેશનલ આઇ-કેર સેંટરની મુલાકાત લીધી. ક્લિનિકના ડિરેક્ટર ડૉ. સાયરસ મહેતા કેટરેક્ટ-ગ્લુકોમાનું સમાધાન સાધવા માટે કાબેલ, નિપુણ તથા અનુભવી હતા. ગુંજનબહેને તેમની પાસે સર્જરી કરાવવાનો નિર્ણય લીધો. જે તેમના માટે આશીર્વાદરૂપ સાબિત થયો.......નિર્ધારિત દિવસે ગુંજનબહેને કેનેડાની ફ્લાઇટ પકડી અને સગી આંખે દીકરાને વરરાજા તરીકે નીરખ્યો. કેનેડાથી પરત આવીને ગુંજનબહેને ક્લિનિકની મુલાકાત લઇને પ્રત્યક્ષપણે ડૉ. સાયરસ મહેતાનો ખૂબ ખૂબ આભાર માન્યો. વધુમાં સ્ટાફ સહિત તમામ લોકોનું કાજુ-કતરી અને મોહનથાળ દ્વારા મોં મીઠું કરાવ્યું.

મહારાષ્ટ્રના ગવર્નર તથા સ્વાસ્થ્ય પ્રધાનના વરદ હસ્તે ભારતના અગ્રણી આઇ-સર્જન તરીકેનો એવોર્ડ પ્રાપ્ત કરનાર ડૉ. સાયરસ મહેતાના જણાવ્યાનુસાર ગુંજનબહેનના કેટરેક્ટનું સમાધાન કેટરેક્ટ અત્યાધુનિક યુનિટી 4D તથા, કેટાલિસ દ્વારા દૂર કરીને અત્યાધુનિક EDOF લેન્સનું પ્રત્યાર્પણ કર્યું હતું. ગ્લુકોમાનું સમાધાન અત્યાધુનિક લેખાતી પ્રક્રિયા આઇ-સ્ટેન્ટ દ્વારા આણ્યું હતું. મુંબઇ ઉપરાંત સમગ્ર મહારાષ્ટ્રમાં કેટરેક્ટ-ગ્લુકોમાનું સમાધાન સાધવા માટે એક જ છત નીચે યુનિટી 4D, કેટાલિસ, એક્ટિવ સેન્ટ્રી, ટોમી 4000 સ્પેક્યુલર માઇક્રોસ્કોપ, નિકોનનું ઓપ્ટોસ મશીન વસાવનાર તથા મિનિમલ ઇન્વેસિવ ગ્લુકોમા સર્જરી લેખાતી આઇ-સ્ટેન્ટ ઇન્જેક્ટ પ્રક્રિયા કરનાર વિઝન વિસ્ટા આઇ ક્લિનિક ધ ઇન્ટરનેશનલ આઇ-કેર સેંટર સૌપ્રથમ આઇ ક્લિનિક બન્યું છે. જેને પરિણામે કેટરેક્ટ-ગ્લુકોમાનું નામ સાંભળતા જ દેશ-વિદેશના પેશન્ટને સુલભ-સફળ સમાધાન માટે ડૉ. સાયરસ મહેતાનું નામ સ્મરી આવે છે.

'ધ સાઇટ ગાઇડ' તથા 'સાયરસઃ એજ્યુકેશન ઓફ એન ઓફથેલ્મોલોજિસ્ટ' સહિત અનેક પુસ્તકના લેખક ડૉ. સાયરસ મહેતા વિસ્તૃતમાં માહિતી આપતાં જણાવે છે કે અત્યાધુનિક યુનિટી 4D સિસ્ટમ એક દિશામાં કામ કરવાની જગ્યાએ ચાર ડાયમેન્શનમાં કામ કરે છે. બ્લેડ-ફ્રી, ઝડપી, પીડારહિત અને સલામત છે. નવીન મશીન ઇન્સ્ટોલ કર્યાના ટૂંક સમયગાળામાં જ ડૉ. સાયરસ મહેતા યુનિટી 4D દ્વારા સેંકડો કેટરેક્ટગ્રસ્તની સફળ શસ્ત્રક્રિયા કરી ચૂક્યા છે. જેમાં ત્રણ વર્ષના બાળકથી લઇને ૯૫ વર્ષના વયોવૃદ્ધનો સમાવેશ થાય છે. હાઇ-બ્લડપ્રેશરયુક્ત, હાર્ટપેશન્ટ, ડાયાબિટીસગ્રસ્ત તથા હાર્ડ-બ્રાઉન કેટરેક્ટ દૂર કરવા માટે પણ આ આધુનિક મશીન સંપૂર્ણપણે સુરક્ષિત છે.

ઇન્ટરનેશનલ હીરો ઓફ ઇન્ડિયન ઓફથેલ્મોલોજીનો એવૉર્ડથી સન્માનિત ડૉ. સાયરસ મહેતાના જણાવ્યા મુજબ ગ્લુકોમા (ઝામર) નાની કે ટાળી શકાય એવી બીમારી નથી. જો સમયસર ઇલાજ ન કરવામાં આવ્યો તો ભવિષ્યમાં અંધાપો નોતરી શકે છે. આ કારણસર ગ્લુકોમાને છાને પગલે અંધાપો નોતરતી ક્ષતિ લેખવામાં આવે છે. વિઝન વિસ્ટા આઇ ક્લિનિક ધ ઇન્ટરનેશનલ આઇ-કેર સેંટરમાં ગ્લુકોમાના સમાધાનાર્થે ઉપયોગી સાબિત થતું આઇ-સ્ટેન્ટ ઇન્જેક્ટ પ્રક્રિયા ઉપલબ્ધ છે. જેને અંતર્ગત આંખનું પ્રેશર પાંપણના પલકારામાં અર્થાત ગણતરીની મિનિટમાં ઓછું કરી શકાય છે. વિસ્તૃતમાં માહિતી આપતાં તબીબ જણાવે છે કે આઇ-સ્ટેન્ટ ઇન્જેક્ટ વિશ્વનું સૌથી ટચૂકડું મેડિકલ ઇમ્પ્લાન્ટ છે. માઇક્રો-ઇન્વેસિવ ગ્લુકોમા સર્જરી લેખાતી કેટરેક્ટ સર્જરીની સાથે અથવા તો સ્વતંત્ર રીતે કરી શકાય છે. ગ્લુકોમામાં આંખની અંદરની ટચૂકડી ટ્યૂબ બ્લોક થઇ જાય છે. જેને પરિણામે આંખની અંદર પ્રેશરનું નિર્માણ થાય છે અને ઓપ્ટિક નર્વ પર દબાણ આણે છે. જો પ્રેશરને સમયસર કાબૂમાં લેવામાં ન આવ્યું તો વ્યક્તિ દૃષ્ટિહીન થઇ શકે છે. અગાઉ આઇ-ડ્રોપ દ્વારા સમાધાન સાધવામાં આવતું હતું. જો ટીપાં દ્વારા પ્રેશર કાબૂમાં ન આવ્યું તો સર્જરી કરવી પડતી. તે સર્જરીનો સૌથી મોટો ગેરફાયદો એ હતો કે પુષ્કળ બ્લિડિંગ થતું અને સર્જરી બાદ સુયોગ્ય દૃષ્ટિ કેળવાતી નહોતી. એની સરખામણીમાં આધુનિક આઇ-સ્ટેન્ટ પ્રક્રિયામાં આંખની આગળના ભાગ અને ડ્રેનેજના માર્ગ વચ્ચે બાયપાસ સર્જીને સમાધાન સાધવામાં આવે છે. જેને પરિણામે આંખના કુદરતી પ્રવાહીનો આઇટફ્લો રિસ્ટોર થાય છે. વધુમાં આંખનું પ્રેશર સલામત અને અસરકારક સ્તરે ઓછું કરે છે. આ પ્રક્રિયાનો સૌથી મોટો લાભ એ છે કે કોઇ આડઅસર નથી. ગ્લુકોમાની નિયમિતપણે લેવામાં આવતી દવાનું પ્રમાણ નહીંવત અથવા તો સદંતર રીતે બંધ કરે છે. એક બાબત ધ્યાનમાં લેવી કે ગ્લુકોમાના પ્રત્યેક પેશન્ટ માટે આઇ-સ્ટેન્ટ અનુરૂપ નથી. ઓફથેલ્મોલોજિસ્ટ તમારી આંખનું આવશ્યક પરીક્ષણ કર્યા પછી આઇ-સ્ટેન્ટ ઇમ્પ્લાન્ટ કરવા કે નહીં તે તારવે છે. તમામ ઓફથેલ્મોલોજિસ્ટ આ પ્રક્રિયા કરી શકતા નથી. તેને માટે સ્પેશિયલ ટ્રેનિંગ લેવી પડે છે. ડૉ. સાયરસ મહેતાએ યુરોપમાંથી તાલીમ લીધી છે. ભારતમાં આ પ્રક્રિયા કરનાર તેઓ સૌપ્રથમ ઓફથેલ્મોલોજિસ્ટ છે. હકીકતમાં ગ્લુકોમાની સારવારમાં આ ક્રાંતિ સમાન છે. ઇન્સ્યોરન્સ દ્વારા પણ માન્યતાપ્રાપ્ત છે. તબીબના મતાનુસાર ૩૦ તથા તેનાથી મોટી ઉંમરની વ્યક્તિએ દર છ મહિને ઓછામાં ઓછું એક વાર ઓફથેલ્મોલોજિસ્ટ પાસે આંખના ગ્લુકોમાનું પરીક્ષણ કરાવવું જરૂરી છે.

વિઝન વિસ્ટા આઇ ક્લિનિક ધ ઇન્ટરનેશનલ આઇ-કેર સેંટર ખાતે આંખમાં ઇમ્પ્લાન્ટ કરવામાં આવનારા લેન્સના પાવર માપવા માટે IOL માસ્ટર 700 વિથ ટોપો મશીન છે. મુંબઇમાં સૌપ્રથમ આ મશીન આણવાનું શ્રેય ડૉ. સાયરસ મહેતાના ક્લિનિકને ફાળે જાય છે. ઇમ્પ્લાન્ટ કરવામાં આવનારા લેન્સના પાવર માપવા માટે આ મશીન સમગ્ર વિશ્વમાં સર્વોત્કૃષ્ટ છે. ટૂંકમાં જટિલ સર્જરી પણ સહેલાઇથી, સરળતાપૂર્વક અને સફળતાથી કરી શકાય છે. EDOF જેવા અત્યાધુનિક લેન્સના પ્રત્યાર્પણ પછી સહેલાઇથી, સરળતાથી, સાતત્યતાપૂવેક નજીક, મધ્યમ કે દૂરના અંતરે રહેલી ચીજવસ્તુ જોઇ-પારખી અને વાંચી શકે છે. ભારતમાં સૌપ્રથમ આ પ્રકારના લેન્સનું ઇમ્પ્લાન્ટેશન કરવાનું શ્રેય ડૉ. સાયરસ મહેતાને ફાળે જાય છે.

બ્લેડ-ફ્રી મશીન દ્વારા કેટરેક્ટ દૂર કરીને અત્યાધુનિક લેન્સના પ્રત્યાર્પણ માટે તથા લેટેસ્ટ મશીન અને ટેક્નિક દ્વારા ગ્લુકોમાનું સમાધાન સાધવાનું આદર્શ સરનામુંઃ

**ધ ઈન્ટરનેશનલ આઈ-કેર સેંટર**
**-વિઝન વિસ્ટા આઈ ક્લિનિક.**



### યુનિટી 4D + કેટાલિસ + એક્ટિવ સેન્ટ્રી, + EDOF લેન્સ + આઇ-સ્ટેન્ટના પ્લસ પોઇન્ટઃ

- ★ હૃદયરોગી, હાઇ-બ્લડપ્રેશર તથા ડાયાબિટીસના રોગી માટે યુનિટી 4D ખૂબ લાભદાયક
- ★ યુનિટી 4D કોર્નિયા માટે સલામત
- ★ યુનિટી 4D હાર્ડ-બ્રાઉન કેટરેક્ટને પણ સહેલાઇથી અને સરળતાપૂર્વક કાઢી શકે
- ★ ડિજિટલ થ્રી-ડી સોમટેક માઇક્રોસ્કોપને પરિણામે આઇ-સર્જરી વધારે સચોટ, ત્રુટિરહીત અને પરિણામલક્ષી સાબિત થાય છે
- ★ ગ્લુકોમાનું સમાધાન સાધવા માટે આઇ-સ્ટેન્ટ ઇન્જેક્ટ સિસ્ટમ સર્વોત્કૃષ્ટ છે. જેને કારણે આંખનું પ્રેશર ગણતરીની મિનિટમાં ઓછું કરી શકાય છે. મોટા ભાગના કિસ્સામાં ત્યારબાદ દવા-ઔષધ વગેરે લેવાની આવશ્યકતા રહેતી નથી.
- ★ નજીક, દૂર અને મધ્યમ અંતરે રહેલી ચીજ-વસ્તુ સહેલાઇથી, સરળતાથી અને સાતત્યતાપૂર્વક જોઇ, પારખી અને વાંચી શકવા માટે EDOF લેન્સ સર્વોત્કૃષ્ટ છે
- ★ EDOF લેન્સ રિંગરહિત હોવાને પરિણામે રાત્રે દૃષ્ટિમાં ધૂંધળાશની પ્રતીતિ થતી નથી

Know Yr. Dr.



નામઃ ડૉ. સાયરસ મહેતા
માનદપદ્‌વીઃ પ્રખ્યાત ઓફ્થેલ્મોલોજિસ્ટ
એડ્રેસઃ વિઝન વિસ્ટા આઇ ક્લિનિક
ધ ઇન્ટરનેશનલ આઇ-કેર સેંટર
રામનિમી બિલ્ડિંગ, બીજે માળે, તાજમહાલ હોટેલની પાછળ, કોલાબા પોલીસ સ્ટેશનની પાછળ
કોન્ટેક્ટ નંબરઃ 98198 50971 / 81049 59459 / 81049 76013
Email: cyresmehta@yahoo.com

# 'જ્ઞાનુ રિઝાઈન'ના નારાથી હચમચી ઊઠ્યો શિવાજી પાર્ક

## સીજેપીના વિરોધમાં યુવાનોએ વિસ્તારને બાનમાં લીધો

મુંબઈઃ મહાત્મા ગાંધીની જન્મજયંતીના દિવસે મુંબઈના શિવાજી પાર્કમાં કોક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના આંદોલન દરમિયાન મોટી સંખ્યામાં યુવાનો એકઠા થયા હતા. ભારે ગરમી અને પોલીસ બેરિકેડ મૂકવા છતાં પ્રદર્શનકારીઓએ ચૂંટણી પંચના મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી) જ્ઞાનેશકુમાર (જ્ઞાનુ)ના રાજીનામાની માંગ સાથે જોરદાર સૂત્રોચ્ચાર કર્યા હતા. હાથમાં તિરંગા, પ્લેકાર્ડ અને વ્યંગાત્મક મીમ્સ સાથે

(જુઓ પાનું ૪) ▶▶

### પરવાનગી વિના આંદોલન કરતા સ્થાનિકો લાલઘૂમ

સ્થાનિકોનું કહેવું છે કે પોલીસે અહીંયા આંદોલન માટે પરવાનગી આપી નથી છતાં આંદોલન કરવામાં આવે છે, લોકોએ પોલીસને વિસ્તારમાં શાંતિ વ્યવસ્થા જાળવવા માટે અપીલ કરી હતી. બીજી તરફ મુંબઈ બાદ સીજેપીએ અન્ય શહેરોમાં આંદોલન કરવાની જાહેરાત કરી છે. મુંબઈ બાદ ગોવા, કોલકાત્તા, પટના, ઉત્તર પ્રદેશ અને બેંગ્લુરુમાં પણ પ્રદર્શન કરવાની વાત કરી હતી.■

### લાતુરમાં વિદ્યાર્થીઓનું વિરોધ પ્રદર્શન

લાતુરઃ કોક્રોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજિત દીપકે 'નીટ' પરીક્ષાના પેપર લીકની લડાઈને અધવચ્ચે છોડીને અન્ય મુદ્દાઓ પર આગળ વધી જવા બદલ શુક્રવારે લાતુરમાં વિદ્યાર્થીઓના એક જૂથે તેમની વિરુદ્ધ વિરોધ પ્રદર્શન કર્યું હતું. જંતર મંતર ખાતે સીજેપીના આંદોલનને પરિણામે ૨૫ જુલાઈએ

(જુઓ પાનું ૪) ▶▶

### પાલઘરના વકીલો સીજેપીના સમર્થનમાં

મુંબઈઃ મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના એક વકીલ સંગઠને કોક્રોચ જનતા પાર્ટીના સમર્થનમાં આગળ આવીને જણાવ્યું હતું કે, જો આ નવા ઊભરેલા જૂથના

(જુઓ પાનું ૪) ▶▶

### વોટર લિસ્ટમાંથી નામ ગાયબ થવા પર અભિનેત્રી શબાના આઝમીએ ઉઠાવ્યા સવાલ

મુંબઈઃ દેશના મોટા અને મહત્ત્વના મુદ્દાઓ પર હંમેશાં બેબાક રીતે પોતનો મત વ્યક્ત કરનારા સિનિયર એક્ટ્રેસ શબાના આઝમી એ એસઆઈઆરને લઈ પોતાનું નિવેદન આપ્યું છે. આ વખતે તે પોતાના નિવેદનને લઈ ચર્ચામાં છે. ચૂંટણી પંચની એસઆઈઆરની પ્રક્રિયા બાદ મતદાર યાદીમાંથી મતદાતાઓના નામ ગાયબ થયા બાદ શબાના આઝમીએ મૌન તોડ્યું

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈગરાને ઑક્ટોબર હીટનો અનુભવ

## કોલાબામાં તાપમાનનો પારો ૩૭.૪ ડિગ્રીઃ છેલ્લા એક દાયકાનું સૌથી વધુ તાપમાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં ઑક્ટોબર મહિનાની શરૂઆત જ કાળઝાળ ગરમીથી થઈ છે. ઑક્ટોબર મહિનાના બીજા દિવસે જ મુંબઈગરાએ આકરી ગરમી અને વાતાવરણમાં ગરમ પવનોનો અનુભવ કર્યો હતો. દિવસ દરમ્યાન કોલાબામાં મહત્તમ તાપમાન ૩૭.૪ ડિગ્રી નોંધાયું હતું. જે સામાન્ય કરતા ૫.૬ ડિગ્રી વધારે હતું. તેમ જ છેલ્લા એક દાયકામાં નોંધાયેલું સૌથી વધુ તાપમાન પણ રહ્યું હતું.

મુંબઈમાં સત્તાવાર રીતે ચોમાસાની વિદાય આગામી અઠવાડિયામાં થવાની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે ત્યારે વરસાદની ગેરહાજરીમાં મુંબઈગરા છેલ્લા અનેક દિવસોથી ગરમી અને ઉકળાટનો અનુભવ કરી રહ્યા છે તેમાં શુક્રવારે કોલાબામાં તાપમાનનો પારો ૩૭.૪ ડિગ્રી જેટલો ઊંચો નોંધાયો હતો, જે છેલ્લા એક દાયકાનું સૌથી ઊંચુ તાપમાન રહ્યું હતું. આ અગાઉ કોલાબામાં ૨૦૧૩ની સાલમાં ઑક્ટોબરમાં આટલું ઊંચું તાપમાન નોંધાયું હતું. કોલાબા વેધશાળા ખાતે ઑક્ટોબર

(જુઓ પાનું ૪) ▶▶

**કોલાબામાં નોંધાયેલું ઊંચું તાપમાન**

| | |
|---|---|
| ૨૦૨૫: | ૩૫.૮ ડિગ્રી સેલ્સિયસ (૧૬) |
| ૨૦૨૪: | ૩૪.૯ ડિગ્રી સેલ્સિયસ (૨૫) |
| ૨૦૨૩: | ૩૫.૭ ડિગ્રી સેલ્સિયસ (૨૯) |
| ૨૦૨૨: | ૩૪.૫ ડિગ્રી સેલ્સિયસ (૩૧) |
| ૨૦૨૧: | ૩૪.૪ ડિગ્રી સેલ્સિયસ (૧૬) |
| ૨૦૨૦: | ૩૪.૬ ડિગ્રી સેલ્સિયસ (૧૦) |
| ૨૦૧૯: | ૩૬.૪ ડિગ્રી સેલ્સિયસ (૧૬) |
| ૨૦૧૮: | ૩૭.૨ ડિગ્રી સેલ્સિયસ (૩૦) |
| ૨૦૧૭: | ૩૬.૩ ડિગ્રી સેલ્સિયસ (૨૭) |
| ૨૦૧૬: | ૩૫.૨ ડિગ્રી સેલ્સિયસ (૨૮) |
| ૨૦૧૫: | ૩૬.૨ ડિગ્રી સેલ્સિયસ (૨૨) |
| ૨૦૧૪: | ૩૭ ડિગ્રી સેલ્સિયસ (૧૭) |
| ૨૦૧૩: | ૩૬.૨ ડિગ્રી સેલ્સિયસ (૨૦) |

# મીઠી નદીમાંથી ગાળ કાઢવાનું કરોડો રૂપિયાનું કૌભાંડ અભિનેતા ડિનો મોરિયાની છ કલાક પૂછપરછ



(અમય ખરાડે)

મુંબઈઃ મીઠી નદીમાંથી ગાળ કાઢવાના ૬૫ કરોડ રૂપિયાથી વધુના કૌભાંડની તપાસ કરી રહેલી મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખાએ શુક્રવારે અભિનેતા ડિનો મોરિયાની લગભગ છ કલાક સુધી પૂછપરછ કરીને તેનું નિવેદન નોંધ્યું હતું. ડિનો મોરિયાને પૂછપરછ માટે હાજર થવા સમન્સ પાઠવવામાં આવ્યા હતા, જેને પગલે તે શુક્રવારે મુંબઈ આર્થિક ગુના શાખાના અધિકારીઓ સમક્ષ હાજર થયો હતો.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે કેસની તપાસ દરમિયાન મળેલી કેટલીક કડીઓના આધારે તેની પૂછપરછ કરવામાં આવી હતી અને સાંજેના તેને જવા દેવાયો હતો. જરૂર પડ્યે તેને પૂછપરછ માટે ફરી બોલાવવામાં આવી શકે છે.મીઠી નદીમાંથી

(જુઓ પાનું ૪) ▶▶






# અમરાવતીમાં માઈભક્તો માટે આઘાતજનક ઘટના દેવીની મૂર્તિ લઈ જતા પિકઅપ વાહન સાથે ટ્રક ભટકાતાં સાતનાં મોતઃ ૧૭ જખમી

## અકસ્માતને પગલે ખંડિત થયેલી મૂર્તિનું વિસર્જન કરાયું



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગણપતિના આગમન વખતે બાપ્પાની મૂર્તિ ખંડિત થવાની અનેક ઘટનાઓ સામે આવ્યા પછી હવે નવરાત્રોત્સવ પૂર્વે માતાના ભક્તોને આઘાત લાગે એવો બનાવ અમરાવતીમાં સમૃદ્ધિ મહામાર્ગ પર બન્યો હતો. દેવીની મૂર્તિ લઈ જતા પિકઅપ વાહન સાથે પાછળથી આવેલી ટ્રક ટકરાતાં સર્જાયેલા ભીષણ અકસ્માતમાં સાત જણે જીવ ગુમાવ્યા હતા, જ્યારે ૧૭ જખમી થયા હતા. અકસ્માતને પગલે ખંડિત થયેલી પ્રતિમાનું વિસર્જન કરવું પડ્યું હતું.

અમરાવતી ગ્રામીણના મંગરુળ દસ્તગીર પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ એપીઆઈ સંજય આત્રામે 'મુંબઈ

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.